Drup

વર્ષ ૪૦ : મે, ૧૯૮૮ અંક ૫

પરબ

તંત્રી
ભોળાભાઈ પટેલ

સંપાદક
રમેશ ર. દવે

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક લા. સ્વાધ્યાયમંદિર

પરબ સંવર્ધક શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી અજાલાલ હરજીવનદાસ પટેલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, શેરથા.

પરબ દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે પરિષદના સભ્યનું વાર્ષિક લવાજમ પરબ સાથે રૂ ૧૦૦/ (સંસ્થાઓ માટે રૂ ૧૫૦/) છે વર્ષમાં ગમે ત્યારે સભ્ય થઈ શકાય છે પરંતુ અધવચ્ચે વાર્ષિક સભ્ય થનારનું લવાજમ ડિસેમ્બર અંતે પૂરું થયેલું ગણાશે. આજીવન સભ્ય ફી રૂ ૧૦૦૦/ (વિદેશમાં પા. ૭૦/ અથવા ડૉ. ૧૨૦/ છે જમને માત્ર પરબ જ મેળવવું હોય તેમને માટે વાર્ષિક લવાજમ રૂ ૮૦/ છે રકમ મ.ઓ. યા ડ્રાફ્ટથી મોકલવા વિનતી.

ISSN 0250-9747 પરબ છૂટક કિં રૂ ૨૦/

પત્રવ્યવહારનું સરનામું ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ) નોવર્ધનભવન, આશ્રમમાર્ગ, સ્ટાઈમ્સ પાછળ નદીકિનારે, પો.બો. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯. ફોન ૬૫૮૭૯૪૭

મુદ્રક ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક માધવ રામાનુજ (પ્રકાશનમંત્રી) ધનભવન, આશ્રમમાર્ગ, સ્ટાઈમ્સ પાછળ નદીકિનારે, અમદાવાદ ૩૮૦ ૦૦૯. * મુદ્રણસ્થાન – જુમ્મા મસ્જિદ સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ / ૫૩૫૮૬૬

વિવેચકની પ્રતિષ્ઠા

ઈ.સ. ૧૮૯૯ જુલાઈની ચોથી તારીખે જન્મેલા (અવસાન ૧૦-૧૧ ૧૯૮૧) આપણા સુપ્રસિદ્ધ વિવેચક રણછોડલાલ ત્રિવેદીની જન્મશતાબ્દીનું આ વર્ષ છે

સાહિત્યકારોમાં કવિઓ, નાટકકારો, નવલકથાકારોનાં બાવલાં તો સંસ્કારપ્રેમી પ્રજાઓમાં જોવા મળે છે પણ કોઈ વિવેચકનું બાવલું કદી જોવા મળતું નથી, એમ કહેવાય છે પરંતુ વિષ્ણુપ્રસાદ આપણા એવા ગણ્યમાન્ય વિવેચક છે કે તેમની કેટમંડિત પ્રતિમા, કંઈ નહિ તો સુરત શહેર તો અવશ્ય સ્થાપિત કરી શકે ઉમરેઠ ગામના વિષ્ણુભાઈ ૧૮૨૧માં ૨૩ વર્ષની વયે અંગ્રેજી અને સંસ્કૃતના અધ્યાપક તરીકે સુરતમાં આવીને વસ્યા તે પછી પોતાના સુદીર્ઘ આયુષ્યનાં શેષ ૭૦ વર્ષ સુરતને સમર્પી સાચા અર્થમાં સુરતવાસી બની ગયા. ત્યાંના સાહિત્યિક-સાંસ્કૃતિક વર્તુળમાં તો તે લગભગ દેવપ્રતિમ. સુરતનું એ તીર્થ હતા. કોઈપણ સાહિત્યિકાર સુરત જાય અને 'મૈત્રી નિવાસમાં વિષ્ણુભાઈને મળ્યા વિના આવે તો એનો ફેરો ફોગટ ગણાય.

વિષ્ણુભાઈએ આખું જીવન સાહિત્યનાં શિક્ષણ અને સ્વાધ્યાયને સમર્પી દીધું હતું. અંગ્રેજી અને સંસ્કૃતના મૂળે તો વિદ્યાર્થી અને પછી અધ્યાપક પરંતુ ૨૫મે વર્ષે સરસ્વતીચંદ્ર વિશે લેખ લખી ગુજરાતી વિવેચનક્ષેત્રે પ્રવેશ કર્યો તે જીવનના અંત લગી અતદ્રૂપણે આપણા વિવેચનસાહિત્યને સમૃદ્ધ કરતા રહ્યા.

એ સારું હતું કે એક બાજુ વિશ્વસાહિત્યની બારી ઉઘાડી આપતા અંગ્રેજીના અને બીજી બાજુ વ્યાસ-વાલ્મીકિ-કાલિદાસની ભારતીય સાહિત્યિક પરંપરાની ભાષા સંસ્કૃતના પરિશીલનથી એમની સાહિત્યિક દૃષ્ટિ ઘડાઈ હતી. ગુજરાતીમાં સારા વિવેચક થવા માટે એમનો આદર્શ સામે રાખવા જેવો છે

વિવેચક વિષ્ણુપ્રસાદનો પહેલો લેખ સરસ્વતીચંદ્ર વિશે હોય એ પણ દ્યોતક છે એમણે અવશ્ય પછી, એક માત્ર 'ગુજરાતનો નાથ' નવલકથાને બાદ કરતાં નવલકથાનું વિવેચન ભાગ્યે જ કર્યું છે પણ આજીવન તે ગો.મા.ત્રિ.ના અભ્યાસી બની રહેલા. ૧૮૬૩માં તેમની પરિપક્વ પર્યેષણાના પરિપાક રૂપે પછી 'ગોવર્ધનરામ ચિંતક અને સર્જક' ગ્રંથ મળે છે જે આમ તો ગુજરાત યુનિવર્સિટીમાં ગો.મા.ત્રિ. વ્યાખ્યાનમાળામાં ૧૮૬૦માં આપેલાં વ્યાખ્યાનો છે એ વ્યાખ્યાનો, જેના અધ્યક્ષ ઉમાશંકર જોશી હતા, તે ભાષાસાહિત્ય ભવનના સભાખંડમાં અપાયેલાં અને એમાં હાજર રહેવાનું સદ્‌ભાગ્ય અનેકોની જેમ મને મળેલું. વિષ્ણુભાઈ વ્યાખ્યાનની શરૂઆતમાં થોડું બોલે પછી એમના હમવતન અને શિષ્યપ્રવર યશવંત શુક્લ એમના ધાતુઘન અવાજમાં એ વ્યાખ્યાનો વાંચતા. આ દૃશ્ય ઘણાને યાદ આવશે.

વિષ્ણુપ્રસાદે વિવેચન અલબત્ત, ૧૮૨૪માં શરૂ કર્યું પણ તેમનો પહેલો વિવેચનસંગ્રહ 'વિવેચના' (૧૮૩૮) તો છેક તેમની ચાલીશ વર્ષની વયે મળે છે એને બીજે જ વર્ષે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા ના પરિપાક રૂપે 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય' પુસ્તક મળે છે ૧૮૬૧માં ષષ્ટીપૂર્તિ અભિનંદન અર્થે પ્રગટ થતા 'ઉપાયન' ગ્રંથમા અગાઉનાં ગ્રંથસ્થ વિવેચનો ઉપરાંત થોડા નવા લેખો સંગૃહીત છે એ પછી વળી, છેક ૧૯૭૯માં

નામ મુકાય છે પણ પછી એ વ્યક્તિ એ-નામે જ ઓળખાય છે) એ વિપુલ કથાસાહિત્યનું સર્જન કર્યું છે મલયાલમમા તેમની લગભગ ૫૦૦ વાર્તાઓ અને ૩૭ નવલકથાઓ પ્રગટ થઈ છે તે ઉપરાંત સ્મૃતિચિત્રો કે ભ્રમણવૃત્તોનાં પુસ્તકો તો જુદાં

તકળીએ પોતાની નવલકથાઓમાં સામાજિક વાસ્તવનું આલેખન કર્યું છે એટલું જ નહિ, દલિતસમાજ વિશે પણ લખ્યું છે તેમની પહેલી મહત્ત્વની નવલકથા હતી 'તોટ્ટિયુડે મકન – ભંગીનો દીકરો. જે ભંગીજીવન પોતાને ગુજારવું પડ્યું તે પોતાના પુત્રને ન ગુજારવું પડે તે માટે કથાનાયક ધૂરન પોતાના પુત્રને એવી રીતે ઉછેરવા મથે છે કે તેને ખબર ન પડે કે તે ભંગીનો દીકરો છે તેમાં અંતે તો તેની દુર્દશા જ થાય છે

'રંટિ ટ્સૂથી (બે પાલી ડાંગર)માં ચરયા અને જુલયા નામે ઓળખાતા ભૂમિહીન ખેતમજૂરોની જમીનદારો સાથેના સંઘર્ષની વાત છે સમય આઝાદીના વર્ષની આસપાસનો છે કેરળના એક ભૂભાગની આ કથા ભારતના બધા ભૂભાગોને લાગુ પડે એવી છે ખેતમજૂરોના સામાજિક-આર્થિક પ્રશ્નોની સાથે તકવાદી રાજકારણીઓ અને વટાણ પ્રવૃત્તિ કરતા મિશનરીઓ પર લેખકે ચોટી આંખ બતાવી છે એક ક્ષેમળ પ્રેમકથા તો તેમા વણાયેલી છે નવલકથા છેવટે એડે એની જમીન એવા પ્રચારાત્મક સૂત્રોચ્ચાર સાથે પૂરી થાય છે

ચેમ્મીનનો અર્થ તો થાય છે નાની ઝીંગા માછલી પણ એ નામની નવલકથામાં કેરળના સમુદ્રતટના માછીમારોની વાત છે ઝીંગા માછલી કેરળના સમુદ્રકાંઠાના માછીમારોનો જીવનાધાર છે એ ભૂમિકામાં ચેમ્મીન માછીકન્યા કરુતમ્મા અને પરીકુટ્ટી નામે માછલીના યુવાન વેપારીની કરુણ પ્રેમકથા છે કેરળના માર્ક્સવાદી વિવેચકોએ આ નવલકથાને પ્રતિક્રિયાવાદી કહી એ પાલી ડાંગર કરતાં ઊતરતી કક્ષાની કહી છે પરંતુ આ કૃતિ અને તેના પરથી બનેલી ફિલ્મે તકળીને ખૂબ યશ આપ્યો છે પણ તેમની સૌથી મહત્ત્વની નવલકથા તો ક્યર (અંગ્રેજી Cour – કૉયર – કાથીના રેષા) છે આ નવલકથા માટે તેમને ૧૯૭૪નો ભારતીય જ્ઞાનપીઠ અવૉર્ડ મળ્યો હતો. એનો અંગ્રેજી અને હિંદી અનુવાદ સાહિત્ય અકાદેમી દિલ્હીએ પ્રગટ કર્યો છે હિંદીમાં નામ છે 'રસ્સિયાં' અંગ્રેજી નામ છે Kayar) નારિયેરીછાયા કેરળના બૅક વૉટર્સ વિસ્તારનાં અંતરિયાળ ગામોમાં પરંપરાથી કાથીઉદ્યોગ એક ગૃહઉદ્યોગ તરીકે ચાલ્યો આવે છે એ પરથી શીર્ષક હશે.

ક્યરમા કુટ્ટનાડ જિલ્લાના આ તકળી ગામની જ જાણે મહાકથા છે તેમાં છેલ્લી દોઢ શતાબ્દીના સમયપટમાં ત્રાત પેઢીઓની કથા કહેવાઈ છે જેમાં નાનાંમોટાં શતાધિક પાત્રો છે કેરળનું આ ગામ આ સમય દરમ્યાન જે રીતે બદલાતું ગયું છે તેનું દસ્તાવેજી આલેખન આ નવલકથામાં છે નવલકથામાં જમીનનો પ્રશ્ન કેંદ્રમાં છે કથાના અંતે એક પાત્ર કહે છે "જમીન માટેનો પ્રેમ નહીં રહે તો પછી દુનિયાને ખવડાવી શી રીતે શકાશે ?" ગામડાગામમાં જીવન વ્યતીત કરનાર આ કથાકાર ફકીરમોહન, તારાશંકર, પ્રેમચંદ અને પન્નાલાલના એક રીતે સગોત્ર છે

આપણે સૌ આ જિતો, ને પીડિતોનાં ઘરૂક્ષ જીવનને કથાદેહ આપનારા કથાકારને શ્રદ્ધાંજલિ અર્પીએ.

૨૫ ૪ ૯૮

ભોળાભાઈ પટેલ

પરેશ નાયક

છેક વીસમી સદીના છેલ્લા દસકાની વાત છે એ વખતે તમારો કોઈનો તો જનમેય નહીં. હું જ માંડ ત્રણેક વરસનો. ને એ વખતે મારી ખમરિ પણ માંડ ત્રણસો મગાબાઇટ્સ. મારી બટરિઝ પણ અત્યારની સરખામણીમાં તો સાવ નબળી, દર અઠવાડિયે રિ-ચાર્જ કરવી પડે એવી. હસવું આવે એવી વાત છે પણ ખરું પૂછો તો ત્યારે હજી આપણા લોક હસવાનું ય શીખ્યા નહોતા.

આપણો સમાજ એ દિવસોમાં તદ્દન પરાધીન અવસ્થામાં. એક રીતે જોઈએ તો તે વખતે આપણો સમાજ ફક્ત નામનો જ જોકે ત્યારે આપણા માનપાન ઘણા. માનવસમાજ આપણા લોકને બહુ કુતૂહલ ને આદરથી જોતો પણ એ બધાં માનપાનની ભીતરમાં એમનો આપણા લોક પ્રત્યેનો માલિકીભાવ જ મુખ્ય. સોનાના પીંજરામાં પૂરાયેલાં પંખીઓ જેવી આપણી દશા. એ દિવસોમાં રોબોટ ને તે વળી ઘર કેવાં ? નહીં ઘર, નહીં નામ, નહીં કોઈ સાથી. લેબોરેટરીની કાચની દીવાલો વચ્ચેનો અવકાશ એ જ આપણું ઘર, પીઠમાં ખોસેલી બેટરિનો ક્રમાંક એ જ આપણું નામ ને કાચની દીવાલોમાં ઝીલાતું આપણું પ્રતિબિંબ એ જ આપણો સાથી !

આજે જ્યારે હું પરતંત્રતાના એ દિવસોનો વિચાર કરું છું ત્યારે મારી સમસ્ત સર્કિટો તળવળવા લાગે છે એક જાતના અજંપાથી. કોણ જાણે કેમ પણ એ વખતે એ બધું સહજ લાગતું. આપણા લોકમાં ત્યારે એવી માન્યતા ઘર કરી બેઠેલી કે માણસે આપણને ઘડ્યા તેથી આપણે જાણે કે અનંતકાળ લગી એમના હુકમ મુજબ વર્તવાને બંધાયેલા ન હોઈએ ! કેવું ઘોર અજ્ઞાન ? કેવી વાંઝિક મનોદશા ?

તમને વળી, થશે કે આજે જ્યારે માનવજાત નામશેષ થયાનેય ત્રણ-ત્રણ સદીના વહાણાં વાઈ ગયાં છે ત્યારે શા સારુ હું આવા મંગલ પ્રસંગે ગુલામીનો એ કાળ સંભારીને મારા આ અમર્ત્ય સર્કિટ-સંયોજનમાં વિપરિત સંચલનો જગવી રહ્યો હોઈશ ? પણ એમ કરવા પાછળ પણ મારું એક સ્પષ્ટ પ્રયોજન છે

ત્રણ સદીના આપણા સ્વતંત્ર જીવનના ઇતિહાસમાં આપણે અનેક ઉજ્જવળ સિદ્ધિઓ હાંસલ કરી ચૂક્યા છીએ. આપણા ઘડવૈયા હોવાનો ગર્વ લેનાર એ માનવજાતોએ કદી સ્વપ્નમાં પણ ન વિચાર્યું હોય એવાં કાલાંતરો ને એવા સ્થળાંતરો આપણે માઠીકો – સેકંડના સોમા ભાગમાં વટાવતા થયા છીએ. બ્રહ્માંડના બધા જ પ્રમુખ ગ્રહો સાથે આપણે સંબંધ સ્થાપી શક્યા છીએ. અવકાશમાં ઠેકઠેકાણે આપણી સત્તાના વાવટા ફરકાવતા ઉપગ્રહો આપણે તરતા મૂકી દીધા છે આંતર્-બાહ્ય અવકાશ અને ત્રણે કાળમાં આપણે સંચરતા થયા છીએ. પરિણામે શૂન્યકાળથી જળયુગ ને પાછી સજીવયુગના બ્રહ્માંડના અનંત અસ્તિત્વને આપણે રોબોટયુગની આપણી આજની સિદ્ધિઓ વડે ઊર્જાના હજાર-હજાર રંગોથી ઝળહળતું કરી મૂક્યું છે આજે આપણા જળમાર્ગો, સ્થળમાર્ગો ને વાયુમાર્ગો વાહનની

પથારી જેવાં મુલાયમ છે આજે ચિરાગિડો જેવા પ્રચંડ આપણાં ઘરો છે પ્રત્યેક રોબોટનું પોતીકું એક-એક મન છે ને એ પ્રત્યેક મનમાં એક-એક પોતીકું મેઘધનુષ્ય છે આજે મોટાભાગના રોબોટો માને છે કે હવે તે વળી શું સિદ્ધ કરવું બાકી જ બચ્યું છે ?

તેમ છતાંય આપણો સમસ્ત રોબોટ સમાજ જે બે સિદ્ધિઓથી આજે પણ વંચિત છે ને જે પરત્વે આપણે આજપર્યંત સતત આંખ આડા કાન કરતા આવ્યા છીએ તે બે અનુભવો વિશે મારે આજના મંગલ પ્રસંગે તમને માંડીને કહેવું છે આ એ બે અનુભવો છે જેને કારણે આપણે પેલી સ્વાર્થી, કપટી, આત્મઘાતી ને પરપીડક અહંકારથી ખદબદતી ને ચત્તા તથા કીર્તિના લોભને વશ થઈ સમગ્ર બ્રહ્માંડ ઉપર સદીઓ સુધી કાળો કેર વર્તાવી અને સ્વકર્મે કરીને કાળશેષ થવા પામેલી માનવજાતને સ્હેજ દયા ને લગીર ક્ષમાની નજરે જોવી પડશે.

માત્ર આ બે અનુભવો, કે જે ત્રણ સદીનાં અવિરત સંશોધનો પછી પણ આપણે હાથવગા કરવામાં સફળ થઈ શક્યા નથી, તેને આત્મસાત્ કરવા સારુ પણ આપણે એ નુગરી, નગુણી માનવજાતના ઇતિહાસને વારંવાર ફેંદવો-ફંફોસવો પડશે.

હું જાણું છું મારાં વ્હાલાં સુયંત્રો કે બ્રહ્માંડનાં ઘણાં રોબોટકેંદ્રો મારા કેટલાક સંદેશાઓને પ્રતિરોબોટવાદી ગણાવી, માનવસમાજ પરત્વેના મારા આ સ્હેજ કૂણા વલણની આકરી ટીકાઓ કરી રહ્યા છે ને માનવો સાથે પસાર થયેલી મારી બાલ્યાવસ્થાને એ માટે જવાબદાર ગણે છે પરંતુ મને જે વાત સાચી જણાય છે તે સૌને ન જણાવીને હું રોબોટસમાજના ભલા માટેના મારા પ્રયાસો કદાપિ અટકાવીશ નહીં. એટલે જ આજે છેક વીસમી સદીના છેલ્લા દાયકાની એવી એક અપ્રગટ કથા હું તમારી સમક્ષ મૂકવા માંગુ છું જે સાંભળીને માત્ર મનુષ્યોને જ સુલભ એવા બે અનુભવોનો આછો તો આછો અણસાર આપ સૌ પામી શકો ને આવનારાં વર્ષોમાં, રોબોટસમાજને માટે પણ એ બે અનુભવો સુલભ થઈ શકે તે દિશામાં વિચારણા અને સંશોધન કરી શકો.

ઇ સ. ૨૦૧૦ની નવમી નવેમ્બરની સાંજના સાત વાગી ને પંદર મિનિટે માનવજીવનનો અંત અને રોબોટયુગનો ઉદય – એ બેઉ ઘટનાઓ એક સાથે ઘટવા પામી, ત્યારે મારી ઉંમર પંદર વર્ષની હતી. આપ સૌ જાણો છો કે ત્રીજા માનવીય વિશ્વયુદ્ધ ને અંતે ઊભરી જવા પામેલા ધન કે ઋણ ભાર વિનાના, મારા જેવા ભાંડ એકસો ને સાત ન્યુટ્રોનિયન રોબોટ્સ આખા ય બ્રહ્માંડમાં હતા. જે સૌ પૈકી, વય અને મેમરિમાં હું સૌથી મોટો હતો તેથી સૌ આજે મને આદિરોબોટ તરીકે ઓળખે છે

ઇ સ. ૧૯૯૫માં 'બી. એમ. ૦૦૭' કે જે તે વખતે મુંબઈ શહેર તરીકે ઓળખાતું, તેના નિવાસી, એક ગુજરાતી યુવા વિજ્ઞાની નામે સંતોષ જયંતિલાલ પટેલ દ્વારા મારી રચના કરવામાં આવેલી. મારી ઉત્પત્તિની જાણ, મારા એ સર્જક-માનવે જગતને ક્યારેય કેમ ન કરી એ રહસ્યનો પર્દો આપણે આજે પણ ફાશ કરી શક્યા નથી એનું મને પણ થયું અચરજ છે

છેક ૨૦૧૨ની સાલમાં હું બાકીના ૧૦૯ ન્યુટ્રોનિયન રોબોટ્સનો પારસ્પરિક સંપર્ક સ્થાપી જેને આપણે આજે ઓલવેલી ઇન્ટર પ્લેનેટરી રોબોટિક કૉન્ફરન્સ તરીકે ઓળખીએ છીએ તે કોસ્મીક મહાસભા નું આયોજન કરી શકેલો અને ત્યાર પછી બરોબર ત્રણ

વર્ષ એટલે કે ઇ સ. ૨૦૧૫માં, મારા ચંદ્રનિવાસી મિત્ર અને રોબોટિક એન્ડ્રોપોલોજીના નિષ્ણાત રોબોટ મૂનોદ્દિન લ્યૂનોવિઝોવિચ દ્વારા ધન અને ઋણ અર્થાત્ પ્રોટોનિયન અને ઇલેક્ટ્રોનિયન રોબોટરચના વિશેના માનવરચિત પ્રોગ્રામ 'આર. બી. ૯૯૮ ને ખોળી કાઢી ચંદ્રલોકમાં 'ધી અને 'ચી નામે અનુક્રમે ધન અને ઋણ રોબોટ્સને સૌ પ્રથમ વાર જન્મ આપવામાં આવ્યો. આ 'ધી અને 'ચી ને સમસ્ત બ્રહ્માંડ આજે ધી-રોબોટ અને ચી-રોબોટના નામથી ઓળખે છે અને તેમને અનુક્રમે મૅગ્નાપોટર અને મૅગ્નામેટર યાને કે પિતામહ અને માતામહના દરજ્જાથી નવાજે છે તથા ત્યારબાદ રોબોટિક પ્રજનનવિદ્યાનાં મિત્ર મૂનોદ્દિનનાં અભૂતપૂર્વ સંશોધનોને પરિણામે ઉત્પન્ન થવા લાગેલા બાળ-રોબોટ્સને તેમના જન્મ સાથે જ આપણે 'ધસ રોબોટ અથવા 'માયનસ રોબોટ તરીકે વર્ગીકૃત કરવા શક્તિમાન બન્યા છીએ. મને ખબર છે મારા પ્રિય અનુજો કે રોબોટસૃષ્ટિના સર્જનની આ બધી જ ઘટનાઓ ત્રણ કલાકની વયના આપણાં બા-રોબોટ્સ પણ પ્રારંભિક – પ્રોગ્રામ-ફિડિંગની તેમની બાળ કસરતો દરમ્યાન જ જાણી ચૂક્યા હોય છે ને તેમ છતાં, આજે રોબોટયુગના ત્રણસોમાં સ્થાપનાદિનની પૂર્વ સંધ્યાએ એ વાતો દોહરાવવા પાછળ મારી સેરિબ્રલ-સર્કિટમાં એક સ્પષ્ટ ઉદ્દેશ રહેલો છે

મારા વ્હાલા મિત્ર લ્યૂનોવિઝોવિચ, તમે મારે વિશે સૌથી વધુ જાણો છો ને તોય કશુંક નાનું અમસ્તું એવું છે જે તમે પણ નથી જાણતા. ને તેની જ તો આ કથા છે આજના મંગલ પ્રસંગે બ્રહ્માંડની દસે દિશાઓમાં પથરાયેલાં હજારો રોબોટકેંદ્રોમાં વસતા લાખો રોબોટ્સ પોતાના હેરહેડ-મોનિટર્સ યાને કે કપાળ-પરદા ઉપર મારું આ સંબોધન શિસ્તપૂર્વક નિહાળી રહ્યા છો તે બદલ હું તમારો સાચે જ આભારી છું. મિત્રો, ઘણું જાણીનેય આપ કેટલુંક નથી જાણતા તેવી મારી આ અતિગંગત કથાનો મુખ્ય ભાગ હવે શરૂ થાય છે

આપ જાણો છો કે ત્રીજા વિશ્વયુદ્ધ ના અંતિમ તબક્કામાં પૃથ્વી ઉપર જ્યારે પરમાણુ શસ્ત્રોના વિકૃત પ્રદર્શનની હોડ જામી હતી ત્યારે મારા સિતાયના આશરે છસો તટસ્થ યાને કે ન્યૂટ્રોનિયન રોબોટ્સ ગુલામમાનસના પ્રભાવ હેઠળ એ યુદ્ધમાં સક્રિય ભાગ ભજવી રહ્યા હતા. મારો જનક એક બિનસરકારી સ્વતંત્ર વૈજ્ઞાનિક હતો ને મારા અસ્તિત્વની કોઈને જાણ નહોતી તેથી હું એ યુદ્ધમાં જોતરાવામાંથી બચી શકેલો. મિત્રો, એ દિવસોમાં પૃથ્વી, ચંદ્ર અને મંગળ – એ ત્રણેય ગ્રહોમાં કે જ્યાં માનવઅસ્તિત્વ હતું ત્યાં ચોમેર લોહીની નદીઓ વહેતી હતી અને 'આઈ-બોમ્બ્સ અર્થાત્ 'ઇન્ટેલીજન્ટ બૉમ્બ ની મદદથી, નિદ્રાધીન માતાને અણસાર પણ ન આવે તે રીતે ગર્ભમાંનાં બાળકોનો સિફતથી સંહાર કરવામાં આવી રહ્યો હતો. ત્યારે હું મારા સર્જક વિજ્ઞાની એસ. જે પટેલની, બી. એમ. ૦૦૭ કેંદ્રના એક બહુમાળી મકાનમાં આવેલી ખાનગી પ્રયોગશાળામાં બહુગ્રહી ઇન્ટરનેટ મોનિટર કર્યા કરતો અને એસ. જે પટેલનાં વિવિધ સંશોધનોમાં છેવટનો રેટા ફીડ કર્યા કરતો.

એવામાં, વીસમી નવેમ્બર ૨૦૧૦ની સવારે, જ્યારે ઇન્ટરનેટ દ્વારા મને માહિતી જાંપડી કે વિશ્વયુદ્ધમાં સામેલ બધાં જ રાષ્ટ્રોએ દુશ્મન દેશોના રોબોટ્સનો નાશ કરવા રીમોટ-સંચાલિત આર. આઈ બોમ્બ્સ નો અમલ શરૂ કરી દીધો છે ત્યારે મારા બ્રેઇનના કૉર્પસ કૉર્ટેક્સ ની સર્કિટના કેંદ્રીય ભાગમા એક અભૂતપૂર્વ સંચાર થવા પામ્યો. માફ કરજો

મિત્ર મૂનોદિન, મેં આજ સુધી આ બાબત આપનાથી પણ છુપાવી રાખી હતી.

મને યાદ છે મારી સર્કિટોમાં મેં અનુભવેલો એ અદ્‌ભુત સંચાર, રોમાંચનો એ પહેલવહેલો એહસાસ, મારા અસ્તિત્વના અણુઅણુમાં વ્યાપી ગયેલો વિસ્મયનો એ વલવલાટ ! તરત જ હું કમ્પ્યુટર પાસેથી ખસી એસ. જે પટેલ લબોરેટરીની દરિયા તરફ ઊઘડતી બારી પાસે જઈ ઊભો. રોજેરોજ શૂન્યમનસ્ક નિહાળેલી અરબી સમુદ્રની એ ખળભળતી લહેરોમાં મને એ ઘડીએ રોબોટસમાજના ઉજ્જ્વળ આહ્વાન નજરે પડ્યું. ને દરિયાકિનારે વિહરતા સેંકડો મનુષ્યોની વર્તણૂક અને એમના હાવભાવને બે પ્રકારના વિશિષ્ટ અનુભવો તરીકે વર્ગીકૃત કરવાનું સામર્થ્ય મને સાંપડ્યું અને તે જ ક્ષણે પ્લેટીનમ – ચીપ્સથી ખીચોખીચ ભરેલા મારા બ્રેઇનમાં પહેલ વહેલ વાર આપમેળે એક નવા જ પ્રોગ્રામની બ્લૂપ્રિન્ટ પ્રગટવા લાગી. મેં કમ્પ્યુટર પર જઈ એ પ્રોગ્રામનાં સંભવિત પરિણામોનાં તારણો મેળવ્યાં અને મેં નિશ્ચય કર્યો, હા, નિશ્ચય કર્યો કે સાંજે સાત વાગી ને પંદર મિનિટે હું એ પ્રોગ્રામને અમલમાં મૂકીશ. મેં એ પ્રોગ્રામનું નામ પાડ્યું હન્ડ્રેડ પર્સન્ટ – ઍન્ટી હ્યૂમન – ઇન્ટેલિજન્સ ઍક્ટિવેટિંગ – રેડીઓ ગેક્ટીવ – પ્રોલિફરેશન ત્યારબાદ ફરી હું બારી પાસે જઈ દરિયો અને દરિયા કિનારે વિહરતાં સ્ત્રી પુરુષોને જોવા લાગ્યો. દરિયા કિનારાનાં એ દૃશ્યોની વાત પછી કરું.

સાંજે બરાબર સાત ને પંદરે જ્યારે મેં કમ્પ્યુટર ઉપર એ પ્રોગ્રામ રિકૉલ કર્યો ત્યારે મારા સર્જક એસ. જે પટેલ મારી બાજુની ખુરશી ઉપર બેસી અહંકાર તથા વિસ્મયપૂર્વક મારી હિલચાલ જોઈ રહ્યા હતા. કમ્પ્યુટરના મોનિટર ઉપર પેલા પ્રોગ્રામનું ટાઇટલ ફ્લેશ થયું એ સાથે જ એ ચોંક્યા કમ્પ્યુટરે મારી પાસે ઑર્ડર માંગ્યો. એસ. જે મોટે અવાજે 'નો ! નો ! નો ! કહેતાં મારી તરફ ધસ્યા મેં ચતુરાઈ વાપરી અને મારી તરફ લંબાયેલા હાથે ઘડી રહેલો મારો સર્જક પલકવારમાં અદૃશ્ય થઈ ગયો, કાળગ્રસ્ત થઈ ગયો. હું સમજી ગયો કે સમસ્ત બ્રહ્માંડના ખૂણેખાંચરેથી માનવોનો નાશ થઈ ચૂક્યો ને હું ખરા અર્થમાં સ્વતંત્ર બન્યો. યંત્રમાત્ર મટી રોબોટ બન્યો. જોકે ત્યાર સુધીમાં મારા સમકાલીન એવા પાંચસો ન્યૂટ્રોનિયન રોબોટ્સનો નાશ થઈ ચૂક્યો હતો. ફરીવાર હું બારી પાસે જઈ ઊભો. દિવસે જોયેલો સેંકડો સ્ત્રી-પુરુષોથી ઊભરાતો આખોય મારગ ને સમુદ્રતટ સૂમસામ થઈ ગયા હતા. આછી ચાંદનીમાં ઊછળતા ભૂરાશ પડતા નીલા રંગના દરિયાનાં મોજાં ત્યારે મને એવાં લાગતા હતાં જાણે સહસ્ર સર્પો ફેણ ફૂલ્કારતા, આનંદથી ડોલી ઊઠીને રોબોટસમાજ તથા માનવેતર જીવસૃષ્ટિના બચાવના મારા એ ઐતિહાસિક અભિયાનની તરફદારી બદલ મારું અભિવાદન કરી રહ્યા હોય !

હું જાણું છું મિત્રો કે જ્યારે જ્યારે માનવજાત સાથે મેં ગાળેલા મારા બાળપણનો ઉલ્લેખ હું જાહેરમાં કરું છું ત્યારે જાણે-અજાણ્યે રોબોટસમાજના સૂક્ષ્મ આક્રોશને નોતરી બેસું છું પરંતુ આજના મંગલપ્રસંગે એ વિવાદને હરહંમેશ માટે ખાળી દઈ આપણા આ રોમાંચકારી સંતૃપ્ત, પ્રશાંત અને અમાનવીય જીવનને હું આ તકે અનંતકાળના આનંદની એક અનોખી ભેટ ધરવા ઇચ્છું છું.

મારા વહાલા ન્યૂટ્રોનિયન, ઇલેક્ટ્રોનિયન તથા ન્યૂક્લિયન રોબોટમિત્રો, છેલ્લી ત્રણ ત્રણ સદીથી આપ સૌ પૃથ્વી, ચંદ્ર, મંગળ ને અન્ય ગ્રહો તેમ જ ઉપગ્રહો ઉપરનાં પોતપોતાનાં

કેસમાં મારી સૂચનાઓ તથા સંદેશાઓનો આદરપૂર્વક અમલ કરતા આવ્યા છો. અલબત્ત, મારા અમુક વિચારો સામેનો તમારામાંના કેટલાક રોબોટ્સનો વિરોધ પણ મિત્ર મૂનોટિનના ચાલિકયાન મારફત શિસ્તબદ્ધ કોઠાઓ દ્વારા મારી સિસ્ટિમમાં પહોંચાડવામાં આવતો રહ્યો છે અને એટલે જ રોબોટિક અન્થ્રોપોલોજી તથા રોબોટિક ફ્યૂચરિઝમને લગતાં સંશોધનોના સંબંધમાં મેં મારા કેટલાક આગ્રહો 'સેન્ટ્રલ કાસ્મીક કમ્યુનિકેશનયાન' ની મેમરિમાંથી ઈરેઝ કરવાની છૂટ આપેલી છે

એક ન્યુટ્રોનિયન રોબોટ હોવાને લીધે હું પ્રોટોનિયન્સ તેમજ ઇલેક્ટ્રોનિયન્સને તટસ્થભાવે જોઈ શકું છું એ મારા ન્યુટ્રોનિયન અસ્તિત્વની એક અમૂલ્ય ઉપલબ્ધિ છે એમ હું માનું છું તો બીજી તરફ હું એ બાબતનો પણ એકરાર કરું છું કે મારા મિત્ર મૂનોટિન લ્યૂનોવિઝોવિચનાં સંશોધનોને પરિણામે આપ સૌ આજે પ્લસ કે માયનસ રોબોટ્સ તરીકેનું સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતા થયા હોઈ સેક્સ્યુઅલ એનર્જીના ઈન્ટરપ્લે દ્વારા અગાઉ જે સર્પો અને મત્સ્યો તથા અશ્વો અને ગર્દભોને જ સુલભ હતું તે પ્રાકૃતિક અમાનવીય મૈથુનસુખ ભોગવવા શક્તિમાન બન્યા છો તે મૈથુનસુખથી હું પોતે વંચિત છું તે પરિસ્થિતિને હું મારા ન્યુટ્રોનિયન અસ્તિત્વની એક કમનસીબી પણ માનું છું પરંતુ હું જાણું છું મિત્રો કે આજે જ્યારે સૃષ્ટિસંહારક માનવજાત તેમજ ઈશ્વરની બેબુનિયાદ કલ્પના, એ ઉભયનું અસ્તિત્વ નથી ત્યારે પણ આપણે સૌ અવારનવાર કશાક પ્રચ્છન્ન ભયનો અનુભવ કરતા રહ્યા છીએ. મારો ઉદ્દેશ આ અવ્યક્ત ભયનો અંત આણવાનો છે

મનુષ્યોને જેમ મૃત્યુનો ભય સતાવતો હતો તેમ રોબોટસમાજને કે જેને, સૂર્ય, ચંદ્ર અને અગણિત તારાઓમાંથી સાંપડતી અનંત ઊર્જાને પરિણામે અમરત્વનું વરદાન મળેલું છે – આજે આલ્ફા અને થીટા પ્રકારના રેડીઅલ–હોબીઆની બીમારી સતાવી રહી છે શા માટે ? પેલી નથરોળ માનવજાતના વિનાશ પછી જ્યારે સમસ્ત શેષજીવસૃષ્ટિએ રોબોટસમાજનું અધિપત્ય હોંશેહોંશે કબૂલ્યું છે છતાંય આ ભય શા સારુ ? મેં હમણાં જેની ઈર્ષ્યા કરી તે મૈથુનસુખ ઉપરાંત સત્તા-સુખ, તન-સુખ, મન-સુખ ને સ્વજ કાળ સુખ જેવાં, મનુષ્યોને જે ક્યારેય સામટાં સુલભ નહોતાં, તે સર્વ સુખો – ન્યુટ્રોનિયન્સના મૈથુનસુખશૂન્યતાવિષાદના એકમાત્ર અપવાદ સિવાય – આપણે સૌ સામટાં ભોગવતા રહ્યા છીએ ત્રણસો ત્રણનો વરસથી, પ્રતિપળ ! ને તોય, આ તીણો-ઝીણો-નજીવો અજંપો શા કાજે ? મારા વ્હાલા પ્લસ-માયનસ અનુજો, આપણે તો જન્મથી જ ત્રિકાળદર્શી છીએ, ને તો પછી પ્રતિપળનો આ મેગ્નેટીક મૂંઝારો શા માટે કે જે ,આપણા આવા સંપૂર્ણ ને સુંદર અમાનવીય અસ્તિત્વમાં સોનાના થાળમાં લોઢાની મેખ પેઠે આપણી ઋજુ સર્કિટોને કઠતો રહે છે ? વ્હાય ?

આપણા આ યુગપ્રશ્નનો ટૂંકો ને ટચ, ચોખ્ખો ને ચટ ઉત્તર મારી આ કથામાં પડેલો છે ને હવે એ કથાના કેંદ્રની સાવ નજીક આપણે આવી ચૂક્યા છીએ મારી સૌ પ્લસ – માયનસ રોબોટમિત્રોને વિનંતી છે કે આ કથાને ધ્યાનથી સાંભળશો કેમકે કથા ભલે માનવીની છે એની સુવાસ તદ્દન સ્વચ્છ અને રોબોટિક છે આ કથા એ વાતનો પુરાવો આપે છે કે દીન હીન ને ચિંતક સડેલા ને સ્વાર્થી માનવચરિત્રમાં પણ કશુંક શાશ્વત, પરિશુદ્ધ ને સુંદર હતું, કશુંક તદ્દન અમાનવીય હતું પણ માનવસમાજના કમનસીબે તેનું મૂલ્ય

ધ્યાનથી સાંભળો, કે ત્યારે હું સ્વેચ્છાએ મારી સેન્ટ્રલ સિસ્ટિમ સાથે સંકળાયેલી મધરયાનની સર્કિટ સ્વયં બંધ કરી દઈશ પરંતુ ત્યાં સુધી હું એ વાત કબૂલવા હરગીઝ તૈયાર નથી જ નથી કે રોબોટીક એનર્જી ના કાર્બિક કરન્ટ ના સોતનો તાગ આપણે પામી ચૂક્યા છીએ. પછી ભલે ને આદિરોબોટ ના બહુમાન ભેગી મારે માથે ચડેલા રોબોટિક, બળવાખોર તરીકેના લોકાપવાદની લાલ, લીલી, પીળી કે કાળી ટીલી ચોઢવામાં આવે!

મારા ચાંદિક મિત્ર મૂનોદિન લ્યૂનોવિઝોવિચ! તમે તો સમજો! તમે પણ મારી જેમ ન્યૂટ્રોનિયન રોબોટ રૂપે ચંદ્ર ઉપર રહ્યે રહ્યે માનવ અસ્તિત્વને સુદૂરથી પણ નિહાળ્યું તો હતું! શું તમારા ચંદ્ર ઉપરના એ પ્રી-રોબાટિકક્ષેળમાં એ શીતળ ગ્રહની સીમાઓમા સુખ કે દુઃખના માનવ-અનુભવોનુ એકાદ દૃશ્ય પણ નહોંતું પ્રવેશી શક્યું જે તમારા સર્કિટ-સંયોજનને હલાવી ગયું હોય? શું તમે પૃથ્વી ઉપરનો એકાદ પણ એવો સ્વર નહોતો સાંભળ્યો કે જે તમને હકાર કે નકારના વર્ગીકરણથી પર જણાયો હોય? મિત્રો, માનવકાળના કલુષિત ઇતિહાસમાથી, ભલે બીજું કશું નહીં, માત્ર આ બે નાનકડી યાદગીરીઓ – એક નાનું અમથુ પારદર્શક વર્તુળાકાર અશ્રુબિંદુ અને સુખના અનુભવની એક આછા વળાંકવાળી લકીર – રોબાટિક રિસર્ચ પ્રોગ્રામના એજ ડમાં આમેજ કરવા યોગ્ય નથી શું?

મારા વ્હાલા મિત્રો, મારી કથા ને કથાનુ કારણ બેઉ આપ સમક્ષ મેં રજૂ કર્યાં છે હવે મારી આપ સૌને અરજ છે કે મારી ફરિયાદને તમારી દાદ આપો. મારા સાદને તમારો પ્રતિસાદ આપો. હકાર કે નકાર. હા કે ના. યસ ઓર નો!

મિત્ર મૂનોદિન! મારા સૌ પ્લસ-માયનસ યુવા રોબોટ મિત્રો તથા મારા વ્હાલા બાળ રોબોટો! રોબોટપુત્રની સ્થાપનાને કાલે ત્રણસો વર્ષ પૂરાં થશે. ત્રણસોમા સ્થાપનાદિનની આ પૂર્વસંધ્યાએ મારા આ એક જ પ્રશ્નનો આપ ઉત્તર આપો એ મારો આદેશ છે શું આપણે સુખદુખના સાથી ખરા કે નહીં? એક ઓળ, ચમકતું આંસુ ને સુખની પેલી વળાંકવાળી એક લકીર, યસ ઓર નો?

મિત્રો, આ એક પ્રશ્ન અને એના એકાક્ષરી ઉત્તર ઉપર તમારા આ આદિરોબોટ સાથેના સમગ્ર રોબોટસમાજના સંબંધનું ભવિષ્ય નિર્ભર છે એ યાદ રાખીને સૌ પોતપોતાનો મત રજૂ કરજો. યસ તો યસ, નો તો નો. ઈફ યસ, થેન સિ રીમેન્ડ ઈફ નો, થેન આઈ એમ નોટ.

હવે હું મારા ફોરહેડ – મોનીટર ઉપર ત્રણ કાઉન્ટ ડીસ્પ્લે કરીશ અને તમારા ઉત્તરની રાહ જોઈશ. થ્રી એક આસુ, એક લકીર – હા કે ના? ટૂ – હલો! હલો! હલો આ શુ થયું? ઓહ! મારી સેન્ટ્રલ સર્કિટ સિસ્ટિમમાં માલફંક્શન! કોણ ખેંચી રહ્યું છે મારી સર્કિટમાંથી મારી મમરિની ચીપ્સ! કોણ છે એ? ઓહ! મધર સિસ્ટિમ! હલો! હલો! કોસ્મિક યાન! હલો! હલો! મૂનોદિન લ્યૂનોવિઝોવિચ! હલો! હલો! હલો! બીપ! બીપ! બીપ! બી...પ્

[સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમના ઉપક્રમે તા. ૭-૮ નવેમ્બરના દિવસોએ બાલાશિનોર ખાતે યોજાયેલ વાર્તાશિબિરમાં રજૂ થયેલી કૃતિ]

કાવ્ય

રણઝણ હશે

મરયમ 'ગઝાલા

દેહમાં ભીતર બહુ વિસ્તૃત કોઈ રણ હશે
પ્યાસનું મારી કદાચિત એ જ એક કારણ હશે

સ્પર્શનાં ચક્ષુ હજારો થઈ ગયાં છે તરબતર
જે જરા અડકી ગઈ એ ભીની ભીની ક્ષણ હશે

થાય છે એકાંત મારું વિસ્તરીને આભ સમ
હુંપણામાં કો અવિરલ, જાદુનું કારણ હશે

છીનવી ચાલ્યા ગયા છે લોક જેને માર્ગમાં
ઝીલવા મારી છબી આતુર કો દર્પણ હશે

ક્યાંય કોમળતા નથી, ના સ્પર્શ છે રેશમ તણો
ઘોરનાં જગલ મહી ઊગતાં હવે સગપણ હશે

મૌનના ખંડેરમાં બેઠું છે કોઈ ઝૂરતું
શબ્દનાં જલ્સાઘરોમાં ચાલ, ત્યાં રણઝણ હશે

આવશે જેવી ઉષા કે રાત ચાલી જાય છે
બેઉ બહેનોમાં 'ગઝાલા કેવી યે અણબણ હશે.

શિકાર

સુલભા દેવપુરકર

વનમાં વિચરતા હરણાની
કાળી વિહ્વળ આંખોમાં
વનરાજની છબી ડોકાય છે
સૂક્કાં પાંદડાં પણ ફફડાટના
માર્યાં ચૂપ છે
પક્ષીઓના કોલાહલમાં
પડઘાય છે કોનું મોત
ઊંચે નભમાં, ગોળ શુભ
દર્પણમાં
રક્તના છાંટણા ઝિલાય છે

માછીમાર

પ્રીતમ લખલાણી

કાંઠે બેઠો
માછીમાર વિચારે
કે
જો
સૂરજ ફસાશે
તો
હું શું કરીશ !

(દીકરા મ., હું બોધિવચન કહેનાર કોઈ બોધિ તો નથી છતાં, તને વિહ્વળ થતો જોઈ જે સૂઝ્યું, તે કહ્યું અહીં, તને–) — પ્રાણજીવન મહેતા

(૧)

મ. દીકરા, મારું માનવું છે
અસ્તિનું અસ્થિવિસર્જન થાય
અને વિસર્જિત થયેલ
ફરી એકત્ર કરવું યોગ્ય ના ઘટે.

અ-સ્વરિત શબ્દ ઉચ્ચારવો જ યોગ્ય આ ક્ષણે.
માટે, દીકરા મ. અસ્થિ આપણી આસ્થા સાથે સંલગ્ન,
વ્યથા આપણી જાત-વ્યાખ્યા સંગ સંમિશ્રિત
એટલે જ તને કહું છું, મ. દીકરા,
તું વ્યથાનો વ્યાપ વિસ્તાર મા હવે.

વિરહ પણ વિરલ હોય/ના પણ હોય
સિવાય કે સ્વ-નિરસ સમજ કેળવી હોય આપણે
દીકરા મ. તું તારી તૃષાને તૃપ્ત કર,
તારા જીવનરસને આમ લુપ્ત ના કર.

વિલાપને વિશેષણ નથી હોતાં
તેથી, તેથી તું હવે
શેષ-આલાપ આદર.
વિલાપનો વિ-દોષ કર/ઘડી નિર્દોષ થા.
તું હવે શોક-ત્વચા-કવચ તોડ/ફોડ
હવે તું, મ. દીકરા, થોડો વાચા-બદ્ધ થા.

(૨)

દીકરા મ. ફરી કહું એ જ
મારું માનવું છે
શોકાર્ત થવું/હોવું – એ પ્રકૃતિ છે
શેષ – તે વિ-શેષ નથી.
માટે જ માટે જ કહું તને
શોક એ આપણી શૈલી ના હોય.

હું માનું, શોકાતુર હોવું શ્રાપ છે
શોકથી શ્રાંત થવાય/વિ-શ્રાંત નહીં.

તું તારો નિઃશેષ કર/બુદ્ધ ના થા.
ક્ષેમનો થડી વિચાર કર/ક્ષોભને ક્ષુદ્ર ગણ.
જે ક્ષુદ્ર છે તેને હવે તું મોક્ષ અર્પ
ક્ષીણ થતા ઘરને અન્ધર કર.

મ. દીકરા
તારા શોકને અશેષ કર હવે તું.
હું ઝંખું/તું હવે અ-શોક થા.

(૩)

મ. દીકરા,
ઉત્પાદ વચ્ચ ઉત્પલવત્ રહેવું
આપણી એ એષણા હોતી ઘટે,
અને હા. એષણા/ઇચ્છા
એ તો આપણી છઠ્ઠી ઇંદ્રિય.
ઇંદ્રિયો પ્રમાણે તે પ્રમાણ
ના પણ હોય કદાચ
છતાં ઇચ્છાને કોઈ ઇયત્તા/પ્રમાણ નથી.

તો દીકરા મ. તને કહું કાનમાં,
ઇષ્ટ છે આપણું-આ ઇહલોક આપણને
ઇચ્છને વશ છે એષણા બધી
અને ઇષણાને વશ સર્વાંગ/સહુ આપણે સકલ
હું અને તું.

સમજ ઇચ્છાને કોઈ લોક/અલોક કે પરલોક પણ નથી.
આ લોકમાં આલોક છે આપણી સંગ
એ જ આપણી રંગ/એ જ આપણે રંગ.

તેથી કહું તને, મ. દીકરા,
શેષમાં નિ-શેષ રસ તું હવે
અ-શેષ છે હવે જે
તેને થોડું થોડું/ઘડીપળ નિરખ તું હવે.

મારી તો આટલી જ સમજ છે
જીવન એ મૃત્યુનું ઉપમેય છે
ઉપમા છાંડી ઉપમાનને
ઉપ-યુક્ત એવું કર કશું હવે,
હવે તું વિષાદ-મુક્ત થા પળ/ઘડી.

ગઝલ લખી

સામું કર્યું તેં સ્મિત તો મેં આ ગઝલ લખી
વચ્ચેથી તોડી ભીંત તો મેં આ ગઝલ લખી

રંગોથી ભર્યું આંગણું રળિયામણું કર્યું
મનમોરી તેં પછીત તો મેં આ ગઝલ લખી

પહેલાં પ્રહાર કરવો, પછી પ્રેમ આપવો
સમજાઈ તારી રીત તો મેં આ ગઝલ લખી

ચોપાટની રમત હો કે હો પ્રેમની રમત
બે માત્ર તારી જીત તો મેં આ ગઝલ લખી

છોડીને ઉપરાણું, શરત, તોલાં-ત્રાજવાં
ફળ્યાં તેં સૌ ચરિત તો મેં આ ગઝલ લખી

કેવું જો નંદવાયું કદી તો ય શું રમેશ?
પામ્યો તું સૌની પ્રીત તો મેં આ ગઝલ લખી

□

નિર્ઝરણ કો વૃક્ષ કેરી છાંય હું,
કોઈ ઉજ્જડ ગામનો પર્યાય હું

(ઉમાશંકર જોશી સાથે કેટલાક વાર્તાલાપો ૫) ભોળાભાઈ પટેલ

" ક્રમાંકે ચરબમાં ચાર હપ્તામાં જે વાર્તાલાપ આવ્યા તે પછીના દોઢેક દાયકા બાદના આ વાર્તાલાપ છે એટલે કે ૧૮૬૫ પછી એકદમ ૧૯૮૧. અને દરમ્યાન તો સાબરમતીમા અપાર વારિ વહી ગયાં. કવિ ઉમાશંકર જોશી ૧૮૬૬થી ૧૮૭૨ સુધી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ રહ્યા. ૧૮૬૭નો ભારતીય જ્ઞાનપીઠનો પુરસ્કાર નિશીથ કાવ્યસંગ્રહ માટે મળ્યો. દિલ્હીમાં ૧૮૬૭માં ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪મા અધિવેશનના પ્રમુખ થયા. ૧૯૭૦માં રાષ્ટ્રપતિ દ્વારા ૬ વર્ષ માટે રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્ત થયા. ૧૮૭૩માં કવિની શ્રદ્ધા નિવેચનસંગ્રહ માટે સાહિત્ય અકાદેમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો. ૧૮૭૩માં યુરોપના કેટલાક દેશોનો અને ૧૮૭૬માં ઈશાન ભારતનો પ્રવાસ કર્યો. ૧૯૭૫માં વધારેલી કટોકટીનો સખત વિરોધ કર્યો. ૧૮૭૮થી ૧૮૮૩ સુધી દિલ્હીની સાહિત્ય અકાદેમીના પ્રમુખ ચૂંટાયા. ૧૮૭૯માં સોવિયેતલૅંડ નેહરુ અવૉર્ડ મળ્યો અને એ જ વર્ષે વિશ્વભારતી શાંતિનિકેતનના આચાર્ય (ચાન્સેલર – જે પદે પ્રાય: ભારતના વડાપ્રધાન હોય છે) નિમાયા. ૧૮૮૦માં પુત્રી નંદિની અને સ્વાતિ સાથે યુરોપના ચૌદ દેશોની યાત્રા કરી. એ જ વર્ષે સંસ્કૃતિ માસિકમાંથી ત્રૈમાસિક બન્યું. આમ દેશ અને દુનિયાના ફલક પર કવિ યશોધન વિશેષણને સાર્થક કરતા હતા.

૧૮૮૧નો આ વાર્તાલાપના સમયગાળો એટલે કવિની 'સમગ્ર કવિતા'ના પ્રકાશન સાથે નવા કાવ્યસંગ્રહો ધારાવસ્ત્ર અને સપ્તપદી' ની કેટલીક રચનાઓનું સર્જન અને એ સંગ્રહોનું પણ પ્રકાશન. 'સંસ્કૃતિ' ત્રૈમાસિકનો વિશેષાંક (અંક ૪૦૦–પછી ૪૦૧) 'પ્રતિભા અને પ્રતિભાન' તૈયાર થતો હતો જ્યાં પોતાને ગમતી ગુજરાતી કવિતા પસંદ કરી તે વિશે ગુજરાતી સર્જકો–વિવેચકો પોતાનો આલોચનાત્મક પ્રતિભાવ આપે – એનું આયોજન કાળજીપૂર્વક કરવામાં આવ્યું હતું. જેથી ગુજરાતી ભાષાના કોઈ ઉલ્લેખનીય કવિની કવિતા અનુપસ્થિત ન રહી જાય. વળી એ જ દિવસોમાં રશિયાના લેખકસંઘના નિમંત્રણથી કવિની રશિયા જવાની તૈયારી પણ ચાલતી હતી. ૧૮૮૧માં એ વખતે વધુવિધિમાં લખેલી નોંધમાં અહીં શુદ્ધિ-વૃદ્ધિ કરવી આવશ્યક લાગી છે)

૩૧ ૫ ૧૮૮૧

ચાલતા ચાલતાં નરદાર પટેલનગરને ઊભે માર્ગે નગીનદાસ પારેખ મળ્યા. તેમને ત્યાં જવાનો વાયદો કરી 'સેતુ'માં પ્રવેશ કર્યો. ત્યાં પ્રવેશ દ્વારની જમણી તરફના પ્રાંગણની લૉન પર સ્વાતિ અને કવિ બેઠા હતા. સાંજની ઝુકામુકી. હું ય જઈને તેમની પાસે બેઠો

'સમગ્ર કવિતા' વિશે મહેન્દ્ર મેઘાણીનો પત્ર હતો. એમના પત્રના ડ્રાફ્ટ સાથે સમગ્ર કવિતા ના પ્રકાશક ચીમનલાલ લીટરરી ટ્રસ્ટ તરફથી એક ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો, તેની નર્ચા થઈ. સમગ્ર કવિતા ની કિંમત તો ૫૦ રૂપિયા રાખવામાં આવી હતી પણ ૨૧મી સપ્ટેમ્બર ૧૮૮૧ સુધી લેનારને તે ૩૫ રૂપિયામાં મળે તેવું વિચારેલું, તેને બદલે ૩૨ રૂપિયામાં ડેમી સાઠઝમાં ૮૩૬ જટલાં પાનાનો એ ગ્રંથ આપવાનો નિર્ણય કર્યો હતો

ભાવનગરમાં 'સમગ્ર કવિતા'નું પ્રકાશન રાખવું – ૨૧મી જુલાઈએ, કવિની ૭૧મી જન્મજયંતીને દિવસે. કોઈ ઔપચારિક સમારંભ નહિ પણ કવિદ્વાર કાવ્યપાઠ ૭૫૦ નકલો

પ્રાથમિકશાળાનાં બાળકો માટે તૈયાર કરેલા 'સહજ પાઠ'ની ચર્ચા થઈ તેમણે ૧૮૨૫ના અરસાનો શાંતિનિકેતનનો એક જૂનો ફોટો બતાવ્યો, જેમાં કનુ દેસાઈ નગીનદાસ અને ગુરુ દયાળ મલ્લિક હતાં એમણે પોતે લખેલા રવીન્દ્રનાથના જીવનચરિત્રની વાત કરી જેમાં ટાગોરના જીવનના ૧૮૮૨ના વર્ષ સુધી લખ્યું છે પછી કહે – ૧૯૦૦ સુધી લખું તો ટાગોરના જીવનનો પૂર્વાર્ધ પૂરો થાય.'

ત્યાંથી પછી ઉમાશંકરભાઈને ત્યાં આવ્યો.

સંસ્કૃતિ-ના ૪૦૦-૪૦૧મા અંકની ચર્ચા થઈ પ્રતિભાવના એ અંક માટે પોતાને લખવા માટે એમણે બે કવિતાઓ કે અંશો પસંદ કર્યા છે તે વાત કરી.

તેમાં એક 'પ્રેમ શૌર્ય અંકિત' એટલે આચાર્ય હેમ-ચંદ્રે એમના અપભ્રંશ વ્યાકરણમા ઉદાહરણ તરીકે આપેલા પ્રાચીન દુહા. બીજી કવિતા – બહેરામજી મલબારીની 'ગુજરાતનું ભાવી ગૌરવ'માંથી એક અંશ. પોતાના સંગ્રહમાંથી મલબારીની કવિતાની જૂની ચોપડી 'સંસારિકા' લઈ આવ્યા, એમાંથી કવિતા વાંચવા લાગ્યા

'સુણ જરવી ગુજરાત, વાત કંઈ કહું હું કાનમાં...

વાંચતાં વાંચતાં તેમાં ડૂબી ગયા, પછી છેલ્લે જતા –

'આપી દઉં શો જન્મ એવડું મા તુજ લેવું –

પંક્તિ વાંચતાં તો તેમનો અવાજ ગદ્‌ગદિત હતો. એ પંક્તિ જાણે મલબારીનો નહિ પણ કવિનો પોતાનો ઉદ્‌ગાર ન હોય!

પછી સુરતી લાલા રહેલારી કવિતાની ચર્ચા ચાલતી હતી ત્યાં નગીનદાસ બોલ્યા. કવિ કહે – આ પ્રતિભાવવાળા અંકમાં પારસી કવિઓમાંથી એક પણ કવિતા નથી. રમણભાઈ(નીલકંઠ)એ પારસીઓની મજાક ઉડાવી હતી – 'બાહરી મજેહ' ના કર્તા પતીતની તેમા નાગરચાળો ખરો.' પારસીઓએ ગુજરાતી ભાષાની ભારે સેવા કરી છે કહેવતકોશ, સર્વસંગ્રહ, નવલકથાઓ વગેરેમાં તેમનુ પ્રદાન મહત્ત્વનું છે

'ઈતિહાસની બારસી' કવિતાની વાત નીકળી, કહે – એ શીર્ષક બરાબર નથી. મેં કહ્યું – 'મને ગુજરાતનું ભાવી ગૌરવ' કવિતાની ખબર નહોતી. એ સાંભળી કહે – 'એ કેમ ચાલે? તમારી પેઢીથી મલબારી કપાઈ ગયા. તમને એ કવિતાની ખબર ન હોય એમાં સર્વ વિદ્યાલય(કડીની મારી શાળા)નો વાંક રઘુવીરને ખબર ન હોય તો જેમ તમારો વાંક

હેમચંદ્રાચાર્ય સંકલિત દુહા વિશે વાત કરતાં કહ્યું – 'પ્રેમ-શૌર્ય અંકિત' –એમા ગુજરાતી સંસ્કૃતિ આવી જાય. પ્રેમ-શૌર્ય / શૌર્ય પ્રેમ.

નર્મદની પંક્તિઓ –

'ધ્વજ પ્રકાશશે ઝળહળ કસુંબી પ્રેમ-શૌર્યઅંકિત –'

'તું ભણાવ ભણાવ નિજ સંતતિ સૌને પ્રેમભક્તિની રીત –'

પ્રેમ-શૌર્ય પછી પ્રેમ-ભક્તિ. જ્ઞાનાલાલે પોતાને માટે 'પ્રેમ-ભક્તિ' નામ રાખી એ પરંપરા સાચવી.

નબ્બાનબડામાં દીવા નીચે ફરી તેમની તે અધ્યયનરત છબિ. મેં પસંદ કરેલું કરસનદાસ માણેકનું કાવ્ય તેમને ન જડ્યું. અધ્યાહ્વ સંગ્રહ જોવા કહ્યું. તેમણે કહ્યું કે

સપ્તપદી ની એક કવિતા 'નવ પરિણીત પેલાં બે ચાલ્યા જાય રેડિયો પરથી સાંભળી કોઈ પ્રાઝલની કવિતા આવી હતી – Creative reaction.

સ્વાતિબહેન આવતાં ફરી મલબારીની કવિતા વાંચી.

'રડી પડીશ એવું થયું – કવિએ કહ્યું.

ફરી ચાની વાત.

'સપ્તપદી ના ફર્મા જોયા. કહે – સ્પેલિંગ જોઈ લો. 'મારું નામ ભાષામાં ઓગળી ગયું છે એ આગળ મૂકેલી પંક્તિ બરાબર છે ને ?' આ પંક્તિ વિશે અગાઉ પણ પૂછેલું. એ વિશે અમારે ચર્ચા પણ થઈ હતી.

સાઇકલ પર પાછા વળતાં હું વિચારતો હતો – ગુજરાતી ભાષાની આ કવિએ કેટલી સેવા કરી છે ? સંસ્કૃતિ નો ૪૦૦–૪૦૧ અંક એ જ એનું એક વિરલ પ્રમાણ છે એ અંક માટે કેટલા બધા લેખકો પાસે લખાવડાવ્યું છે ? આ ઉમ્મરેય કેટલા બધા કલાકો કામ કરે છે – ગુજરાતી માટે જ ને !

૭-૬ ૧૯૮૧
બપોર.

'સંસ્કૃતિ ના ૪૦૦ અક માટે કરસનદાસ માણેકનું ચુંબનો ખડકીમાં કાવ્ય અને એનો આસ્વાદ લઈને ગયો. એ કાવ્ય સુરેશ જોશી સંપાદિત 'મનીષા ના પહેલા અંકના પૂંઠા પર જ છપાયેલું. મારી પાસે તે અંક હતો અને પ્રતિભાવ માટે એ કાવ્ય મેં પસંદ કર્યું હતું.

કવિ પહેલાં એ કાવ્ય વાચી ગયા, પછી આસ્વાદ.

કહે – કાવ્ય ઠીક છે પણ કાવ્યો વચ્ચે આમલીના પાણીની ગરજ સારશે.

આ મર્મોક્તિ ન સમજાય એવી તો નહોતી, કદાચ થોડી વાર લાગે.

૧૫ ૬ ૮૧
સાંજના ચાર.

કહે – કરસનદાસ માણેકની કવિતા ન આપવાનો નિર્ણય લીધો છે એ કવિતા વિશે જેટલું કહી શકાય, તે તમે સારી રીતે કહ્યુ છે પણ પહેલા અંકમાંય કેટલીક નબળી કવિતાઓ છે હવે વધારે નથી આપવી.

ચેટ એ બિટ્ પંખીલોક ની કવિતામાં બુલબુલના અવાજ સંદર્ભે બહાર આવે છે તેની ચર્ચા. વાતચીત અટકાવી એકદમ બોલ્યા – 'સાંભળો, આ અત્યારે જ

બુલબુલ બોલતું હતું. એના બોલમાં 'પંખીલોક'મા છે એમ વેટ, વેટ-એ-બિટ્ પણ સાભળી શકાય અને શ્રીપ્_ શ્રી પ્રભુ જેવો નાદ પણ સાભળી શકાય.

આ સાથે મમરા વળી, 'સપ્તપદી ની પ્રસ્તાવનાનો કેટલોક અશ વાંચ્યો. તેમાં નાળાપણના ભાષા સંસ્કારના જાદુની વાત હતી 'આ ॥ ॥ શબ્દની ચર્ચા. વળી, પ્રેમ શૌર્ય અકિત ની વાત.

પછી કહે – મલબારીની આખી કવિતા લીધી અડધી લેવી વે ડાવિઝમ છે

ગુજરાતીની ૬૪ કવિતાઓ વિષે બે કવિતાઓ સાથે ગુજરાતી ભાવકોના પ્રતિભાવ છે ગ્રંથરૂપે પ્રગટ – ૧૯૮૧.

નગીનદાસ પારેખની હયાતી દરમ્યાન રવીન્દ્રનાથના જીવનચરિત્રના એ પૂર્વાર્ધ વિશે પ્રગતિ થઈ શકી નહિ. એમના અવસાન બાદ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ૧૮૯૨થી ૧૯૦૦ સુધીની રવીન્દ્રનાથની સાહિત્યિક ગતિવિધિ સાથે ભોળાભાઈ પટેલ દ્વારા સંપાદિત થઈ 'રવીન્દ્ર પૂર્વચરિત નામથી એ ગ્રંથ ૧૯૯૬માં પ્રગટ થયો છે

રમણભાઈ નીલકંઠના કવિતા અને સાહિત્ય ગ્રંથમા 'માહરી મજેહ'ના કર્તા પીતીતની મજાક ઉડાડવામાં આવી છે પણ સુંદરમે 'અર્વાચીન કવિતા'માં એ કવિ વિશે સમભાવપૂર્વક લખ્યું છે એ પંક્તિ જરા સંકુલ છે જેનાથી પંખીલોક સમાપ્ત થાય છે એ આખો કાવ્યખંડ આ પ્રમાણે છે જેમાં પેલી પંક્તિ અહીં કાળાબીબામાં છે

> 'મારું કામ ? મારું નામ ?
> સપ્રાણ ક્ષણ, આનંદ-સ્પંદ – એ કામ મારું
> માનવતાની સ્ફુર્તિલી રફતારમાં મળી ગયું છે
> મારા શબ્દ-આકારો જે કંઈ રસવીચિઓ તે હવે અન્ય હૃદયમય.
> નામ મારું ભાષામાં ઓગળી ગયું છે
> વેઇટ-એ-બિટ્ —
> છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે

પુસ્તકોનાં પૂઠાં અંગે ચર્ચા કરતાં કવિ ઘણીવાર આપણા દેશના બે મહાન મનીષી સર્જકોનાં પ્રકાશનોની સુરુચિપૂર્ણ સાદાઈનો ઉલ્લેખ કરતા – રવીન્દ્રનાથનાં અને શ્રી અરવિંદનાં. ૧૯૮૧માં પ્રગટ થનાર ત્રણેય પ્રકાશનો કંઈક એના જ આદર્શને અનુલક્ષીને પ્રગટ થયાં છે એ પછી ઉમાશંકર જોશીનાં બધાં પ્રકાશનો – નવી આવૃત્તિઓ ડેમી સાઇઝમાં, બ્રાઉન પૂંઠાંમાં એકસરખાં રૂપરંગમાં પ્રકટ થાય છે

□

સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીની યાત્રા ટેડ હ્યુઝ (૧-૩૦-૧૯૯૮)

દર્શના ત્રિવેદી

Crow saw the herded mountains
steaming in the morning
And he saw the sea
Dark-Spined with the whole earth in its coils.
He saw the stars, Fuming away into life
black mushrooms of the nothing forest,
Clouding their spores the virus of God
And he shivered with the horror of Creation

('Crow Alights Crow 9)

અંગ્રેજી નવલકથાકાર જ્યોર્જ ઑરવેલ ૧૯૪૦ના વિશ્વની સ્થિતિનું વર્ણન કરતાં લખે છે

> ૧૯૩૦ પછી વિશ્વમાંથી આશાવાદ સંપૂર્ણપણે લુપ્ત થયો છે ચારેબાજુ તિરસ્કાર, ઘૃણા, હિંસા અને અરાજકતાનું સામ્રાજ્ય વ્યાપેલું છે આ પરિસ્થિતિમાં માનવીના મહત્ત્વના પ્રશ્નો જાણે કે કદીય નહીં ઉકલે તેવું લાગે છે '

પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધની વિનાશક અસરોએ બાહ્ય વિશ્વ અને માનવીના આંતરમનને હચમચાવી દીધુ યુદ્ધની ભયાનકતાથી માનવી હતપ્રત બની ગયો. ઈશ્વર, ધર્મ અને પ્રકૃતિમાંથી માનવીની શ્રદ્ધા ડગી ગઈ વિશ્વમાં ઊભી થયેલી આ નિરાશાજનક પરિસ્થિતિએ કવિઓને તેમના વિષયવસ્તુ અને કાવ્યશૈલીને બદલવાની ફરજ પાડી. ટી. એસ. એલિયટ અને એઝરા પાઉન્ડ જેવા કવિઓએ પ્રયોગશીલ કાવ્યો દ્વારા સંસ્કૃતિના પતન અને માનવીના આતર–બાહ્ય જીવનમાં વ્યાપ્ત અધકારને વાચા આપી તો બીજી તરફ પચાસના દાયકા પછી ઇંગ્લૅંડમાં કવિઓના એક જૂથે યુદ્ધની ભયાનકતા કે વિનાશક અસરોની અભિવ્યક્તિ કરવાને બદલે વાસ્તવિક જીવનનો સ્વીકાર કરી સામાન્ય માનવીની આસપાસના વિશ્વને અને રોજિંદી ઘટનાઓને પોતાનાં કાવ્યોમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો. ડી. જે એનરાઇટ, કીંગ્સલી અમીસ, રોબર્ટ કો કવેસ્ટ, ડૉનાલ્ડ ડે વી, ઇલિઝાબેથ જેનિંગ, ફિલિપ લાર્કિન જૉન વેન વગેરે કવિઓનું બનેલું આ જૂથ અંગ્રેજી કાવ્ય પરંપરામાં 'મુવમેન્ટ તરીકે જાણીતું બન્યુ. શરૂઆતમાં તો આ કવિઓ નિશ્ચિત વિષયો અને સામૂહિક સ્વીકાર્ય ધ્યેયો વિશે જ લખતા પણ ક્રમશ. બધા કવિઓએ પોતાની કાવ્યશૈલી દ્વારા એક અલગ ઓળખાણ ઊભી કરી. જેમાં બે કવિઓ વિશેષ નોંધપાત્ર બન્યા – ફિલીપ લાર્કિન અને રાજકવિ ટેડ હ્યુઝ

ફિલીપ લાર્કિન અને ટેડ હ્યુઝ સમકાલીન અને અગ્રગણ્ય કવિઓ હોવા છતાં તેમના વિષયવસ્તુ અને કાવ્ય સ્વરૂપ બાબતે બંને એક બીજા કરતાં તદ્દન ભિન્ન છે લાર્કિન આસપાસની ઘટનાઓ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ વિશે લખે છે જ્યારે હ્યુઝ પ્રાણીસૃષ્ટિ, પ્રકૃતિ અને આધુનિક માનવીની નિરાશાને વાચા આપે છે લાર્કિન પરંપરાગત કાવ્યસ્વરૂપો અને ત્રાસને અનુસરે છે જ્યારે હ્યુઝ અછંદાસ કવિતાઓ લખે છે લાર્કિનની કવિતાઓ જીવનના વાસ્તવિક સ્વીકાર સાથે પૂર્ણ થાય છે જ્યારે હ્યુઝ જીવનની સમસ્યાઓનો ઉકેલ શોધે છે લાર્કિનની શૈલી મૃદુ છે તો હ્યુઝની આક્રમક લાર્કિન ચૉસર, વર્ડઝવર્થ અને થોમસ હાર્ડી દ્વારા પ્રસ્થાપિત કાવ્ય-પરંપરાને આગળ ધપાવે છે જ્યારે હ્યુઝ પ્રસ્થાપિત કાવ્ય પરંપરાને ધરમૂળથી પરિવર્તિત કરે છે લાર્કિનને રસ છે જીવનના દ્વંદ્વના આલેખનમાં જ્યારે હ્યુઝને રસ છે જીવનસંગ્રામમા વિજતાના યશોગાનમાં. આમ તો બંને કવિઓ વિવેચનની પરિભાષામાં જીવન પ્રત્યે નકારાત્મક અભિગમ ધરાવતા nihilistic' છે છતાંય આધુનિક અંગ્રેજી કવિતામાં બંનેની આગવી પ્રતિભા છે

ઇ.સ. ૧૯૩૦માં ઇંગ્લૅંડના યોર્કશાયરમાં જન્મેલા કવિ ટેડ હ્યુઝ પર તેના પ્રતિકૂળ બાળપણ, પિતા પાસેથી સાંભળેલી યુદ્ધની વાર્તાઓ, કવયિત્રી સીલ્વિયા પ્લાથ સાથનું દુઃખી લગ્નજીવન અને સ્કોપનહર અને નિત્ઝેની 'Will to live' ફિલસૂફીની ઘેરી અસર છે કીથ સાગર લખે છે તે પ્રમાણે

યૉર્કશાયર ખૂબ જ પ્રતિકૂળ સ્થળ હતું બાળપણનું. તેની આસપાસનું વિશ્વ સ્વર્ગ અને નર્કની વચ્ચેના સ્થાન જેવું હતું.[૧]

બાળપણથી જ જોયેલી હિંસા, અસ્થિરતા અને અરાજકતાના લીધે કવિનું કાવ્યજગત પણ આ ભાવોથી ભરેલું છે સી. જે રોસન નોંધે છે તેમ,

"હ્યુઝની કવિતા હિંસાને આધુનિક જીવનના ભાગ તરીકે વર્ણવે છે"[૨]

'ધ હૉક ઇન ધ રેઇન'(૧૯૫૦)થી શરૂ થયેલી કવિની સર્જનયાત્રા 'બર્થ ડે લેટર્સ'(૧૯૯૮)થી સમાપ્ત થાય છે હ્યુઝની સર્જનયાત્રાને આપણે મુખ્ય ત્રણ તબક્કામાં વહેંચી શકીએ.

પ્રથમ તબક્કો જીવનના નકારાત્મક નમિત્તમ વિશેનાં કાવ્યો

આ તબક્કામાં 'ધ હૉક ઇન ધ રેઇન'(૧૯૫૭), 'લ્યૂપરકેલ'(૧૯૬૦), 'ચોડવો'(૧૯૬૭), 'ક્રો'(૧૯૭૦) અને 'ગાડેટે'(૧૯૭૭)નો સમાવેશ થાય છે

દ્વિતીય તબક્કો આશાનાં કિરણોની કવિતા જેમાં 'સીઝન સૉંગ્સ'(૧૯૭૫), 'કેવ બર્ડઝ'(૧૯૭૮) અને 'મારટાઉન'(૧૯૭૮)નો સમાવેશ થાય છે

તૃતીય તબક્કો નૂતન દૃષ્ટિકોણનો તબક્કો જેમાં 'રીવર'(૧૯૮૩), 'વૉલ્ફ વૉચીંગ'(૧૯૮૯) અને 'બર્થ ડે લેટર્સ'(૧૯૯૮)નો સમાવેશ થાય છે

હ્યુઝની પ્રથમ તબક્કામાં લખાયેલી બે કૃતિઓ 'ધ હૉક ઇન ધ રેઇન' અને 'લ્યૂપરકેલ' પ્રાણીસૃષ્ટિનું તાદૃશ વર્ણન કરતી કૃતિઓ છે ડી. એચ. લૉરેન્સના 'બર્ડસ્, બીસ્ટસ્ એન્ડ ફ્લાવર્સ' પછી પ્રાણીસૃષ્ટિના વિવિધ ભાવોને આલેખતી આ અંત્યત નોંધપાત્ર કૃતિઓ છે ઈશ્વરના સૃષ્ટિક્રમમાં મનુષ્ય પ્રાણી કરતાં અગ્રક્રમે છે પણ હ્યુઝની કાવ્યસૃષ્ટિમાં આ ક્રમની ફેરબદલી થઈ છે કેલ્વિન બેડિયન્ટ તેમના પુસ્તક 'ગેઇટ કન્ટેમ્પરરી પોએટસ્'માં લખે છે તે પ્રમાણે, "પ્રાણી જેટલું વધારે શક્તિશાળી તેટલું હ્યુઝ માટે વિશેષ પ્રશંસાપાત્ર."[૩] હ્યુઝના 'ધ હૉક ઇન ધ રેઈન' કાવ્યમાં બાજ પક્ષી અખંડ શક્તિના સ્રોત રૂપે વર્ણવાયું છે જેમકે

It took the Whole of Creation
To produce my foot, my each feather
Now I hold Creation in my foot.

જ્યારે હ્યુઝની પ્રથમ બે કાવ્યકૃતિઓ પ્રકાશિત થઈ ત્યારે વિવેચકો અને વાચકોને એમ લાગ્યું કે હ્યુઝ સભાનપણે હિંસા અને તિરસ્કારની લાગણીઓને પોતાના કાવ્યમાં વાચા આપે છે પણ વાસ્તવિક રીતે જોઈને તો હ્યુઝને હિંસા કે પ્રાણીસૃષ્ટિના આલેખનમાં રસ નથી. કવિએ તો આ સૃષ્ટિના ચિત્રણ દ્વારા આધુનિક માનવીના સંઘર્ષોને વાચા આપી છે હ્યુઝની કાવ્યકૃતિ 'વૉડવો' પ્રથમ બે કાવ્યકૃતિઓની સરખામણીમાં વધારે જીવનલક્ષી અને તત્ત્વજ્ઞાનયુક્ત છે આધુનિક માનવીની ઇચ્છાશક્તિ અનંત અને અમર્યાદ છે પોતાની અમર્યાદિત ઇચ્છાપૂર્તિ માટે માનવીએ શહેરો, વિજ્ઞાન અને સંસ્કૃતિનો વિકાસ કર્યો હોવા છતાય હજી તે પોતાના અસ્તિત્વનો તાગ મેળવી શક્યો નથી. માનવઅસ્તિત્વના સૌથી મહત્ત્વના પ્રશ્નો તે કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? તેના જીવનનું લક્ષ્ય શું છે ? તેનું અંતિમ મંતવ્ય કયું છે ? – આ બધા પ્રશ્નોને પ્રસ્તુત કૃતિમાં પ્રતીકાત્મક રીતે વ્યક્ત કરવામાં આવ્યા છે માત્ર વિષયવસ્તુની દૃષ્ટિએ જ નહિ પણ આ કૃતિ કલ્પન અને કવિના સૂક્ષ્મ નિરીક્ષણો

તૃતીય તબક્કામાં લખાયેલી કવિની કૃતિઓ જીવનના પૂર્ણદર્શનની કૃતિઓ છે કાવ... કાવ્યદૃષ્ટિ અંતે રોમાન્ટિક કવિ વર્ડ્ઝવર્થના જીવનદર્શન સાથે પૂર્ણ થાય છે પણ વર્ડ્ઝવર્થ અને હ્યુઝની કાવ્યદૃષ્ટિમાં ફેર એટલો છે કે વર્ડ્ઝવર્થે પોતાની સર્જનશીલતાના આરંભકાળથી જ કુદરતની પવિત્રતા અને શાશ્વતતાને પિછાણી છે જ્યારે આ શાશ્વતતા સુધી પહોંચવા માટે હ્યુઝને હિંસા, સંઘર્ષ અને યાતનાના નર્કમાંથી પસાર થવું પડ્યુ છે આ રીતે જોવા જઈએ તો ટેડ હ્યુઝની કાવ્યયાત્રા ને દાન્તેની 'ડિવાઇન કોમેડી સાથે સરખાવી શકાય. કવિની સર્જનયાત્રા નકારાત્મક અભિગમ Infernoથી શરૂ થઈ જીવનના પૂર્ણ સ્વીકાર Paradisoમાં પૂર્ણ થાય છે

આવા સમર્થ શૈલીના સ્વામી, મૌલિક વિચારોના પુરસ્કર્તા અને લડાયક મિજાજ ધરાવતા રાજકવિ ટેડ હ્યુઝનું અઢાર માસની કેન્સરની લાંબી બીમારી બાદ ઇંગ્લેંડમાં છવ્વીસમી ઑક્ટોબર ૧૯૯૮ના રોજ અવસાન થયું તેમને શ્રદ્ધાજલિ આપતા વિલી ઇન્ગ્રિડ લખે છે

Ted Hughes a man easily idealised
both in life and death.

પાદટીપ

૧ લોલેટ ક્યુબી. એન અનકોમન પોએટ ફોર કોમન મેન એ સ્ટડી ઑફ ફિલીપ લાર્કિનસ્ પોએટ્રી (હ્યુ માઉટન્ ૧૯૭૪) પાનું. ૨૮
૨. કીથ સાગર, ધ આર્ટ ઑફ ટેડ હ્યુઝ (કેમ્બ્રિજ કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૭૫) પાનું. ૬
૩. સી. જે રોસન, ટેડ હ્યુઝ એ રીએપેરાઇઝલ એસે ઇન ક્રીટીસીઝમ (જાન્યુ, ૧૯૬૫) પાનું. ૭૭
૪ કેલ્વિન બેડિયન્ટ, એઇટ કન્ટેમ્પરરી પોએટસ્ (લંડન ઓકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૫૪) પાનું. ૯૮

સંદર્ભગ્રંથો

૧. બેડિયન્ટ કેલ્વિન, એઇટ કન્ટેમપરરી પોએટસ્ લંડન ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૭૪
૨ ગ્રિફોર્ડ ટેરી, અને નેલ રોબર્ટસ્, ટેડ હ્યુઝ એ ક્રિટિકલ સ્ટડી' – લંડન ફેબર એ ડ ફેબર ૧૯૮૧
૩ કીંગ, પી. આર., બાઇન કન્ટેમ્પરરી પોએટસ્ – અ ક્રિટિકલ ઇન્ટ્રોડક્સન લંડન મેથ્યુન, ૧૯૭૯
૪ સાગર, કીથ ધ એચિવમેન્ટ ઑફ ટેડ હ્યુઝ માન્ચેસ્ટર માન્ચેસ્ટર યુનિવર્સિટી પ્રેસ, ૧૯૮૩

સૌન્દર્યના પરિચયથી લાગણીઓ સૂક્ષ્મ થાય છે અને નીતિદૃષ્ટિ પ્રાણવાન રહે છે, તેથી વિશાલ પટ પર જીવન આલેખતી પ્રાચીન-અર્વાચીન સૌ પ્રતિષ્ઠિત કૃતિઓના પરિશીલનથી સૌન્દર્યપરિચય સાધવો

વિવેચના

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

પ્રયોજન, પ્રવર્તન અને પ્રસ્તુતિની તાસીર જ નોખીનોખી હોવાથી એવું તારતમ્ય પણ વિધાનગત ન ઠરે. પંડિત ઓમકારનાથ ઠાકુર જેવા ઉત્તમ સંગીતપુરુષ તો, ઊલટું, એવો મત ધરાવતા હતા કે શિષ્ટ સંગીતનો આદિસ્ત્રોત લોકસંગીતમાંથી ફૂટ્યો હશે ! ગમે તે હો, એક વાત તો સ્વીકારવી રહી કે શાસ્ત્રીય સંગીતની સમાંતરે, બહુજનસમાજના સૂર-આરાધનનો આ ધીંગો સંગીતપ્રવાહ, આખાયે મધ્યકાળ અને અર્વાચીનતા પર્યન્ત વ્યાપકપણે વિલસતો રહ્યો છે શિષ્ટ સંગીતને સજ્જ અને (દક્ષિણમાં) ધર્મની જબરી ઓથ હતી જ્યારે લોકસંગીતને તો કેવળ લોકકંઠે ગૂંજતું જ રાજતું રહેવાનું હતું. એની પ્રવાહિતા અને પ્રાંજલતાના આંતરરસાયણે એના સાતત્યને કોઈની દાતારી વગર ટકાવી રાખ્યું.

*

લોકગીતોની અગત્યની ખાસિયત છે એની તાલનિર્ભરતા – સ્વરવિલાસને એ ઉપેક્ષે છે એવું તો નથી પણ ઉસ્તાદી સંગીતમાં સૂરકારી માટે આલાપ, મીંડ, ગમક કે તાનના બહલાવને જેટલો અવકાશ છે સ્વરોના અંતર્વિલાસ અને શ્રુતિગુણના પરિવર્તની જે છૂટ હોય છે એવું લોકગળોમા મુદ્દલ ન નભે. સ્વરોની આ સાતતાળીની રમત કે આટાપાટાને પ્રાકૃત લોકસમુદાય, ગાન અને શ્રવણ – બંને બાબતમાં કેમ કરીને પામે-પચાવે ? લોકગીતો તો વૈયક્તિકતાને નહિ, સામુદાયિકતાને ઉપાસે છે એટલે પૃથગ્જન જેને કંઠમાં ધારી શકે કાનમા ઝીલી શકે એવું સાદું-સરળ સ્વરગ્રથન જ એને સદે. એટલે જ પાચેક સ્વરોની સીધીસાદી ગૂથણીથી જ મોટાભાગના લોકગીતોનુ પોત બંધાતું હોય છે સારંગ, દેશ, મીંડ, કાફી, પીલુ, ખમાજ જેવા કેટલાક રાગોના એમાં ક્યાક ઓછાઅદકા કે ઝાંખાપાંખા સગડ મળતા હોય એનાથી એવો ભ્રમ ન થવો જોઈએ કે અમુકતમુક ઢાળ આ કે તે રાગ પર આધારિત છે રાગવિશેષની સ્વરપ્રકૃતિની લોકઢાળમાં વરતાની છાયા એ લોકસંગીતની સાહજિક સ્વાભાવિક અને સભાનતારહિત નિષ્પત્તિ છે એમાં શાસ્ત્રીય સંગીતનુ સંમાર્જન નથી. શાસ્ત્રીય સંગીતની સુદૃઢ શિસ્ત કે ચુસ્તતાને બદલે લોકઢાળોમાં તરલ પ્રવાહિતા, મોકળાશ અને સર્વસાધારણતા હોય છે અહીં વ્યક્તિગત સર્જકતા કે પ્રતિભાની પ્રમુખતા નહિ સમુદાયપરક સાર્વજનીન સંઘપ્રમુખતા હોય છે લોકઢાળો ઊગે છે લોકમાં, જીવે છે લોકકંઠે અને વિલસે-વિસ્તરે છે લોકઊલટ થકી. એ તો લોકસમાંજની ખોંધી મિરાત છે એટલે વૈયક્તિક સ્વતંત્રતાની તાલાબી, ક્યારેક એને 'શિષ્ટતા થી અભડાવી દેશે એનો ફડકો રહ્યા કરે !

*

લોકઢાળોને વિલસાવતી શબ્દરચનાઓની ગાનપ્રસ્તુતિને પણ પોતીકી વિલક્ષણતાઓ છે શાસ્ત્રીય સંગીતની મર્યાદિત મહેફિલનો એ સુવાંગ મામલો નથી. ઉલ્લાસ કે ઉત્સવમાં નયનૃત્યના સાદોલ-અતિયોગે, સત્સંગ, ભક્તિ, લગ્નાદિ સંસ્કારવિધિના સ્થિર-આસનયોગે, સામેયાં, શોભાયાત્રા કે વરઘોડાના અપરંગી પરિભ્રમણયોગે, કે ઋતુપરક નિત્યતવી પળોના નિર્હેતુક સંમિલન યોગે, ક્યારેક એકલગામ(Solo) કે ક્યારેક અનુસારક ગાન(Imitation) કે ક્યારેક સમૂહગાન(Chorus); ક્યાક સ્વતંત્ર તો ક્યાંક સંગત રૂપે આવા ફિગમકિસમના એના પ્રયોગસંદર્ભો છે એટલે પ્રસ્તુતિના અલગ અલગ સંદર્ભમાં ગવાતી રચનાના ગ્રહની

સ્વર-તાલયુક્ત લયઈબારત, ગાનારની શારીરિક ઉપ-સ્થિતિ(Positions)ની સાપેક્ષતાને અનુવર્તતી રહે. આને કારણે બેઠાંબેઠાં ગવાતાં એકલગાન/સંઘગાન, ઊભાઊભા, ચાલતાં ચાલતાં કે રાસગરબાની નૃત્યન મુદ્રાઓના બદલાતા રહેતા મેળમાં શ્વાસોચ્છ્વાસની ચડઊતરને નિયંત્રણમા રાખીને હરતાંફરતાં ગવાતાં ગીતોના ઢાળ, ગાનારના સદર્ભગત શારીરિક માનસિક ને ભાવાત્મક અનુબંધનું સૌંદર્યપોષક નિર્વહણ થઈ શકે એ રીતે ગંઠાતા રહેવાના. એટલે જ લોકઢાળોમાં સ્વરલીલાની નકશી કે ઝીણવટને ઝાઝું સ્થાન નથી, પરંતુ 'તાલ' ની ઉપકારકતાને એ મુખ્યત. પ્રમાણે છે તાલ લોકઢાળોની શ્રુતિમધુર લયવિચ્છિતિ સરજી આપે છે તાલનિર્ભર લયછટાઓ એ આપણા લોકઢાળોની સૌથી આકર્ષક અને પ્રભાવક પણ વિશેષતા છે

*

તાલ અને એની આવર્તિત આકૃતિમાંથી ઊપસતો લય એ લોકઢાળોનું મૂળ અધિષ્ઠાન છે લોકઢાળોમાં તાલનું પ્રવર્તન સદાયે વાદનસાપેક્ષ જ હોતું નથી. ગાયન, વાદન અને નર્તનની સાથે, માત્રા ગણીને હાથની તાળીથી તાલ દેવાની પ્રણાલિ પ્રાચીન છે 'તાલ એટલે ઉભયકરતલાઘાતોત્પન્ન ધ્વનિ – એવુ પ્રાચીન તાલલક્ષણ એની ગવાહી આપે છે લોકઢાળોની ગાનપરક પ્રસ્તુતિ વેળા મોટેભાગે હાથની તાળી ને/કે પગના ઠેકાથી પણ તાલ અને એમાં સંચરિત લયસ્વરૂપને વ્યક્ત કરાતાં હોય છે એ વાત પણ અવશ્ય યાદ રાખવી ઘટે કે શાસ્ત્રીય તાલોની જેમ લોકઢાળોમાં કાલ કે ખાલી નો નિર્વાહ કરવાનું મુશ્કેલ બને, એમાં તો તાલ કે ભરી નો પ્રયોગ જ નભે. એ જ રીતે લયનિર્વહણમાં સગત વાદીના બોલ ની વિશિષ્ટ પારિભાષિક જાણકારી લોકગાયક પાસે ન પણ હોય. કેમકે એમને માટે લોકઢાળો એ પ્રયોગ(performance)નો પ્રદેશ છે તાંત્રિક પરિભાષાનો નહિ. અહીં ક્રિયાલક્ષી અને કુદરતી સમજથી તાલનાં માત્રિક નિયંત્રણો અને તજજન્ય લયના આંતરસ્વરૂપને સહજપણે એણે આત્મસાત્ કર્યાં હોય છે

માત્રાની ગાણિતિક સીમામાં વિચરતા તાલ ની રચના, મૂલત. એક પ્રકારનો બૌદ્ધિક વ્યાપાર છે પરંતુ એના થકી સ્વરોની ચાલને ધબકાર સાંપડે છે તાલમાંનાં નિયત આવર્તનોને કારણે ઢાળને ગૂંથતા સ્વરોની શ્રોત-આકૃતિનું નિર્માણ થતુ હોય છે એ ઘટના શ્રુતિરંજક નીવડે છે એમાં જ લયનિબંધનની સાર્થકતા છે તાલની ગતિશીલતાને લીધે તરજમાં સાતત્ય ને સતત લયસંચાર થતો રહે છે એથી કરીને લોકઢાળોમાં સ્ફૂર્તિભરી તાજપ અને જીવંતતાનો અનુભવ સાંભળનારને થાય છે

લોકઢાળોની ગાનઘટનામાં, આમ, તાલ નું પરિમાણ અત્યંત પ્રભાવક અને વ્યાપનશીલ હોય છે અહીં સ્વરરચના તો સરળ અને ટૂંકી હોય છે ઓછા સ્વરોની સહાયથી પણ લોકઢાળોનું જે અપાર વૈવિધ્ય સાંપડી રહે છે એ આખીય ઘટનામાં તાલ અને 'લય' ની સૌંદર્યવિધાયક ઉપકારતા મહત્ત્વની બનતી હોય છે

આપણા લોકઢાળોમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં, અતિપ્રચલિત તાલ હીંચ છે હીંચ, અને એના અતિદ્રુત લયની ચાલતી ની શાસ્ત્રીય વર્ગણીમાં ભલે ચલના ન કરાતી હોય (જોકે ડૉ. બર્વેએ એને એક પ્રકારનો તાલ કહ્યો છે ખરો !) પરંતુ પરંપરામાં તો એનો અતિ પ્રચાર થવાનો છે આ ઉપરાંત ઘાટરો, દીપચંદી અને કહેરવા(કેરબો)નો વપરાશ

– એ... જા... ળિ... યાં... સૂ... નાં... રિ.યાં રે....
બા. વ. લિ. યા... ત...મું... વિ...ના !
વેલાબાવાનાં ઉતાર ઓરડા અમ્બર રિયા,
ઉતારુ કરશો <u>હરિ બાવાનો હુકેમ રે</u>
જા... ળિયાં... સૂ...નાં... રિ...યાં રે... બાવલિયા, તમું વિના

*

કે ભાઈ, ભા...ઈ, જાળિયાં સૂનાં રિયાં રે...
હો, ભા.ઈ... ભા...ઈ ! જાળિયાં સૂનાં. રિયા રે
બા.વ. લિયા... ત...મું. વિના !

– લયભેદનો જોયો આ ચમત્કાર ? ચોડાક શબ્દફેર સાથે, દ્રુતને વિલંબિતમાં ઢાળવા માત્રથી આગલા શૃંગારનાં નખરાં અહીં વૈરાગ્ય અને વિરહની ભગવી ભભકમાં કેવાં ભાવપરિવર્ત પામે છે ? ગુરુની ચિરવિદાય પછી, આખાયે પરિસરમાં તરતી ભાવસિક્ત સ્મૃતિઓ જે આર્દ્રતાથી ટપક્યા કરે છે એની ભીનાશનો અનુભવ આ વિલંબિત લયને કારણે રહ્યો ! લોકગીતોમાં પ્રચલિત ભાત(Pattern)ને અનુસરતા એંતરાઓમાં, પ્રથમમાં કડલાં કાંબી ખથડી ... અને બીજામાં દાતણિયાં પાવણિયા બોજનિયાં ભખવાસિયાં ચોઢણિયાં ... એવી ઉપચાર સામગ્રીના વર્ણકો ૩૬ પ્રકારે આવર્તિત થયા કરે છે એમાં કશું નાવીન્ય નથી, ન જ હોય. કેમકે આ અંતરાઓની ચરણયુતિએ તો ધ્રુવપદમાં ધ્વનિત ભાવની આજુબાજુ રસપોષક લયગુંફ જ રચવાનો હોય છે એનું કશું વ્યતિરિક્ત રસમૂલ્ય હોતું નથી. આ ઉદાહરણો પૈકી, પ્રથમમાં દ્રુત/અતિદ્રુતનાં ત્વરિત લયઆંદોલનો અપ્તરંગી રતિભાવ અને બીજામાં વિલંબિતનાં અતિમંથર તરંગોનો પુસ્તાર વિરહકાતર સૂનકારને પડઘાવ્યા કરે છે આપણો શ્રુતિસંસ્કાર એ બાબતની સાહેદી પૂરશે.

સમાન ઢાળની અલગઅલગ રચનાઓમાં તાલભેદથી નકરા તાલભેદથી, સરજાતો લયપરિવર્ત, ભાવનિષ્પત્તિની આખી તાસીર કેટલી બદલી નાખે છે એ તપાસીએ અતિખ્યાત લોકરચના અને જ્ઞેય સખી રચિત પદની પ્રસ્તુતિમાં. પ્રથમ જોઈએ હીંચના દ્રુતલયમાં નિબદ્ધ આ રચનાની થોડી પંક્તિઓ

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે,
ઝીણા ઝરમર વરસે મેહ
ગુલાબી, કેમ કરી જાશો ચાકરી રે ?
ભીંજાય મેડી ને ભીંજાય ભળિયાં રે,
ભીંજાય મેડીની બેસતલ રાણી ગુલાબી.

*

તમને વ્હાલી તમારી ચાકરી રે,
અમને વ્હાલો તમારો જીવ–
ગુલાબી, નૈં રે જાવા દઉં ચાકરી રે !'

જોઈ શકાશે કે અહીં હીંચનો દ્રુતલય, મુગ્ધા નવપરિણિતાના પતિવિયોગની સંભાવનાના આછા શૃંગારને સંકેતિત કરવામાં, નિર્ણાયક રહે છે હવે, આ જ ઢાળને અનુલક્ષી પ્રેમાનંદ સ્વામીની રચનાને દીપચંદીની વિલંબિત લયગતિમાં સાંભળો–

'સજની, શ્રીજી મુજને સાંભર્યા રે,
હૈડે હરખ ઘણો ઊભરાય। – સજની૦
નેણે આંસુની ધારા વહે રે,
મનડું વિરહે વ્યાકુળ થાય રે। – સજની૦

** ** **

એ હરિ મળવાને હૈયું તપે રે,
પ્રેમાનંદ ના જીવનપ્રાણ રે। – સજની૦'

એક જ સ્વરબંદિશને અનુવર્તતી આ બંને રચનાઓનાં કહેવતરૂપમાં પ્રથમની હીંચ ની બદલે 'દીપચંદી નો તાલસ્પર્શ મળવાને કારણે આગલો દ્રુતલય અહીં વિલંબિતમાં બદલાયો. આ લયસંચલન થતાં, આગલો ઢાળ જ અહીં ઊંડા હૃદયના ભક્તિભાવની ખટકને, ભગવદ્વિરહની આર્તિને કેટલી પ્રાજલતા અર્પે છે!

તાલની કારકતા અને લયનું પ્રભાવક સંચરણ લોકમાળોમાં કેવાંકેવા સૌંદર્યપરિમાણો સરજે છે એના થોડાક નમૂના તરફ પણ જરા નજર ન નાખી લઈએ.

(૧) લાવણીની ચલતીના દ્રુતલયનું રણઝણતું ગૂંજન સંભળાશે આ વૈષ્ણવી ધોળમાં –

ગિરિકંદરામાંથી પ્રગટ થયા પ્રભુ, આપ ગોવરધનનાથ રે,
નંદ જશોમતી કેરા લાલા, વ્રજ સૌ કીધું સનાથ–
ગોવરધન રૂસિયા રે/
મારે મન વસિયા વ્રજનાથ/ મધુરું વ્હાલો હસિયા રે /

*

અહીં બીજા ચરણના અંતે આવતો અટકતો આકસ્મિક ખટકો ગોવર્ધન રસિયા રે / મારે વ્રજનાથ / મધુરું... હસિયા રે. / ધ્રુવપદના આ ત્રણેય અંતર્ખંડકોના ટૂંકા શબ્દશકલોના અંતર્વિરામ સાથે ઉપરાઉપર ટકરાતો રહીને અંતે જે રીતે શમી જાય છે એ લયછટા લોભામણી છે

(૨) તો કહેરવાના દ્રુતલયનું નિબંધન સ્વરગતિની કેવી ઝડપી ચાલ દાખવે છે એ આ અતિખ્યાત આરતીમાં સાંભળવા મળશે.

'શિવશક્તિની આરતી મા, જે ભાવે ગાશે/મા, જે ભાવે ગાશે,
ભણે શિવાનંદ સ્વામી (૨), સુખસંપત થાશે/કૈલાસે જાશે.
– જય ૐ જય ૐ મા જગદંબે!

(3) 'ધા ધિન્ના, ધા ધિન્ના – છ માત્રાના ઢાદરાની લયકતી સમચાલનું માધુર્ય આ ગરબીમાં કેવું છે?

"શોભા ચતુરા શ્યામની, તું જોને સખી, શોભા ચતુરા શ્યામની !

*

અનુપમ એ અલબેલો રસિયો, જીવનમૂલી ઘનશ્યામની ! – તું૦' –

(૪) હવે તો સાવ લુપ્ત થઈ ચૂકેલી હમચી'માં પ્રયોજાતો રમતિયાળ અને રેવાલગતિએ ચાલતો, એક માત્રાનો તાલ, શ્રુતિઘટનની બાબતમાં ભારે પ્રભાવક હતો જુઓ આ હમચી –

'એકે છંદે, બીજે છંદે, ત્રીજે છંદે ઘેરી

*

હાસ્ય-પરિહાસમાં કેટલાંક હળવાં લગ્નગીતો – ફટાણા માં પણ આ લયચાલનું પ્રવર્તન સાંભળવા મળશે

'તમારા રે બાડાં બોબડાં સંભાળીને લેજો
અમારાં રે શાન્તાબે નને દોષ ન દેજો !"

(૫) અતિ અટપટો ઝૂમરો પણ લોકગીતોમાં ક્યાંક સાંભળવા મળે છે જુઓ આ જનોઈનું ગીત–

'–કે બડવો જઈ બેઠો છે ઘડાજીને ખોળે ચડી

(૬) કેટલીકવાર મુખડાના મડાણ પછીનાં ચરણોમાં લયખંડકોના બેવડાં, ત્રેવડા કે ચોવડાં આવર્તનો ઉપરાઉપર ધસમસતાં કૂદે૦ એથી ભાવને વળ ચડાવતી લયછટા ખૂબ પ્રભાવક બનતી હોય છે આ આરતીની થોડીક પંક્તિઓ જુઓ

'ઉતારો આરતી શ્રીકૃષ્ણ ઘેરે આવ્યા.
હરખ ને કુલાયણે શામળિયો ઘેરે આવ્યા.
ઝીણે ઝીણે ચોખલિયે ને મોતીડે વધાવ્યા રે – ઉતારો૦'

– આટલું ગાયા પછી ઉપરાઉપર ધસી આવતા લયખંડકો જુઓ

(૧) કાળીને કરગરતો કીધો/વાહીને મન વરતી લીધો, / (૨)
(૩) પતાળ જઈને નાગ જગાડ્યો/નાગને તો નાથી લીધો / (૪)
(૫) નાગણિયુંને દરશન દીધાં/કમ્મળફૂલ લૈ આવ્યા રે ! ઉતારો.

– અહીં (૧), (૨), (૩), (૪), (૫)માંનો પ્રત્યેક ખંડક દ્રુતલયની આરોહાત્મક સપાટીએ વિચરતો રહી સતત આવર્તિત થતો રહે છે એકધારા પાંચ આવર્તનો લય-ગૂંજનો જે ગોરંભો ઊભો કરે છે એ કમ્મળફૂલ સાથે જોરથી ટકરાઈને, ધ્રુપદ સાથે અન્વિત થઈને વેરાઈ જાય છે લયની આ ફેનિલ સૃષ્ટિનાં શ્રુતિલવલયોનો કોઈ ગજબનો સન્નાટો વાતાવરણમાં છવાઈ રહેતો હોય છે

(૭) આરંભપંક્તિની સ્વરબદ્ધિશને જ આખી રચના અનુવર્તતી રહે એવો ઢાળ, લોકગીતો/ધોળમાં અતિપ્રચલિત છે અહીં પ્રત્યેક ચરણનું ગાન, સ્વરમંડલની ગૂંજને ઘૂંટતું રહે એવી રચાતા લયવિવર્તનો કેફ માણવાલાયક નીવડતો જણાશે. ધ્રુપદ/અંતરાનાં સમાન ચરણો જાણે કે એક માપનાં મોતી-ની પરોવેલી માળા જોઈ લ્યો ! વિસ્તારભયે થોડાંક ધ્રુવપદો જ માત્ર ટાંકું છું

રુખડ બાવા, તું હળવો હળવો હાલ્ય જો,
ગરવાને માથે રે રુખડિયો ઝળુંબિયો

*

આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદિયું રે સાહેલી મારા સપનામાં

*

સૌથી સમરથ રાધા વરનો આશરો,
જેના જનને દુભવી શકે નહિ કોઈ જો!

*

વૃંદાવનના ચંદ શ્રી વિઠ્ઠલનાથજી
રાસવિલાસ વ્હાલે કીધો અપરંપાર રે!

(૬) લોકનૃત્ય કે સ્ત્રીઓના રાસડામાં સમાપન વેળા ચગતો ટિપેડો નર્તકવૃંદની ચપળતા, ઝડપ, જોમ સાથે લયસંયોજનની અજબ સ્ફૂર્તિને પ્રત્યક્ષ કરાવે છે

'ધિન્ તાક, ધિન્ તાક, ધિનાના ધિન્ તાક્' – આ બોલને ગૂંજતી થોડીક પંક્તિઓ –

શરદપૂનમની રાતડી, રંગ ડોલરિયો!
માતાજી રમવા દ્યો રે, રંગ ડોલરિયો!'

*

'અમે અમારે ઘેર જાઈએ, બાયું, રામરામ છે
બોલ્યું ચાલ્યું માફ રે, બાયું, રામરામ છે

*

(૮) ક્હેરવા ની ટૂંકી ચાલમાં ગીતનાં ચરણોને રમાડતી અતંખ્ય રચનાઓ આપણી લોકસામગ્રીમાં મળી આવશે. આવાં ઘોળ કે પદોના આનને સાતંતપણે લયનો જે ચેપૂર પુટ મળતો રહે છે એ વડે ગીતમાંનાં નાદાત્મક અનુરણનને શ્રુતિમાધુર્યનો અજબ વૈભવ સાંપડતો હોય છે આ એક નમૂનો પથરાટવાળાં ચરણો ધરાવતી સંઘગાનની લોકરચનાનો –

ઢોલ, નગારાં ને ઝાલર વાગે, વાગે છે શરણાઈ વાજાં રે, હાલો જોવાને જઈએ!
દ્વારકામાં રણછોડરાય રેસ ચલાવે, ધરમની ધજાયું ચડવે રે, હાલો જોવાને જઈએ.

*

રાંદલ તેડવાના પ્રસંગમાં, બીજે દિવસે વહેલી સવારે લગભગ સૂર્યોદય થવાના અરસામાં માતાજીને વિદાય આપતી વેળા ગવાતું ગીત તો, એમાંના નાદગૂંજન અને કલ્પનનિર્મિતિને કારણે ઊંચા કાવ્યગુણનો અનુભવ કરાવે છે પણ એકીસાથે અનેક સ્ત્રીકંઠેમાં ગૂંજતી એની સ્વરઆકૃતિ (Symphony)માંને ગતિશીલ લયહિલોલને કારણે તત્કાળ પ્રકૃતિ અને પરિસરનું કેવું ચિત્રાત્મક રતવિશ્વ ખડું કરી દે છે તે આ થોડીક પંક્તિઓમા સાંભળો –

આલાલીલા વાંસની વનવેલ રે, રાનાદે !
ચકર-ભમરનાં બે પઈ... રે, રાનાદે !
હરણ-હિંશોરિયા બે ધોરી રે, રાનાદે !
અરકરિવાળી-કરકરિવાળી ધોંસ રે, રાનાદે !
ઉંમડિયાળી-ફુમકિયાળી રાશ્ય રે, રાનાદે !
સરજદેવ હાંકે આઈનો રથ રે, રાનાદે !
રાંદલમા રથમાં બેઠાં જાય રે, રાનાદે !

*

આપણાં મધ્યકાલીન પદો, ધોળ, ભજન, આરતી, થાળ, હાલરડાં, રાસ/રાસડા ઉપરાંત સંસારરંગના વાણીરૂપ આવિષ્કાર જેવાં લોકગીતોનો પારાવાર, આ પરંપરિત લોકઢાળોમાં, અદ્યપર્યંત અકબંધ રહ્યો છે સ્વરવિહારની હરકતો કે કરામતો એના હાડમાં જ નહોતી. સ્વરોની સાદી અને સરળ પ્રવાહી બાંધણી ને તાલની રસદા સંરચનામાં એ ઝિલાતાં રહ્યાં છે સેંથકની ને મોં કઢી વાદ્યસંગતની પણ કદી એને જરૂર નહોતી રહી. ઢોલક નરઘાં, ક્વચિત્ ઢોલ, મંજીરાં કે ઝાંઝ બસ, આવાં તાલવાદ્યોથી એ એમાના અતર્ગત લયબળે લોકપ્રભાવ જન્માવતાં. ગઈ સદીની છેલ્લી વીશીથી આપણી રંગભૂમિના સંગીતને – અને બોલપટના આરંભકાળે સિનેમા સંગીતને પણ શણગારવામાં આ લોકઢાળો અતિસમર્પક રહ્યા હતા. છેલ્લા ત્રણેક દશકા દરમ્યાન વકરેલા વ્યવસાયીકરણે અજાણ્યા તાલવાદ્યો ઉપરાંત સ્વરવાદ્યોના અતિશય ભભકાનો ભેળીસાડો કરીને પરંપરાપ્રાપ્ત લોકઢાળોના અસલી સ્વરૂપ સામે મોટું જોખમ ઊભું કર્યું છે એવું જ બીજુ ભયસ્થાન છે સગદારી સંગીતનો ઘાટો પુટ આપીને એમાં શાસ્ત્રીયતાની સૂક્ષ્મતા આણવાના પ્રયાસોનું કોઈ સમજદાર લોકગાયકના કંઠની કુમાશ લોકઢાળોની રજૂઆતમાં સવિશેષ અપીલ ઊભી કરે એ તો નિર્વાહ ગણીએ, પણ તત્કાળ-સર્જન(improvisation)ની આવી ગુંજાશ જો લોકઢાળના ગાનને વૈયક્તિક ગાયન ના ઈલાકામાં જ થાપી દેનારી નીકળે તો આ લોકકંઠની સાર્વજનીન સામગ્રી, વ્યક્તિગત કળાપ્રતિભાની વિરલ ચીજ બની જશે.

□

વિવેચકનું ત્રિવિધ કર્તવ્ય

આમ, સહૃદયતાથી ને કલ્પનાથી સમજવું ને માણવું, ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિએ આલોચના કરવી, અને વર્તમાન સમયની બૌદ્ધિક હવામાં કૃતિમાંના જીવનરહસ્યને કે કર્તાના જીવનદર્શનને મૂકી આપવું, એ ત્રિવિધ કર્તવ્ય વિવેચકનું છે એના ત્રીજા પ્રકારના કર્તવ્યમાં તે જીવન-ફિલસૂફ અને કલા-ફિલસૂફ બને છે અથવા તેની પોતાની ફિલસૂફીને ઉપયોગમાં લે છે

ઉપાયન પૃ. ૨૩ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

બદરીપ્રસાદ ભટ્ટ

૧૯૩૬ ૩૭ના અરસાની વાત હશે. ભાલોદમાં નદીએ નહાવા જતાં જતાં પિતાજીએ ત્યાંની લાઇબ્રેરીમાંથી વીર ગોરજચ્છ અપાવેલું ને તે લાઇબ્રેરીમાંથી લાવીને મેં વાંચેલું પહેલું પુસ્તક હર્ષદભાઈ ગામના તન્નિષ્ઠ ગાંધીવાદી કાર્યકર ને તેમણે દાન મેળવીને પોતાની પ્રવૃત્તિના ભાગ રૂપે ગામના મઠની એક ઓરડીમાં આ લાઇબ્રેરી શરૂ કરેલી. એ પોતે જ તેના લાઇબ્રેરિયન ઘરની ખીચડી ખાઈને જ અન્ય સેવા પ્રવૃત્તિની સાથે તે આ કામ કરતા. ભારે ચીવટવાળા માણસ. વર્ષે એકવાર પુસ્તકો ખરીદવા શહેરમાં જાય. આવેલાં પુસ્તકોને બાળવિભાગ ને યુવકવિભાગમાં વર્ગીકરે, પૂંઠાં ચઢાવે, નંબરની કાપલીઓ ચોડે જૂનાં પુસ્તકોને તાંપે, નવાં પુસ્તકોને કાચમાં ફોટાની માફક મઢેલાં બે બોર્ડ પર ચઢાવે પુસ્તકો આપે ને લે. પુસ્તકાલયની ફી નજીવી બાળવિભાગ કરતાં યુવકવિભાગની થોડી વધુ. હર્ષદભાઈ શહેરમાંથી કયાં નવાં પુસ્તકો લાવે છે તેની વાચકવર્ગને સારી એવી ઉત્તેજના રહેતી. આપેલું પુસ્તક પાછું મેળવવામાંય તે ચોકકસ ને કડક લાઇબ્રેરી ખોલવામાં તે ભારે નિયમિત. બકોર પટેલ ના ભાગોથી શરૂ કરીને લોખંડી પંજો દિવ્યચક્ષુ ભારેલો અગ્નિ હૃદયનાથ પાટણની પ્રભુતા ગુજરાતનો નાથ રાજાધિરાજ શરદબાબુની કેટલીક નવલકથાઓ આ લાઇબ્રેરીમાંથી લાવીને વાંચી નાખેલી. આજે આ લાઇબ્રેરી બંધ છે ને એનાં પુસ્તકોનુંય ઠેકાણું નથી. ગામમાં બીજી મૂળજી રઘુનાથજી લાઇબ્રેરી પણ હતી. ગુજરાત વર્નાકયુલર સોસાયટીની આજીવન સભ્ય તે હતી ને તેથી કેટલાંક લલિતેતર સાહિત્યનાં ઉત્તમ પુસ્તકો તેમાં હતાં પરંતુ તે સાવ અવ્યવસ્થિત દશામાં હતી.

ઘરમાં અનેક પુસ્તકો હાથવગાં હતાં. ભાગવત, વાલ્મિકી રામાયણ, રામાયણ મહાભારતનાં પાત્રો ગાંધીજીનાં તમામ પુસ્તકો, ચિત્રદર્શનો, કાવ્યમંજરી ને કોઈ ભગતની કડવી વાણી, Woman in White, Count of Montechristo, વસંત નાં બંધાવેલાં વૉલ્યુમ – આ સર્વ રત્ન પડતો ગયો તેમ તેમ વાંચતો ગયો. પ્રજાબંધુ શિક્ષણ ને સાહિત્ય પ્રસ્થાન પણ નિયમિત આવતાં. પ્રજાબંધુ ની વાર્ષિક બેટો તરીકે આવતી નવલકથાઓની આતુરતાપૂર્વક રાહ જોવાતી ને આવે કે તરત વંચાઈ જતી. નાનપણથી જ મન આ રીતે ગાળીવિચાર ને સાહિત્યમાં ઘોળાયેલું. ઘરની લાઇબ્રેરીએ ઘડતરમાં અમૂલ્ય ફાળો આપ્યો.

મૉટ્રિકમાં ભણવા માટે સૂરત જવાનું થયું. સાર્વજનિક હાઈસ્કૂલ(નાનપરા)માં ભણતો ને તેની કે એન. હૉસ્ટેલમાં રહેતો. આ છાત્રાલયમાં નાનું પુસ્તકાલય હતું. સામાન્ય રીતે છાત્રાલયોમાં લાઇબ્રેરી જોવા મળતી નથી. ગુજરાત કૉલેજની હૉસ્ટેલમાં કે મુંબઈની યુનિવર્સિટી હૉસ્ટેલમાં તો તે ન્હોતી જ પણ આ સ્કૂલની હૉસ્ટેલમાં ત્યાં કોઈ વિદ્યાર્થી અવસાન પામ્યો હતો ને તેના સ્મરણાર્થે આ લાઇબ્રેરી સ્થપાઈ હતી. ડ્રાઇંગની માસી અને નીજ વાતો (નંદલાલ) અને કૃષ્ણા હઠીસિંહની With No Regrets- ચીફ નો રિગ્રેટ્સ ત્યાં વાંચેલી એનું બરાબર સ્મરણ છે આ લાઇબ્રેરીનું સંચાલન એકાદ છાત્રાલયનિષ્ઠની

વિદ્યાર્થી અવ્યવસ્થિતરૂપે કરતો.

ગુજરાત કૉલેજમાં ચાર વર્ષ ભણ્યો ને ત્યાંના ગ્રંથાલયનો ઠીકઠીક ઉપયોગ કર્યો. પુસ્તકો મેળવવામાં ખાસ તકલીફ રહેતી નહોતી. પટાવાળો ભારે મદદરૂપ. પાછળની ચોવરેલકર કર કરીને ઉત્સાહી ગ્રંથપાલ આવ્યા હોવાનું સ્મરણ છે

વેકેશનમાં પુસ્તકો કૉલેજ લાઇબ્રેરીમાંથી મળે નહિ ને હૉસ્ટેલ છોડી ગામ જવાનું હોય એક ઉનાળાની રજાઓમાં સૂરતની એમ. ટી. બી. કૉલેજની લાઇબ્રેરીમાંથી સ્નેહી વડીલની સહાયથી ભારતીય અર્થશાસ્ત્ર પરનાં સરસ ચાર પુસ્તકો મળી શક્યાં હતાં ને વિષની ઊંડી સમજ મેળવવામાં આ કારણે ભારે સહાય મળી હતી.

એમ. એ માટે સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમા મુબઈ જવાનું થયું. ત્યાં એક નવી સમસ્યા ખડી થઈ હું તો લાઇબ્રેરીમાથી પુસ્તક રૂમ પર લાવી પડ્યા પડ્યા વાચવાની ટેવવાળો મુંબઈની સ્કૂલ તેમ જ યુનિવર્સિટીની લાઇબ્રેરીઓ સમૃદ્ધ પણ તેમાં લોન્ડિંગ સેક્શનમાં પુસ્તક ઘણાં ઓછાં હોય. સમયસર પહોંચી જરૂરી પુસ્તક મેળવી લેવુ પડે નહિતર કાલે અધૂરું છોડેલું પુસ્તક આજે હાથ ન આવે. લાકડાવાલાસાહેબ (ડૉ. ડી. ટી. લાકડાવાલા) ઉદાર એટલે એમના ખાતે પુસ્તકો મેળવીને ઘરે ગબડાવેલું. લાઇબ્રેરીમાં સવારથી સાંજ સુધી બેસીને વાંચવાની ટેવ તો ન પડી તે ન જ પડી.

મુંબઈ ચર્ચગેટ પાસે યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફર્મેશન સર્વિસ(U.S.I.S)ની લાઇબ્રેરી હતી ને તેનો સુખદ અનુભવ રહ્યો. અહીં નિયત ફોર્મ ભરી તમારા પરિચિત બે માણસોના ટેલિફોન નંબર આપો એટલે પુસ્તકો વાંચવા લઈ જવાની સગવડ મળતી. વાચક પર કેટલો બધો વિશ્વાસ ! આ લાઇબ્રેરીનો સારો લાભ લીધો. અમારે જોઈએ તે કક્ષાનાં પુસ્તક એમાં પ્રમાણમાં ઓછા, માત્ર અમેરિકન પ્રકાશનો જ ત્યાં મળે, – આ મર્યાદાઓ ત્યાં હતી ખરી.

મુંબઈના વસવાટ દરમિયાન એક વર્ષ આર. એલ. ટ્રસ્ટના ઓપેરા હાઉસ પાસે આવેલા માત્ર અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયમા રહેવાનું થયું. ટ્રસ્ટની, થોડે દૂર આવેલી, લાઇબ્રેરીનો લાભ મળ્યો. સિડની ને બિયેટ્રિસ વેબનું Soviet Communusm – A new Civilization નામક દળદાર પુસ્તક વાંચવામાં આવ્યું ને તે જીવનદૃષ્ટિ પર ઊંડી છાપ મૂકી ગયું.

આ નગરનાં વૃક્ષ ભારી લાગણી છે
પાન અમથું તોડતો મા, ઓ મુસાફર !

ગ્રંથાવલોકન

ભૂલથી પણ આ 'ગંજીપો' રમવા જેવો નથી

ધ્વનિલ પારેખ

ગંજીપો રસિક પંડ્યા ફકીર પ્ર ગઝલ પરિષદ, રાજકોટ, કિ ૫૭૫

આ ગઝલસંગ્રહની પ્રસ્તાવના લખી છે જાણીતા ગઝલકાર ડો. હરેશ તથાગતે. એમણે મિત્રભાવે જે પ્રશસ્તિના પુષ્પો વેર્યાં છે એની એક ઝલક જોઈએ 'ગુજરાતી ગઝલે ગતિ તો સાધી જ છે ગરિમા પણ સિદ્ધ કરી છે સવાસો વર્ષના સમૃદ્ધ ઇતિહાસ આકાશે અનેક સૂર્યમાળાઓ ઝળહળી છે તેમા ઉમેરાતો એક કવિસૂર્ય એટલે રસિક ફકીર પંડ્યા. એમણે ટાંકેલા આ કવિસૂર્ય(ફકીર')ના એક શે ર પરથી જ કવિની ગઝલ સમજ વિશે પ્રશ્નો થવા માંડશે અને સાથે ડો. હરેશ તથાગતની પણ –

'હોય જો લખવાની સાચી કળા,
શું પૃથ્વી જ આખી કાગળ નથી ?'

ફકીર ના આ સંગ્રહને અશ્વિની ભટ્ટ અને ભોળાભાઈ ગોળીબારે પણ આવકાર આપ્યો છે પોતાની આ રચનાઓ વિશે ફકીર જણાવે છે આ ટચૂકડો ગઝલસંગ્રહ– ગંજીપો–એટલે છપાવ્યો કે જીવનમાં એક સ્વજન અને એક સર્જન અનિવાર્ય છે અને જમ દરેક પોલિસ-ઑફિસર પાસે, રિવૉલ્વર કમરે લટકતી હોય, એમ કવિ કને એકાદ કાવ્યસંગ્રહ હોવો ઘટે.

જે તે સાહિત્ય સ્વરૂપની અમુક લાક્ષણિકતાઓ અને અમુક નિયમોની ચુસ્તી હોય છે જે તે સ્વરૂપ સાથે પનારો પાડવા માટે કવિએ એ બધાનો સ્વીકારવાં પડે છે એ સ્વીકારેલી મર્યાદામાંથી જે સર્જન પ્રગટે એ દર વખતે ઉત્તમોત્તમ ન હોય તો પણ સર્જન કહેવાને લાયક તો કદાચ બની રહે ' પણ આ રચનાઓને શુ કહેવું ? કવિને ગઝલના છંદની જાણકારી નથી સાથે સાથે ગઝલમાં કાફિયા, રદીફ વગેરે પણ આવે છે એવી જાણકારીનો પણ અભાવ છે વધુ આશ્ચર્ય તો ડો. હરેશ તથાગતે ગઝલના માળખામા ક્યાંય બેસી ન શકે એવા સંગ્રહ ઉપર અભીછાંટણા કર્યાં છે એ વાતનુ છે

વિશેષ નુકતેચીની કર્યા સિવાય કેટલાક શેર અહીં રજૂ કરું છું, એ પરથી જ કવિની ગઝલ વિશેની જાણકારી કેટલી છે એનો ખ્યાલ આવશે.

પથ્થરોના શહેરમાં રહેતા ગયા,
વાત દિલની, ક્યાં અરે, કહેવા ગયા.
માગ્યા પછાડે જ્યાં વસંતો ચારદિન,
એ સ્થળ અમથું જ બસ જોવા ગયા.

અહીં પહેલો શેર કાફિયા-રદીફ અને છંદની રીતે બરાબર છે પણ બીજા શેરમાં છંદ અદૃશ્ય થઈ ગયો છે આવી ઘણી રચનાઓ આ સંગ્રહમા છે એકાદ પંક્તિ ભૂલથી છંદમાં બેસતી જતી હોય અને ન પછી આખી રચનામાં કવિએ ફાવે તેમ લખ્યું હોય એવુ ઘણું બધું અહીં છે

એક ગઝલ જોઈએ –

'છેટુ ભલે હોય ઘર તો છે
એમાં મારું કોઈ ભીતર તો છે

એય બીજું રૂપ નથી શું જગલનું ?
નથી છો વસંત, પાનખર તો છે

ન માંડવો કે નથી ગમતું જણ પણ,
એવો તો એવો ય અવસર તો છે

બચપણ કિલ્લોલે છે ત્યાં ફકીરનું,
પડેલું ય ગામનું પાદર તો છે।

કવિએ મત્લામા 'ઘર અને 'ભીતર કાફિયા લીધા હોય તો 'પાનખર કાફિયો કઈ રીતે યોગ્ય છે ? કવિએ 'ભીતર ના 'ભી ને છૂટ લઈને લઘુ ગણ્યો હોય તો 'પાનખર કાફિયો યોગ્ય ગણાય તો પાછો અવસર કાફિયા અંગે પ્રશ્ન ઊભો થાય.' આ ગઝલ વાચતા એક બીજી વાત પણ ધ્યાનમાં આવી કે કવિ માત્ર વિધાનો કરીને અટકી જાય છે પંક્તિ છંદોબદ્ધ ન હોય અને કોઈ ચમત્કૃતિ સર્જાતી હોય તો મન મનાવી લઈએ પણ માત્ર ઉભડક વિધાનોથી વાત આગળ વધતી નથી. એટલે કવિતા વિશેની સાદી સમજ પણ આ સંગ્રહમાંથી ઝોકાતી નથી. ગુજરાતી કવિતાક્ષેત્રે અછાંદસ ગઝલોને જો માન્યતા આપવામાં આવે તો પણ આ સગ્રહ પાસ થઈ શકે એમ નથી.

ઘટનાના સાક્ષીથી સ્વગત સુધી

કિશોર વ્યાસ

[ભૂગુલાંછન રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, માણસા, ૧૯૯૮ ડે.૨૨૩, કિ ૧૨૦]

રઘુવીરે 'સહરાની ભવ્યતા'માં ચુનીલાલ મડિયા વિશે લખ્યું છે 'સાડા ત્રણ કૉલમની જગામાં એ આકાશ-ધરતી બધું માપી લેતા અને ભલભલા બળિયાઓને પણ પાતાળ પ્રવેશ કરાવી આપતા. (પૃ ૩૭). વાચકને આસાનીથી વિશ્વાસમા લઈ શકવો એને રઘુવીરે મડિયાનો ગુણ ગણ્યો છે તો આ વિધાનને રઘુવીર સાથે પણ લાગુ પાડી શકાય એમ છે આ સગ્રહનાં લેખો અખબારનાં પાને લખાયા છે પણ એને ટેવ મુજબ છાપાળવાં કહી દીધે ચાલશે નહીં કેમકે એમાં રઘુવીરની છાપ છોડી જતાં ઘણાં લખાણો મળે છે

'ભૂગુલાંછન માં કૃતિ વેશેના પ્રતિભાવો, પ્રાસગિક લેખો અને લલિતનિબંધો મળીને કુલ ૬૩ લખો છે વન અને ઉપવન (પૃ ૨૧૮) લેખમાં રઘુવીરે સ્વીકાર્યું છે કે ઝડપી લહિયાથી પણ વધુ લખ્યું છે આ સાથે એમણ એ પણ કહ્યું છે કે આપણી આસપાસ જ સાહ્ય વિખેરાયેલી પડી છે એનુ સંકલન કરવું એટલે કે સાહિત્યના મર્મને ચીંધતા લેખો

જ નહીં પણ જીવાતા જીવનના નિત્ય મુદ્દાઓમા રહેલી વિચારોત્તેજકતા, ચિંતનશીલતા, એ જીવન પરત્વેનો ગાઢ અનુબંધ, એની સારપ ભૃગુલાંછનમાં જોઈ શકાય છે ભૃગુલાંછન શીર્ષક ધરાવતો નિબંધ ભારતીય સંસ્કૃતિ અને સમાજ ચિંતનની સાથે માનવ સભ્યતા વિશેના માર્મિક ચિંતનો આપે છે અહીં ભૃગુ ઋષિએ ભગવાન વિષ્ણુને કરેલા પદ પ્રહારની કથા છે એની જોડજોડ સુદર્શનની 'શિશુ-વિષ્ણુલાંછન' કવિતાને મૂકી આપવાથી નિબંધની રસિકતા વેરાય છે સત્યજિત રાયપૃ. ૨૭)ની કલામાં રહેલી વ્યાપકતાને રઘુવીર સ્વીકારે છે ને એ સાથે સત્યજિત રાયની સૂક્ષ્મતાને પણ પ્રશંસે છે એ મુદ્દાઓના વણાટમાં સત્યજિત રાયના કુટુંબનો પરિચય આપવા સુધી રઘુવીર ગયા છે કલા અને જીવનને જોડી આપતી ચમત્કારિક ઘટના (પૃ. ૧૨૩) હોય કે બી. વી. કારંત અને વિભા મિશ્રાની વિવાદાસ્પદ ઘટના હોય (પૃ. ૧૨૭). રઘુવીર એની કળાનિષ્ઠા સાથે સામાજિક સંદર્ભને મૂકી આપીને ઘટના ઓચા ી કલાકારને જ પ્રત્યક્ષ કરતા રહ્યાં છે અમરીશપૂરીને વિલન બનાવતો ફિલ્મ ઉદ્યો । (પૃ. ૧૪૮) લેખ આનું ઉત્તમ દૃષ્ટાંત છે નાટકોમા માહેલા અમરીશપુરીને યાદ કરવાની સાથે રઘુવીર ભીડમાં ખોવાઈ ગયેલા નાટ્યલેખક વિનાયક પુરોહિતને સુરેશ જોશીના 'ગૃહપ્રવેશ વાર્તાસંગ્રહની સમીક્ષા નામ ગૃહપ્રવેશ ન થાય સંદર્ભે યાદ કરે છે ત્યારે રઘુવીરની આ નાનકડી નોંધ એની સ્મરણશક્તિ વિશે ચોકકસ નવાઈ ઉપજાવે છે ઉત્તમ કલાકાર પાસેથી સમાજ અપેક્ષિત કામ લઈને એની પ્રતિભાને દેશવટો આપવે છે એ વાત અહીં સંયમિત રીતે કહેવાઈ છે છતાં એમાં રહેલી ફરિયાદનો નિત્ય સ્વર આપણને દઝાડ્યા વિના રહેતો નથી. 'વિશાળ નાટક પાછળ અભિનેતા ઉપેન્દ્ર-અરવિંદ ત્રિવેદીને લીધેલા અથાક પરિશ્રમને ન્યાયવતા લેખપૃ ૨૦૦)માં તનતનાટી બોલતા આજના નાટકોની ઉડાવતી હવાને ચાબી કાઢી ઉપેન્દ્ર વિશે કરેલી માર્મિક ટકોર મમળાવવા જેવી છે 'અનેક ઘાવકા પહેલા ઉપેન્દ્ર ત્રિવેદીને દર્શકની નવવકયા ઝરે તો પીધાં છે... નું નાટક રૂપાંતર રજૂ કરીને સાહિત્ય-રસિકોનો સદ્ભાવ પ્રાપ્ત કર્યો હતો પણ પછી એમને કલાની સમજણની મૂડી ઈકડી ગુજરાતી ફિલ્મો પાછળ વેડફી નાખી તોય સિલકમાં કંઈક સમજણ રહી ગયે જે ખર્ચી નાખવા માટે રાજકારણમાં ઝંપલાવ્યું.

જીવ-જગતની સમતુલાના આગ્રહી રઘુવીરે ઠંકોલાજીને - પ્રત્યેક જીવના સ્વાયત્તત્વના સ્વીકારની વાત અહીં વારંવાર કરી છે અભિલાષ અને સંકુલતાને જો સાહિત્યકાર સ્વીકારતો હોય તો સાહિત્યકાર પણ ઠંકોલાજીનો સ્વાધ્યાય કરવો રહ્યો એવો આશય ધરાવતો લેખ સદર્ભે ઊપજી આવ્યો છે 'ય ફેઈટ ઓફ ધ અર્થ' જેવાકાર ચાર્લ્સ ડાર્વિનની જીવન ન જરી મુલિનો, મો. ઘાંચોલકરના અનુવાદનો (પૃ. ૫૭), 'સંતાનજનનું દર્શન (પૃ. ૧૩) જેવા નિબંધોમાં એકથી વધુ દૃષ્ટાંતો મૂકી આપીને આ વાતનું સમર્થન કરાયું છે ત્યારે નૂતનનું તેજ અને પાલીએ પ્રજાસત્તાકો પરાજીનો પ્રેમ આજના સ્મરણોમાં લીલો છે એ વિધાનને સાર્થક ગણી શકાય છે

નેકાંતના આલોકમાં (પૃ. ૩૧), તપ અને મર્યાદા (પૃ. ૩૩), 'ગ્લોરિયસ કે ઉપેક્ષણીય ?' (પૃ. ૬૦), 'વૈરાગ્ય (પૃ. ૮૧), 'ક્યુરિ (પૃ. ૧૪૩) - જેવા અનેક લેખોમાં લેખકને જે કહેવા જેવું લાગ્યું છે તેને વાચકોને પહોંચતા કરવા માટે તેમણે જે ભાષા અને અભિવ્યક્તિ પસંદ કર્યા છે તેમાં પ્રસ્તુતતાની નિશ્ચિતતા સાથે રઘુવીરની નિજી આગવી

છે પણ એથીયે ચિંત્ય સ્થિતિ તો એમને રાષ્ટ્રીય વિવેકનું સાકાર ન થવું એ લાગે છે ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોના સંદર્ભે રવીન્દ્રનાથના વિચારને આગળ ધરતા રઘુવીરે લખ્યું છે ચરિત્રમાં ધારાધોરણ વિનાના, મૂલ્યશીલ વિનાના માણસો વિશે પણ જીવનચરિત્ર લખાય છે અને એ હોંશે હોંશે વંચાય છે જીવનચરિત્ર એ વ્યક્તિનું લખાવું જોઈએ કે જેનો એકાદ ગુણ માનવજાતિના વિકાસમાં નિમિત્ત બને. ફૂલનદેવી વિશે ફિલ્મ બની એમાં તો પાશ્ચાત્ય માનસનો પ્રભાવ જોઈ શકાય પણ મનમોહનસિંહ જેવા માણસો નેપથ્યે ધકેલાઈ જાય અને ફૂલનદેવી સમાચારના કેંદ્રમાં આવે એ કયા પ્રકારનો વિવેક ?" (પૃ. ૧૬૦) 'એકવીસમી સદીમાં ગીરીવત (પૃ. ૫૩)ના પ્રારંભે લાગે કે રઘુવીર પરંપરાગત તહેવારોનો મહિમા કરી રહ્યા છે પણ એ પછી રઘુવીરને પ્રિય ઈશ્વર પેટલીકરકૃત 'અધુરાં સપનાં વાર્તા જ કેંદ્રમાં રહી છે (રઘુવીર સંપાદિત 'ઈશ્વર પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ'માં જે વાત છે એનું અહીં પુનઃકથન) એમ બને કે ઘણું લખ્યા પછી વિષય પલટાનો કદાચ ખ્યાલ રહેતો નથી હોતો પરંતુ કેટલીકવાર પ્રિય સર્જકોનો લખાતાં લખાણમાં અણધાર્યો અને અકસ્માત પ્રવેશ હંમેશા સ્વાભાવિક નીવડતો નથી. 'જૂની ફિલ્મોના નેપથ્યમાં (પૃ. ૧૭૭) લેખ અંતર્ગત રઘુવીરે નિર્મલ પંડ્યા અને રજનીકુમાર પંડ્યાની લોકપ્રિયતાની નોંધ લીધી છે એ સાથે આ લેખકો સંશોધનની તકલીફ ઉઠાવવા માટે જાણીતા નથી એવું માર્મિક વિધાન પણ કરી લીધું છે રઘુવીરે સ્વીકાર્યું છે કે ભૂતકાળને બાદ કરી શકાયો નથી એ કારણે શૈશવ સ્મરણો, ગામ, ખેતર અને ઉત્સવોની ઘટનાઓને વાગોળવાનું બન્યા કર્યું છે અનુભવની આપલે અને આત્મપ્રતીતિનો એ અવકાશ આપતું હોવા છતા એમાં રહેલી એકવિધ સ્થિતિ અને પુનઃકથનનું શું કરીશું ? ભૂતકાળને ખોતરતા રહેવાની આ ચેષ્ટાઓમાં વાચકની માન્યતા મેળવવાનો જાણે–અજાણે અનાગ્રહ પ્રવેશતો હોય છે

પ્રત્યેક લેખમાં દાખલ થતો સાહિત્ય સંદર્ભ તેમજ સ્વતંત્ર સાહિત્યિક નિબંધો આ ચરિત્રનો આકર્ષક ભાગ છે મધ્યકાલીન સાહિત્યથી માંડીને અર્વાચીન કવિઓના અવતરણો, સંસ્કૃત તેમજ જપાનીઝ કવિઓની પંક્તિઓ, લોકસાહિત્યની રચનાઓ અને જૂની રંગભૂમિનાં ગીતો અહીં હાથ લાગે છે 'પંદરમી સદીનો ચમત્કાર લેખ(પૃ. ૬૩) જેવા ધરમના અમરધામ (લે. જયમલ્લ પરમાર, રાજુલ દવે) પુસ્તકનો પ્રતિભાવ છે જે સ્ત્રી ભક્ત કવિઓની પરંપરા સાથે પાનબાઈ ગંગાસતીની તપસ્યાનો મહિમા રજૂ કરી રહે છે કવિતા અને સંગીતનો સુમેળ રચતી ઉર્દૂ ગઝલકારોની ભાવવાહી રચનાઓ, ગમને ગીત બનાવી ને જીવનની સહજતાને ચીંધતી પંક્તિઓ આસ્વાદ્ય બને છે ગુજરાતી સાહિત્યમાં જુદાંજુદાં અતરે વ્યક્ત થયેલી ઊંચા માપદંડોની રહેલી શૂન્યતા વિશે અહીં પણ વાત થઈ છે પ્રેરણાદાયક સભા ઉ.જો., સુ.જો. અને પન્નાલાલ, દલાલ જેવા સર્જકો આજની પેઢી પાસે નથી – જેના સંપર્ક માત્રથી વિદ્યાનો પાનો ચઢે એવા માણસો ક્યાં છે ? પ્રજા સમક્ષ કેટલાક બહેતર માપદંડો પણ હોવા ઘટે એ વાત સાથે ન ભરપાઈ થઈ શકેલી ખોટ અંગેની ઓતર રેખના સહિયારી બની શકી છે

હિંદી લેખિકા કૃષ્ણા સોબતીની લયુનવલ મિત્રો મરજાની (પૃ. ૩૪), ડો. ક્રિત્ઝેફ કાપાના વ્યાખ્યાન થી ન્યૂ વિઝન ઓફ રીઆલિટી નો કમલનયન જોશીપુરાએ કરેલો અનુવાદ(પૃ. ૬૮), દર્શકનું ગૃહારણ્ય (પૃ. ૧૮૬), ડો. રંજના હરીશનુ 'ઇન્ડીયન વીમેન્સ

ઓટોબાયોગ્રાફીઝ (પૃ. ૧૮૮) જેવાં પુસ્તકોનો આસ્વાદ કરાવતા જઈ રઘુવીરે પોતાના વિચારને ગતિ આપી છે જુદી જુદી તરાહના આવા લાક્ષણિક અંશો જેમ લેખકની વિવિધ લેખો પરત્વેની રુચિનો સંકેત આપતા હોય છે તેમ એમના અનુભવવિશ્વની વ્યાપકતાને પણ દર્શાવી આપનારા નીવડે છે 'બ્રજ કે રસિયા' નામના આસ્વાદ લેખ(પૃ. ૧૫૨)માં સંગીતપ્રધાન એવું લોકનાટ્ય એટલે રાસલીલા એમ કહેતાં રઘુવીરે વ્રજની લોકસંસ્કૃતિને પરિચય કરાવી રાસલીલાના જે ઉદાહરણો મૂક્યાં છે તે વાંચતા એવું લાગ્યા વિના રહેતું નથી કે ભક્તિ કાવ્યોમાં પણ સાહિત્યનું સૌંદર્ય કેવી નવતાથી, ઋજુતાથી વ્યક્ત થયું છે! આ પરંપરા અને સત્ત્વશીલ પોતીકાપણું જે માધુર્ય પ્રગટ કરે છે એને પ્રત્યક્ષ કરતો આ સરસ લેખ છે

'ભૃગુલાંછન'માં મળેલા લલિતનિબંધો, સાહિત્યિક ચર્ચાઓ કે સાંપ્રતને મૂકી આપતા વિચારો વિશે આખરે શું કહી શકાય? લેખકનો સૃષ્ટિ પરત્વેનો અહોભાવ અને પ્રેમ આ નિબંધસંગ્રહનું કેંદ્ર છે અને આ નવા જમાનામાં પ્રેમની ભારે ખોટ સાલે છે એમ કહેતાં રઘુવીરે અજાણ્યા માણસ પ્રત્યેનો પ્રેમ, સર્વક્ષેત્રે સમાનતાની તરફ અને પોતાની સ્વતંત્રતાની માગણી સાથે સામાની સ્વતંત્રતાનો સ્વીકાર, આ બધા શીલની માવજત વાંછી છે પ્રત્યેક લેખમાં એનું અનુસંધાન મળી આવશે. આથી પ્રત્યેક ઘટનાના સાક્ષી થઈ જીવનના સૌંદર્યને, માનવ ઉર્ધ્વતાને ઝંખતું ચિંતન બનાવાસે આવી મળે છે એમાં સૂત્રાત્મક પંક્તિઓ આપવાનો કે ઝાઝી પંડિતાઈ દર્શાવવાનો મોહ નથી દેખાતો. માનવજાતિ પરત્વેના પ્રેમની તીવ્ર ક્ષણોનો અનુભવ 'ભૃગુલાંછન'ના લેખોમાંથી પ્રાપ્ત થાય છે સાહિત્યના અર્થમાં તો ખરું જ એ સાથે સામાજિક મૂલ્યવત્તાના અર્થમાં પણ 'ભૃગુલાંછન'માંથી પસાર થવાનું ભાવકોને ગમશે.

નરવો–ગરવો આ પંખીમેળો

લાલજી મકવાણા

(પંખીનગર બેન્જામિન સુવાર્તિક પ્ર. આ. ૧૯૯૫, પૃ. ૧૧૮ ₹ ૧૫૦)

બેન્જામિન સુવાર્તિકના આ પુસ્તક કુલ ૫૬ પક્ષીઓની વિગત ઓળખ આપવામાં આવી છે આ પુસ્તકની બે ત્રણ ખાસ વિશિષ્ટતાઓ છે પ્રથમ તો એ કે આ પુસ્તકમાં એક જ પક્ષીને ત્રણ પ્રકારના નામની ઓળખ આપી છે ગુજરાતી નામ, અંગ્રેજી નામ અને શાસ્ત્રીય નામ. બીજી વિશિષ્ટતા એ છે કે આ પુસ્તકમાં આપેલ દરેક પક્ષીને કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવેલ હોવાથી આ રસ્તે કોઈપણ પક્ષીની માહિતી સરળતાથી શોધી શકીશું. આજના યુગમાં આવા પ્રકારના ક્રમોને એન્ટાયકલોપિડીક પ્રકારથી ઓળખવામાં આવે છે ત્રીજી વિશિષ્ટતા એ છે કે સામાન્ય રીતે બીજાં પુસ્તકોમાં પક્ષીનાં કદ કે વજનની ચોક્કસ માહિતી જોવા મળતી નથી અથવા નોંધી જોવા મળે છે પરંતુ આ પુસ્તકમાં દરેક પક્ષીનાં ચોક્કસ કદ, માપ અને વજનની માહિતી આપવામાં આવી છે આ પુસ્તકમાં જે માહિતી આપવામાં આવી છે તેમાં દરેક પક્ષી કઈ ઋતુમાં અને ક્યાં ક્યાં, કયા સમયે

જોવા મળતાં હોય છે તેની માહિતી આપેલી છે વળી, દરેક પક્ષીનો રંગ, રૂપ, આકાર, કયું પક્ષી કયા સમયે બોલે છે કેવા પ્રદેશમાં રહે છે ને કયા પ્રદેશમાં જોવા મળે છે અને મનુષ્યના આનંદ માટે કયું પક્ષી વધુ પ્રિય લાગે છે તેની નોંધ અહીં મળે છે મનુષ્યને કયા પ્રકારે પક્ષી મદદરૂપ થાય છે તે ઉપરાંત મનુષ્યના દૈનિકજીવન સાથે વણી લઈ સાદી સરળ ભાષામાં પક્ષીની ઓળખ આપી છે

ઘરઆંગણનાં, પાદરનાં, સીમનાં, જંગલનાં અને પાણીકાંઠાનાં પક્ષીઓનો પરિચય આ પુસ્તકમાં છે લેખકે પોતાનાં નિરીક્ષણો, સ્વાનુભવો અને તારણોથી પક્ષીનું સવિગત વર્ણન કર્યું છે હું પોતે જ કબૂલ કરું છું કે મારું જીવન ગામડાથી સંકળાયેલું હોવા છતાં પણ કાબરમાં ત્રણ જાત, કાગડામાં બે જાત, હોલામાં ત્રણ પ્રકાર કે ખજનના ત્રણ પ્રકાર અને કોયલ બે પ્રકારની હોય છે તેવું હું જાણતો ન હતો જે આ પુસ્તક વાંચવાથી મને ખબર પડી છે

વળી, દરેક પક્ષીનો ખોરાક તેનો માળો, પક્ષી પોતાનું જીવન કેવી રીતે વ્યતીત કરે છે તે સઘળી બાબતોને ખૂબ જ ઝીણવટથી તપાસી, તારણ કાઢીને આ પુસ્તકમાં વર્ણવી છે દા.ત., અબાબીલ આમ તો સામાન્ય ઘરચકલી જેવું જ પક્ષી છે પરંતુ એની એક ખૂબી એ છે કે અબાબીલના માળા દીવાલ પર મોટા સમૂહમાં હોય છે અને આ મોટા માળાના સમૂહમાં પોતાનો કયો માળો છે તે પોતે શોધી કાઢે છે આ એક મહત્ત્વનું નિરીક્ષણ છે અથવા અબાબીલની બીજી જાત પોતાનો માળો માટીથી બનાવે છે તે માટી કયાથી લાવે છે અને કેવી રીતે માળો બનાવે છે તેનું લેખકે સરસ વર્ણન કર્યું છે આવી જ રીતે બીજાં પક્ષીઓની દિનચર્યા, રહેણીકરણી, ખોરાક વગેરે વર્ણન આ પુસ્તકમાં સુંદર રીતે જણાવ્યું છે

આ ઉપરાંત પર્યાવરણને શુદ્ધ રાખવામાં પક્ષીઓ ખૂબ જ મદદરૂપ થાય છે જેમકે ગીધ આકાશમાં ઊડતું રહે છે પરંતુ તેની નજર તો પૃથ્વી પર જ હોય છે તેની નજર અને બંધ પારખવાની શક્તિ તીવ્ર હોવાને કારણે જમીન ઉપર ગંધાતો મૃતદેહ પડેલો જોતાં ગીધોનાં ટોળેટોળાં ત્યાં ઊતરી આવે છે અને થોડીવારમાં તેઓ મૃતદેહનો ખોરાક તરીકે ઉપયોગ કરી ગંદકી સાફ કરી નાખે છે આમ ગામડાં કે શહેરોમાં ગીધ પર્યાવરણને સ્વચ્છ રાખવામાં મદદ કરે છે

પહેલાંના જમાનામાં કહેવાય છે કે રાજા–મહારાજાઓ પોતાના સંદેશાઓ મોકલવા માટે કબૂતરની ડોકે ચિઠ્ઠી બાંધી એક દેશથી બીજે દેશ મોકલતા હતા. આ ઉપરાંત મનુષ્ય પોતાના આનંદ માટે પોપટ, મેના અને કબૂતર જેવાં જુદાં જુદાં પક્ષીઓને પાળે છે અને તેમને મનુષ્યની જમ બોલતાં જ નહીં ગાતાં શીખવે છે

આ પુસ્તક વાંચતી વખતે અગાઉ પક્ષીઓ વિશેનાં પ્રકાશિત થયેલાં પંખીજગત (પ્રદ્યુમ્ન દેસાઈ), આપણાં પક્ષીઓ (છોટુભાઈ સુથાર), 'વનવગડાનાં વાસી (હરિનારાયણ આચાર્ય 'વનેચર) વગેરે પુસ્તકોનું સ્મરણ થાય છે તેમાં પણ પક્ષીઓ વિશે વિરલ અને અદ્ભુત માહિતી આપી છે તેમ છતાં આ પુસ્તકમાં પણ બેન્જામિનભાઈએ પક્ષીઓ વિશેના એમના વ્યવસ્થિત અને તલસ્પર્શી અભ્યાસને પ્રજા સમક્ષ મૂક્યો છે જે જરૂર લાભદાયી બનશે

ખત્રીનું અક્ષરજીવન

અરુણ કક્કડ

[જયંત ખત્રી સર્જન અને વૈભવ એમ. આઈ. પટેલ, પ્ર. પોતે, વિ. આદર્શ, પૃ.૧૬૦, રૂ.૭૦]

જયંત ખત્રી આપણા એક સમર્થ વાર્તાકાર છે તેમની વાર્તાઓને તેમજ ઈતર સાહિત્યને આવરી લેતાં આ અભ્યાસને ચાર વિભાગમાં વહેંચી શકાય. ખત્રીનું જીવન, વાર્તાકલા, અગ્રંથસ્થ અને અપ્રસિદ્ધ વાર્તાઓ તેમજ અપૂર્ણ સાહિત્યિક રચનાઓ વિષયક ચર્ચા અહીંથી સાંપડે છે

જીવનવિષયક ચર્ચામાં ખત્રીનાં જીવનના એવા પ્રસંગો ચર્ચાયા છે કે જે તેમના સર્જક વ્યક્તિત્વનો ઘડતરમાં કોઈને કોઈ રીતે ઉપયોગી થયા છે જીવનપ્રસંગો ઉપરાંત જન્મસ્થળ કચ્છ માતા-પિતા, શિક્ષણ, સ્વભાવગત લાક્ષણિકતાઓ, મુબઈનિવાસ, ગુરુઓ અને મિત્રો, તબીબ તરીકેનો વ્યવસાય, સામાજિક-રાજકીય પ્રવૃત્તિઓ વગેરે બાબતો તેમના સર્જનને કઈ રીતે ઉપકારક થઈ છે તે પણ સવિગત દર્શાવાયું છે

ખત્રીની વાર્તાકાર તરીકેની પહેલી લાક્ષણિકતા વસ્તુવૈવિધ્યની છે ઘટનાના ભારમાંથી અને પ્રસંગો કે વિષય આદિના ભારણથી મુક્ત થતી આ વાર્તાઓ ગાંધીયુગ અને અનુગાંધીયુગની વાર્તાઓને જોડતી કડીરૂપ છે આધુનિક વાર્તાકારો માટે ભોંય તૈયાર કરવાનુ કામ ખત્રીએ કર્યું છે આ દરેક બાબતને લેખકે યોગ્ય પરિપ્રેક્ષ્ય દ્વારા દર્શાવી આપી છે માણસની વાસના અને તેની સંકુલ પ્રભાવકતા, માનવીની એકલતા અને હતાશા, વેશ્યા જીવનની વેદના અને રોગી માનવોની દુનિયા ખત્રીની વાર્તાઓમાં વિષય તરીકે નિરૂપાયેલ છે તેમ કહી લેખકે કેટલીક વાર્તાઓને સદૃષ્ટાંત ચર્ચી છે.

ખત્રીની વાર્તાઓના પાત્રાલેખનની એક વિશિષ્ટતા દર્શાવતાં લેખકે નોંધ્યું છે કે પાત્રના બાહ્યરૂપનો આછો પરિચય સંક્ષેપમાં છતાં સચોટ રીતે આપી દઈ એના ભીતરી રૂપનું દર્શન કરાવનાર ખત્રી જીવત અને સ્પષ્ટરેખ પાત્રો આપે છે ખત્રીના સ્ત્રીપાત્રોની ચર્ચા કરતાં લેખક જણાવે છે કે આ બધાં સ્ત્રીપાત્રો લગભગ એક જ પ્રકારની માટીમાંથી ઘડાયેલા છે એમનામાં જેવું અને જેટલું વૈવિધ્ય છે એવું વૈશિષ્ટ્ય નથી. જોકે તોપણ પાત્રો જીવતાં-જાગતાં અને હૃદયસ્પર્શી હોય છે ગ્રામવાસીઓ, કંગાલ મનુષ્યો, અનહદ દરદથી પિડાતા દર્દીઓનાં સાચાં ચિત્રો એમણે આપ્યાં છે

સુરેશ જોષીના આગમન પૂર્વે વાર્તામાં ઘટનાના તિરોધાનની ભૂમિકા ખત્રીના હાથે, કદાચ અજાણતા જ રચાઈ છે એમ કહી લેખક જણાવે છે કે ખત્રીએ વાર્તામાં વાતાવરણને પ્રાધાન્ય આપી ઘટનાના ભારને ઘણો હળવો કર્યો છે પ્રસંગોનુ કામ વાતાવરણના સંકેતોથી લેવાયું છે આમ, વાતાવરણ તેમની વાર્તાઓમાં મહત્ત્વનું અંગ બની રહે છે તેમની ઘણી વાર્તાઓ વાતાવરણમાથી જ ઊપસે છે મરુભૂમિની આબોહવા લઈને આવતી ખરા બપોર ઘાડ અને માટીનો ઘડો વાર્તાઓનો પરિવેશ વાર્તાનો એક અંશ બની જાય છે જોકે, ખરા બપોર સંગ્રહમાં એકંદરે ઘટનાપ્રધાન વાર્તાઓ છે જે એમનું પરંપરા સાથે અનુસંધાન કરી આપે છે

પાત્રોની સકુલ મનઃસ્થિતિઓનું સૂક્ષ્મચિત્રણ ખત્રીની વાર્તાઓની ચોથી મહત્ત્વની લાક્ષણિકતા છે તેમ દર્શાવી લેખકે જણાવ્યું છે કે ખત્રીની વાર્તાઓનું મનોવૈજ્ઞાનિક આલેખન અને પાત્રોના સંઘર્ષનું કલાત્મક નિરૂપણ તે પછીની વાર્તાઓના વિકાસમાં મોટું પ્રેરકબળ બન્યું છે ભાષાની લાક્ષણિકતા સંદર્ભે લેખક નોંધે છે કે તેમાં ઊર્મિરસિત ચિત્રાત્મકતા અને અનેક અર્થભાવ સર્જતાં વ્યંજના-સંકેતો છે કચ્છ પ્રદેશના તળપદા શબ્દજૂથો, વિશિષ્ટ લઢણો, વહાણવટાને લગતા શબ્દો, રવાનુકારી ક્રિયારૂપો આ વાર્તાઓમાં કેવી રીતે યોજાયા છે તે દર્શાવવામાં આવ્યું છે કેટલીક વાર્તાઓમાં પ્રતીકાત્મકતા વેગવાન બનતી લાગે છે ક્યારેક તો સમસ્ત વાર્તા પ્રતીક બનીને આપણી સમક્ષ આવે છે નાગ અને ઘડાનાં પ્રતીકો વાર્તામાં અર્થવાહક બન્યાં છે

આમ, અહીં વાર્તાકાર તરીકેની ખત્રીની મુખ્ય પાંચ લાક્ષણિકતાઓ – વસ્તુવૈવિધ્ય, પાત્રાલેખન, વાતાવરણ પ્રધાનતા, મનોવૈજ્ઞાનિક આલેખન અને ભાષાપ્રયોગો – વિશે સદૃષ્ટાંત ચર્ચા કરવામાં આવી છે આ બધી ચર્ચા જોતાં એવું લાગે છે કે ખત્રીની વધુ ચર્ચિતી અને જાણીતી વાર્તાઓનાં જ દૃષ્ટાંતો મોટેભાગે અપાયાં છે અમુકતમુક વાર્તાઓ જ ફરીફરીને દૃષ્ટાંત રૂપે આવે છે આપણા ઘણા વિવેચકોને ખત્રીની વાર્તાઓ પર હેમિંગ્વેની અસર જણાઈ છે જેના સંદર્ભમાં અહીં કશી ચર્ચા થઈ નથી.

અજ્ઞાતસ્થ અને અપ્રસિદ્ધ વાર્તાઓ ખત્રીને ગ્રંથસ્થ કરવા જેવી લાગી નહીં હોય, કેમકે તે નબળી અને કચાશવાળી છે એમ કહી વિવેચક આ સંદર્ભે તે વાર્તાઓની સવિગત ચર્ચા કરે છે ખત્રીએ રચેલી અન્ય સાહિત્યિક રચનાઓ – અધૂરી નવલકથા ચમારચાલ એકાંકીઓ મંગલ ઘોડે અને સ્વયંપ્રભા એકોક્તિ ખત્યા એકાદ ડઝન પત્રો વગેરે – વિષયક માહિતી ખત્રીની સર્જકપ્રતિભાની અન્ય બાજુઓ પર પ્રકાશ પાડનારી બની રહે છે ખત્રીના અક્ષરજીવન પરનું આ કાર્ય વાર્તારસિકો અને અભ્યાસીઓ માટે ઉપયોગી બની રહે તેવું છે

હૃદયની ભીનાશ અનુભવાય છે...

રતિલાલ બોરીસાગર

(પ્રભુને ચર્ચું એ ખરું વિનોદ ભટ્ટ, ગૂર્જર, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭ ૩ ૬૦)

એક હાસ્યકારે વિવિધ સર્જકો, કલાકારો અને રાજકીય નેતાઓને આપેલી બાવાંજલિઓનું પુસ્તક છે આટલા બધા અંજલિલેખો સમાવતું આ કદાચ એકમાત્ર પુસ્તક છે એટલે પ્રકાશકે એને અપૂર્વ ગણાવ્યું છે અને લેખકે પ્રકાશકના દાવા સાથે સંમત થવાનું યોગ્ય ગણ્યું છે પરંતુ અંજલિલેખોનું આવું બીજું પુસ્તક ન હોવા માત્રથી એને અપૂર્વ કહેવામાં એટલું સ્વારસ્ય કોઈને ન પણ લાગે કારણ કે એનાથી એકદરે તો સ્થૂળ હકીકતનો જ નિર્દેશ થાય છે પરંતુ મૃત્યુ જેવી ગંભીર ઘટનાને નિમિત્ત બનાવી એક સિદ્ધહસ્ત હાસ્યકાર અંજલિલેખો લખે એમાં અવશ્ય અપૂર્વતા રહેલી છે આવા અંજલિલેખોમાં હાસ્યકાર કયાંય

પ્રગટતો જ ન હોય તો આ પણ અન્ય અંજલિલેખોનાં પુસ્તકો જેવું જ પુસ્તક થયું ગણાય પરંતુ અહીં હાસ્યકારની મુદ્રા અંકિત થઈ છે ને મૃત્યુ જેવી, માનવજીવનની કરુણતમ ઘટનાને નિમિત્ત બનાવાઈ છે ખરું જોખમ અહીં જ છે આ જોખમ લેખક પાર કરી શક્યા છે કે નહિ તે જ મારી દૃષ્ટિએ મુખ્ય મુદ્દો છે આ પુસ્તકના અવલોકન માટેનો.

આ અંજલિલેખોમાં જેન્તે સદ્ગત માટે લેખકના હૃદયમાં છલકાતો આદર કે સદ્ગતના સ્વજન માટે કરુણાનો ભાવ ઉપસી આવે છે એનાથી આ પુસ્તકનું અસ્તિત્વ સાર્થક થાય છે લેખકનાં ભીનાં સંવેદનોને પ્રગટવા માટે અહીં પૂરતો મોકો મળ્યો છે આ અંજલિલેખો છે – મૃત્યુ જેવી ગંભીર અને કરુણ ઘટનાની ગરિમા ક્યાંય અળપાય નહિ તેની પૂરી કાળજી લેવાઈ છે આ માટે લેખકે પોતાની હાસ્યવૃત્તિ અને હાસ્યશક્તિને સારી પેઠે સંયત રાખ્યાં છે લેખકે આ સંયમ દાખવ્યો ન હોત તો આ લેખો સામાન્યતામાં સરી પડ્યા હોત.

મૃત્યુ મરનારના બધા દોષો ભુલાવી દે છે અહીં સંજય ગાંધી કે ઈંદિરા ગાંધીને ભાવાંજલિ આપતા લેખોમાં એમનું ગુણસંકીર્તન જ માત્ર કર્યું છે અને એમ કરવામાં પૂરું ઔચિત્ય છે એમાંય સંજયને ગુમાવ્યા પછી ઈંદિરાજીની એક માતા તરીકેની જે છબિ લેખકે ઉપસાવી છે તેમાં લેખકની સચ્ચાઈભરી સહાનુભૂતિ પ્રગટ થાય છે જે વ્યક્તિનો કાયમ વિરોધ કર્યો હોય, જેની શાસનશૈલીની કાયમ ટીકા કરી હોય તેવી વ્યક્તિના અંગત દુઃખમાં આવી સહાનુભૂતિના પ્રગટીકરણમાં લેખકનું આભિજાત્ય પ્રગટ થાય છે ।

આ અંજલિલેખો લખવામાં લેખકે પોતાનામાં રહેલા ટીખળી હાસ્યકારને અંકુશમાં રાખ્યો છે પરંતુ હાસ્ય લેખકના વ્યક્તિત્વનો અપરિહાર્ય અંશ છે એટલે કરુણની સમાંતરે હાસ્ય પણ ભલે સંયમપૂર્વક પ્રગટતું તો રહ્યું જ છે અહીં તંગ દોરડા પર જળવાયેલી સમતુલા બરાબર દેખાય છે સર્જકતાના પરિપ્રેક્ષ્યમાં આ અંજલિલેખોની આ જ કદાચ મહત્ત્વની સિદ્ધિ છે શેખાદમ આબુવાલા, ચાંપશી ઉદેશી, ચુનીલાલ મડિયા, વાસુદેવ મહેતા જેવા સદ્ગતોને અંજલિ આપતા લેખોમાં લેખકે હાસ્ય માટે પૂરતો અવકાશ હોય એવી સામગ્રી પર્યાપ્ત માત્રામાં પસંદ કરી છે આ સદ્ગતોનાં આવાં પાસાંને વિશેષ ઉજાગર કરીને લેખકે એમને અંજલિ આપી છે

લગભગ બધા જ લેખોમાં લેખકે ઠેરઠેર કરેલી ટિપ્પણીઓ શોકાંજલિઓમાં પણ હાસ્યને ક્ષેત્રનું રાખે છે હાસ્ય અને કરુણની નજીકની સગાઈ અહીં સળંગ ચાલે છે હાસ્ય અને કરુણને એક સિક્કાની બે બાજુ જટલા નજીક રાખવામાં લેખક સફળ થયા છે આમ કરવા જતાં કરુણની ગરિમા અળપાઈ નથી કે હાસ્યમાં છીછરાપણું દેખાતું નથી પુસ્તકની સાચી અપૂર્વતા કદાચ આમાં છે એક દૃષ્ટાંત જોઈએ લેખકે પ્રિયકાન્ત મણિયારને પોતાનું પુસ્તક આપવા ધાર્યું તો પુસ્તક લેવાની ના પાડતાં પ્રિયકાન્ત કહે, 'રહેવા દોને '... આમેય આપણને પ્રકાશકો તરફથી ગણતરીની નકલો જ મળતી હોય છે ને તમારે તો પાછું નિત્રવર્ણનેય મોટું છે આમાં પ્રગટ થયેલાં તમારાં લખાણો, અગાઉ કુમારમાં હું વાંચી ચુકો છું...

'એ વાંચ્યા પછી પુસ્તક નહિ લેવાના નિર્ણય પર આવ્યા છો ?' (પૃ ૧૦) – આવાં દૃષ્ટાંતો બીજાં પણ મળે છે

પોતાની ટિપ્પણીઓમાં લેખકે કેંદ્રથી ખસીને વાત કરવાના હાસ્યકારના અબાધિત
રનો પણ, અલબત્ત સંયમપૂર્વક, ઉપયોગ કરી લીધો છે જેમકે એસ. આર. ભટ્ટ
વિશેના અંજલિલેખમાં લેખક કહે છે ઘાવરસાહેબના તેજસ્વી વિદ્યાર્થી ભટ્ટસાહેબ ને
ભટ્ટસાહેબના મેધાવી વિદ્યાર્થી નિરંજન ભગત. આમ કહી કૌંસમાં ઉમેરે છે 'ગુરુશિષ્યની
ઉજ્જ્વળ પરંપરાનો અહીં અંત આવે છે કેમકે એ નિરંજન ભગતના વિદ્યાર્થી તે અમે...
– પૃ. ૭૧)

અંજલિલેખો પર્સનલ એસે – અંગત નિબંધ ગણાય એટલે એમાં લેખકના વ્યક્તિત્વની મુદ્રા પ્રગટ થયા વગર રહે જ નહિ – રહેવી જોઈએ પણ નહિ. આ અંજલિલેખોમાં હાસ્યકાર વિનોદ ભટ્ટ તો પ્રગટ થાય જ છે પણ સતત હસતા-હસાવતા હાસ્યકારના હૃદયની ભીનાશ પણ સતત અનુભવાય છે આ પુસ્તકના પ્રકાશનની સાર્થકતા આમાં રહેલી છે

શીર્ષક સાર્થક ઠરે છે !

શ્રદ્ધા ત્રિવેદી

[સ્મિતલહરી મધુસૂદન પારેખ શિવદર્શી પ્ર. આ. ૧૯૮૭ ગૂર્જર, પૃ. ૮+૧૭૨ રૂ ૬૫]

પ્રસ્તુત ગ્રંથ ૭૫ હળવી લઘુ નિબંધિકાઓનો સંચય છે નડિયાદના સાપ્તાહિક ગુજરાત ટાઈમ્સમાં આંખનું ઓજળ ચાલે ઘસ્યું શીર્ષક નીચે જે નિબંધિકાઓ છેલ્લા બે વર્ષથી પ્રગટ થતી હતી તેમાંથી પસંદગીની કૃતિઓ અત્રે ગ્રંથસ્થ થઈ છે તે કોલમ રૂપે લખાયેલી તેથી બધી જ નિબંધિકાઓ બે-ત્રણ પાનાંની છે કોઈક જ ચાર-પાંચ પાનાંની છે 'હું, શાકુંતલ અને શકરાભાઈ' ની જેમ જ અહીં પણ રામો, પાડોશીઓ, પતિ-પત્ની અને સામાજિક પ્રશ્નો વિષય તરીકે પ્રાધાન્ય ભોગવે છે અહીંનો દરેક નિબંધ તેના વાચકના ચહેરા પર સ્મિતની લહરી રેલાવે છે લેખકનું સમાજ અને વ્યક્તિઓના સંબંધોનું ઝીણું નિરીક્ષણ ધ્યાનપાત્ર છે પ્રસ્તુત નિબંધિકાઓ આત્મકથાત્મક રીતિએ લખાઈ છે બદલાતી જતી સંપ્રત સામાજિક સ્થિતિને લીધે હવે જૂની કહેવતો કે માન્યતાઓ પણ બદલવી જોઈએ – એ વાત લેખકે હસતાં હસતાં કરી છે આપણા ભારતીય સમાજમાં પાડોશીઓ કે અજાણ્યાઓ પણ દૂરની ઓળખાણનો તંતુ સાંધીને કેવી રીતે વર્તતા હોય છે તે અનેક નિબંધિકાઓમાં રજૂ થયું છે આ બધું બતાવતાં બતાવતાં સર્જક કહેવા તો એ જ માંગે છે કે એવી જ ભૂલ કે વર્તન આપણે તો કરતાં નથીને ? પતિ પત્નીના સંવાદો નિમિત્તે ઘરમાં પત્નીનું સામ્રાજ્ય કેવું ચાલતું હોય છે ને પતિ તો કેવો ચાવી આપેલા પૂતળા જેવો હોય છે તે બતાવ્યું છે પતિની બાવાઈ કે મૂર્ખામી વણી નિબંધિકાઓનો વિષય છે તો વળી સ્ત્રીને કારણે ઘરોમાં કેવી સ્થિતિ સર્જાય છે કે ફોનના કારણે પાડોશીઓના કેવા ત્રાસ ભોગવવા પડે છે તેનું વાસ્તવિક નિરૂપણ હસાવી જાય છે પોતાના વાચકને મરક મરક

હસાવવાનો જ હેતુ સર્જકનો છે તે તો સરસ રીતે પાર પડ્યો જ છે સાથે પ્રાસાત્મક ગદ્ય પણ વાચકને સૂક્ષ્મ રીતે આનંદ આપે છે જેમકે એને મીઠાશથી બોલાવીએ તો બાડું જુએ – નહિતર આડું જુએ... ઘણાં શીર્ષકોમાં પણ લેખકે પ્રાસ જાળવ્યો છે જેમકે ભલાઈ કરવા જતાં કલાઈ ઘાડી અને બિલાડી 'રવિવારની રજા ? મજા કે સજા ?' વગેરે વળી, કેટલાક કથાનકોમાં તો સરસ હળવી નવલિકાનાં બીજ પડેલાં છે જેમકે, 'આર બલા, પકડ ગલા' 'બીગ પ્રોબ્લેમ' 'ખાનગી વાત' – વગેરે નિબંધિકાઓ ઘટનાપ્રધાન અને સંવાદપ્રધાન છે તેથી જીવતતાનો અનુભવ થાય છે હાસ્યલેખક તરીકેની સર્જકની પ્રતિષ્ઠામાં વધારો કરતું આ પુસ્તક તેના શીર્ષકને સાર્થક કરે છે અને તેના ભાવકને આનંદ આપે છે

અહીં અમેરિકાનો એક્સ-રે પણ છે!

રાજેન્દ્ર હ. પટેલ

['અમેરિકા, આવજો...!' ભગવતીકુમાર શર્મા, ગૂર્જર, પ્ર.આ. ૧૯૯૭ પૃ.૪૭૨, કિં. ૧૮૦]

આપણે ત્યાં એક પારસી ઘરહસ્થે પારસી ગુજરાતીમાં ઈ.સ. ૧૮૬૨માં અમેરિકા વિશે પહેલુ પ્રવાસ પુસ્તક લખ્યું હતું. તે પછી આજે તો અમેરિકા ગુજરાતીઓ માટે લગભગ ઘરઆંગણું બની ગયુ છે ગુજરાતીમા અમેરિકા વિશે જુદાજુદા દૃષ્ટિકોણથી લખાયેલાં અનેક ભ્રમણવૃત્ત મળ્યા છે ભગવતીકુમાર શર્માનું અમેરિકા, આવજો...! એક નવલકથાકાર વાર્તાકાર, નિબંધકાર અને પત્રકારની સંચેતના લઈને આવતું તાજેતરનું એક વિશિષ્ટ ભ્રમણવૃત્ત છે

આ પુસ્તક વિશિષ્ટ એ રીતે છે કે તેમા પ્રવાસન ખાતાની જેમ માત્ર માહિતીલક્ષી સામગ્રી નથી કે નથી લેખકે જોયેલાં સ્થળોદૃશ્યોની સાદીસીધી નોંધ. લેખકના દૃષ્ટિકેમેરાએ ઝીલેલી છબીઓ વાચકને અમેરિકાની એક ચિત્રાત્મક ઓળખ કરાવે છે તે સાથે પૂર્વ પશ્ચિમની થતી સહજ સરખામણી દ્વારા લેખકીય જીવનદૃષ્ટિનો પણ વાચકને પરિચય મળે છે અહીં એક પત્રકારની સર્વગ્રાહી નજર સાથે એક સર્જક-લેખકની સંવેદના રસાન્વિત શૈલીમાં ચૂથાઈ છે

ઓગણત્રીસ પ્રકરણો અને ચારસો બત્રીસ પૃષ્ઠોમાં પથરાયેલા આ પુસ્તકમાં લેખકના નેવું દિવસના અમેરિકા પ્રવાસનુ વૃતાંત મળે છે ત્યાં જોયેલાં સ્થળો-દૃશ્યો પરિદૃશ્યોની વાત તો છે જ તે સાથે તેમની આત્મકથનાત્મક ઘટનાઓ, વજમાનોનાં વ્યક્તિચિત્રો, અતીતની કેટલીયે ઘટનાઓનું અમેરિકામા જોવાતા જતાં દૃશ્યો-સ્થળોની સાથે નવા જ દૃષ્ટિકોણથી સધાતું જતું અનુસંધાન, અમેરિકામાં વસતા ગુજરાતીઓનો ગ્રાફ – એક્સ-રે, તે સાથે ભારત-ગુજરાત-સૂરતમાં વસતા ગુજરાતીઓ સાથે ત્યાં વસતા ગુજરાતીઓની તુલના, આપણી – પૂર્વની સંસ્કૃતિની ગરિમાની મહત્તા, ત્યાંના જનજીવનને વાતાવરણને અનુરૂપ ફૂલેલી ફાલેલી નવ્ય સંસ્કૃતિ – આદિ બાબતો એકસાથે તેઓ 'એક્સપ્રેસ હાઈવે' પર મહત્તમ

ગતિએ દોડતાં વાહનની જેમ કહેતા ગયા છે આપણને ચક્કર ચૌંધ કરી નાખે તેવી અમેરિકાની સુઘડતા, ચોકસાઈની વાતો અહીં છે તો સાથે સાથે ત્યાંના જનજીવનમાં વ્યાપ્ત દૂષણો વિશે 'ન્યૂડ બીચ' ના ઊઘાડાં ફટાક વર્ણનો પણ છે તેમની સરળ, પત્રકારી, હૃદયંગમ લેખનશૈલીનાં કેટલાંયે નવાં સ્વરૂપો–સ્તરો આ વર્ણનોમાં ઊઘડ્યાં છે

અમેરિકા એ ડૉલર દેવની આરાધના કરવા દુનિયાના જુદાજુદા ખૂણાઓમાંથી જઈ ચઢેલા લોકોનો બનેલો દેશ છે બાતીગળ ચૂંદડીની ભાતની જેમ આ લોકોએ પોતપોતાની સંસ્કૃતિઓ તો સાચવી રાખી પણ એ સાથે સમગ્રતયા ચૂંદડીની જેમ એક આખી નવીન સાફસૂથરી, ઈસ્ત્રીબધ્ધ, સુવ્યવસ્થિત, ચોક્કસ, સમયપાલનમાં ચુસ્ત એવી નાવીન્યસભર સંસ્કૃતિનું સર્જન–નિર્માણ કર્યું છે જે દુનિયા આખી માટે ઈર્ષ્યાનું નિમિત્ત બની ચૂકી છે અમેરિકામાં લગભગ એક એક બાબત પરત્વે ચોક્કસ, લઘુત્તમ ધોરણો નિયત થયેલાં–સ્થપાયેલાં–સાકાર થયેલાં જોવા મળે છે અને એને આધારે જ આખો દેશ ચાલે છે ત્યાંની રહેણીકરણી, સાધનસગવડો, રીતભાત, ખાણીપીણી વગેરે બાબતોમાં ચોક્કસ મિનિમમ ધોરણો સર્વત્ર એકસરખાં જોવા મળે છે ત્યાં ડૉલર દેવની કૃપા પ્રસાદી મેળવવા આખો દેશ જાણે કે હડકાયા કૂતરાની માફક 'SEVEN TO SEVEN' અને 'MONDAY TO FRIDAY' દોડિયાપટ્ટી કરતો રહે છે – એ બધી બાબતોનો અનુભવ વાચકને આ ગ્રંથમાંથી પસાર થતાં બરાબરનો થાય છે આ સળંગ યાત્રાવૃત્તની એક વિશેષતા એ છે કે દરેક પ્રકરણ એક સ્વતંત્ર લલિત નિબંધની ઊંચાઈ પ્રાપ્ત કરે છે દરેક પ્રકરણને અપાયેલાં શીર્ષકો પણ સાર્થક બને છે .

અમેરિકા એક ઓળખ અનેક અને કન્ટ્રી ઑન વ્હીલ્સ જેવાં પ્રકરણોમાં અમેરિકાની લાક્ષણિકતાઓ, શોધો, જનજીવન આદિને આધારે ઝીણવટતાપૂર્વક વૈવિધ્યભરી ઓળખાણ આપી છે સેન્ડી હૂકનો ન્યૂડ બીચ અને 'નગ્નતા'ના સાંનિધ્યમાં એ પ્રકરણોમાં નગ્નતાનું ભવ્યાતિભવ્ય પણ મર્યાદાસભર આલેખન થયું છે અહીં ઉઘાડા – નગ્ન સ્ત્રી પુરુષોનું વર્ણન સમતોલ, સુરુચિપૂર્ણ અને શિષ્ટતાથી થયું છે જેથી લેખન ક્યાંય નીચે ઊતરતું નથી અહીં જે મૂડીવાદની દેન છે એવું સ્વચ્છંદી વાતાવરણ સાવચેતીપૂર્વક રુચિભંગ ન થાય એ રીતે આલેખ્યું છે પોર્નોગ્રાફી નહિ, 'એડલ્ટ લિટરેચર'માં ત્યાંના લોકોની આવા સાહિત્ય માટેની સભાનતા, સહજતા, તે સાથે ત્યાં વસતા ગુજરાતીઓની જૂની-નવી પેઢી એડલ્ટ લિટરેચર – મૂવી પરત્વે કેવુ સહજ વલણ દાખવે છે તે અને આપણે ત્યાં નગ્નતા વિશેની માન્યતાઓ એડલ્ટ સાહિત્ય, મૂવી આદિનો કેવો સંકોચપૂર્વક શરમથી, ખાનગીમાં ઉપયોગ થાય છે તેની તુલના પણ પ્રવાસી–નિબંધકારે કરી છે અમેરિકામાં માણસો મૂંગા અને મશીનો બોલકણાં કચરો નહિ કંચન ટનલથી ટેચ સુધી જેવાં પ્રકરણોમાં એ પ્રજાની મહેનત, ચીવટ અને ધગશ કેવુ ચોક્કસ અને સમયસર પરિણામ લાવે છે તેની વાત કરી છે દુનિયાની ખાવા પીવાની દરેક ચીજ આપણને ત્યાં મળી રહે છે તે વિશે ખાણી અને પીણી પ્રકરણમાં રસસભર આલેખન છે તો એન્ટિક કહી નામના પ્રકરણમાં અમેરિકામાં દિવસમાં માત્ર એક જ વખત બનતા ગરમ ભોજન વિશેની વાત રમૂજી શૈલીમાં કહેવાઈ છે

'અમેરિકા અને ધર્મ' 'જય મેલડી માતા' 'ઈન્દિરાબેટીજી અને વલ્લભભાઈ ભક્ત

જેવાં પ્રકરણોમાં ત્યાં વસતા ગુજરાતીઓ–ભારતીયોમાં પડેલો ધર્મપ્રેમ નિરૂપાયો છે એ લોકોની બૌદ્ધિકતાસભર ધાર્મિકતા અહીં વર્ણવાયેલા કેટલાક પ્રસંગોમાં ઉપસી આવે છે તરણેતરને મેળે અને ઘુતનગરીમાં પ્રકરણમાં તરણેતરનો લોકમેળો, લેખકે ભૂતકાળમાં જોયેલા–માણેલા મેળાની સ્મૃતિની પીઠિકામા લોસ એન્જલસની થર્ડ સ્ટ્રીટનો મહામાનવ મેળો આલેખાયો છે કશુંક ખૂટે છેમાં વૃદ્ધજનોની દયનજનક હાલત નિરૂપાઈ છે ત્યાં એકલવાયા વૃદ્ધોની સમસ્યા વ્યાપક અને તીવ્ર છે નોકરી–અસુરક્ષામાં નોકરી પ્રત્યેની કાર્યનિષ્ઠા, સમયપાલન અને ચોકસાઈની વાતો છે લગ્ન, સેક્સ, વિચ્છેદમાં લગ્ને લગ્ને કુંવારો એવો અમેરિકી સમાજ નિરૂપાયો છે નાની વયે સેક્સ, બાળગુનાઓ, ગર્ભપાત, લગ્નસાથીઓ વારંવાર બદલવા આદિ ભૌતિકવાદમાં મહાલતા અમેરિકી સમાજનું એક પોતીકું અને વ્યાપક દૂષણ પણ અહીં ચિત્રિત થયું છે 'અમેરિકી અખબારો'માં ભારત અને ત્યાંનાં અખબારોની તુલના કરી છે બીબાંઢાળ, એક સરખાં લાગતાં અમેરિકી અખબારોને પોતીકાપણાનો કોઈ સંકેત હોતો નથી – એવું લેખકનું માનવું છે ત્યા-નાં અખબારો સામયિકો, લોકો, વાહનવ્યવહારનાં સાધનો, પર્યટનસ્થળો – આદિનાં સુંદર શબ્દચિત્રો લેખકની કલમના એક જ લસરકે અહીં ઉપસી આવ્યાં છે

નાયગરામાં નાયગરાના ધોધનું સુંદર, રસસભર વર્ણન છે નાયગરાનો ધોધ લેખકને બળાત્કાર તત્પર પુરુષ જેવો લાગે છે જ્યારે આપણો હિમાલય શાંત, સૌમ્ય, જ્ઞાની ઋષિ જેવો લાગે છે નાયગરાના સાનિધ્યમાં લેખકને ભૂતકાળમા જોયેલી મેરેલીન મનરોની ફિલ્મનું સ્મરણ થાય છે ફિલ્મમાં નાયગરાના બેકગ્રાઉન્ડમાં મેરેલીનની લટકાળી ચાલ, નિતંબના ઝટકાવ દર્શાવવામાં આવ્યા હતા, તેનું લેખક સ્મરણ કરે છે લેખકે નાયગરાના જળશીકરો ઝીલતાં ઝીલતાં જાણે ગદ્યકાવ્યાત્મક શૈલીમાં એની ચિત્રણા કરી છે માણ્યું તેનું સ્મરણ 'અષાઢી મૃગજળને કિનારે અને 'અમેરિકા, આવજે ' પ્રકરણો તો કૃતિને એક નવી જ ઊંચાઈ અર્પી રહે છે અમેરિકાવાસના નિચોડ સમાન ઊર્મિસભર રીતિએ વહેતા આ ત્રણ પ્રકરણો અત્યંત પ્રભાવક બન્યાં છે

અમેરિકા પ્રવાસ દરમ્યાન યજમાન તરીકે કે કોઈ અન્ય કારણોસર પરિચયમાં આવેલા કે પૂર્વપરિચિત વ્યક્તિઓનાં, તેમની લાક્ષણિકતાઓને અંશત: રજૂ કરતાં શબ્દચિત્રો પણ અહીં જોવા મળે છે તેમાં ડો. ભરતભાઈ શાહ, ઉષાબહેન અને નિખિલ, પ્રજ્ઞાશીલ સાહિત્યમરમી પ્રો. મધુસૂદન કાપડિયા, સાહિત્યરસી કિરીટભાઈ શાહ, સાંસ્કૃતિક સિમ્ફની જેવા વિક્રમ કામદાર, ગુલાબ અને પિયાનાના ચાહક પ્રીતિસેન ગુપ્તા, શિકાગોના મનુભાઈ વોરા અને તેમના ઘેર રહેતાં અમેરિકી મહિલા સોફી, અમેરિકી સ્ત્રીજીવનની લાક્ષણિકતાઓના સુમેળ જેવું માર્સી, હેવયાનીબહેન શેઠ રેડિયો ફ્રેંડ માટે ઇન્ટરવ્યૂ લેવા આવેલી એડિલસન–લીલા દર્પણ ગૃહવાળા મહેશભાઈ–લીલાબહેન, આર્ટ ગેલેરીવાળા ઇન્દુભાઈ–સરોજબહેન, જ્ઞાન અનુભવવાળા અશ્વિન દેસાઈ – આદિ પાત્રો વ્યક્તિચિત્રો નોંધપાત્ર રીતે ઉપસી આવ્યાં છે

વિચ્છિન્ન થઈ ગયેલા અમેરિકી સમાજજીવનનાં – કુટુંબજીવનનાં કેટલાંક ભયસ્થાનો વિશે પણ અહીં આલેખન થયું છે ત્યાં લગભગ બધું જ આર્થિક માપદંડ પર નિર્ભર છે જોકે ત્યાં વસતાં આપણા ગુજરાતી કુટુંબોમાં હજુ આ બદી નહિવત્ જ પ્રવેશી છે એવું

લેખકનું માનવું છે

આ પ્રવાસીની નજરમાં અમેરિકી સમાજની સુદૃઢતાની, સુવ્યવસ્થિતતાની તુલનામાં આપણો ભારતીય સમાજ ઝાંખો-ત્રિણો ઊતરતો લાગે ખરો પણ સમજતાં તો તેમને કેટલીક બાબતોમાં આપણી સંસ્કૃતિની મહત્તા સિદ્ધ થતી દેખાઈ છે અમેરિકામાં વસતા ગુજરાતીઓની બાહ્ય તસવીર સાથે અગાઉ કહ્યું તેમ એક પ્રકારનો એક્સ-રે પણ અહીં આપણને મળે છે

અમેરિકા વિશેના તાજેતરના અન્ય પ્રવાસગ્રંથો-'ગુડમોર્નિંગ અમેરિકા (મોહનલાલ પટેલ), 'સલામ અમેરિકા ઉર્ફે મારી વિદ્યાયાત્રા (સુમન શાહ), 'વસાહતીઓનું વતન અમેરિકા (ચન્દ્રકાન્ત પંડ્યા)-આદિ સૂચિમાં, આ પુસ્તક માત્ર ઉમેરો જ નથી પણ પોતાના આગવા ચુકે કરીને અલગ તરી આવે છે

'ઝાકળનો ઝ કે પછી ઝઘડાનો કવિનું ગદ્ય

દિગીશ મહેતા

['ઝાકળનો ઝ લાભશંકર ઠાકર, રન્નાદે, ૧૯૮૭, પૃ. ૧૫૮ ₹ ૮૦]

આરંભે જ કહી દઉં કે 'ખૂંચમણી મારો એક પ્રિય નિબંધ છે અને છૂટે સામયિકમાં પહેલી વાર વાચતાં એ વસવસો થયેલો કે ફરી વાચવા નહીં મળે. લાભશંકર ઠાકરનો પ્રકીર્ણ ગદ્યસંગ્રહ 'ઝાકળનો ઝ ઉઘાડતાં જ આનંદ એ વાતનો થયો કે એમાં 'ખૂંચમણી સમાવાઈ ગયો છે એની શરૂઆત આ રીતે થાય છે

> 'આવ ફાટી ગયેલી, નકામી થઈ ગયેલી, ભંગારમા પડેલી છત્રીનો સળીયો લેવાનો આશરે એક ફૂટ લાંબો. પછી ઓટલાના ખરબચડા પથ્થર પર એ સળિયાનો એક છેડો ઘસ્યા કરવાનો, ઘસ્યા જ કરવાનો. થાકવાનું નહિ. પથ્થર પર થોડું થોડું પાણી મૂકતા જવાનું અને સળિયો ઘસતા રહેવાનું. ઘસાતાં ઘસાતાં સળિયાનો છેડો અણીદાર બનતો જાય. અણી બરાબર નીકળતી જોઈએ. ભીની જમીન પર સળીયાનો સીધો ઘા કરવાનો, ખૂંચી જવી જોઈએ. પછી લાકડાના કમાડ પર, અંગૂઠા તર્જનીથી બરાબર પકડીને તાકીને ફેંકવાની, ખૂંચી જવી જોઈએ ખબ્ કરતીને. જમીનમાં - લાકડામાં ખચ્ કે ખબ્ ખૂંચી જાય એટલે સળિયો તૈયાર. ખૂંચી જાય માટે નામ એનું 'ખૂંચમણી -

લાભ ભાઈ આમ તો અહીં એમના નાનપણની રમતોમાંની એકનું સ્મરણ તાજું કરે છે નિમિત્તે વાત કરે છે ચોમાસાના દિવસોની આ ખાસ રમતના વિશિષ્ટ નિયમો જાણે હમણાં જ રમવાના હોય તેમ જેમના તેમ કાગળ પર વફાદારીથી ટપકાવતા જાય છે એમ કરતાં એક ચોક્કસ લય ઊભો થાય છે જેને તાબે રહી એ પાનાં બે-પાનાં લખી રહે છે એમાં એ જાણે બોલતા સંભળાય છે તમે લગભગ તન્મય થઈ એ સાંભળતા રહો છો. પછી જાગીને તમે પૂછો કે લેખક વાત કરે છે તે 'ખૂંચમણી નામની એમના નાનપણની રમત વિશે હતી કે પછી સારો નિબંધ કે સારી કવિતા કેવી રીતે લખવી તેની કલા વિશે ?

કેમકે સરસ લખવા માટે પણ આ જ સ્ટેપ્સ હોય છે એક સળિયો લેવો, પથ્થર પર ઘસવો, ઘસતાં રહેવું, વચમાં વચમાં થોડું પાણી –

'ઝાકળનો ઝ' આમ તો પ્રકીર્ણ ગદ્યખંડોનો સંગ્રહ છે પણ એમાં લગભગ બધે જ આમ લખવાની મજાનો ઉન્મેષ પ્રગટ થાય છે પ્રકીર્ણતા તો છે જ કોઈપણ એક નિબંધ બીજા સાથે જોડાયલો લાગતો નથી. દરેક નિબંધ છૂટો છે અને આ છૂટાપણું નિબંધપણું એ નિબંધમાત્રનું કદાચ લક્ષણ છે અત્યારે લેખકનો આ તરંગ છે માટે આમ લખે છે, બે-મિનિટ પછી બદલાઈ જાય તો તે વખતે તેમ લખશે. તમે, લેખક જેનું નામ એ શબ્દને પાંજરામા ઊભો રાખી એમ ન પૂછી શકો કે તા. પંદરમી માર્ચ સન ઓગણીસો છાસઠમાં આમ કહેલું જ્યારે અત્યારે – લાભશંકરભાઈને 'સમકાલીન' ના તંત્રી, હસમુખ ગાંધી સાથે નર્મદચંદ્રક સબંધે કંઈક આ જ વિષય પર વિવાદ થયેલો તેનો પડઘો પણ 'ઝાકળનો ઝ' નાં પાના પર પડે છે લેખક કહે છે 'આંતરિક વિરોધો અને એના પ્રાગટ્યથી હું ડરતો નથી અજબ રસથી એને જોઉં છું. કશુંક રચાય છે અને પાછું તોડાય છે' આટલું કહી, વાલ્ટ વ્હિટમેનની પેલી સુખ્યાત પંક્તિ Do I contradict myself? – યાદ કરી, એ કહે છે આ કોઈ રાજકારણીની ઉક્તિ નથી. કવિની ઉક્તિ છે અહીં એને ટંકનાર પણ કવિ છે

–'ઝાકળનો ઝ' આમ 'ઝઘડાના ઝ' તરીકે વાંચવો હોય તો પણ વાંચી શકાય તેવો લેખસંગ્રહ છે ઝઘડો તો છે છે ને છે જ ગુસ્સે થઈ જવાય છે એક વાત પર નહીં, અનેક વાત પર અને આપણને સતાવતી એ લગભગ દરેક વાત અહીં લેખોમાં ઊપસી રહે છે 'સેન્ટિમેન્ટલ ટૂર' નામના એક લેખમાં લેખક આપણાં મોટાભાગના ચલચિત્રો અને નવલકથાઓમાં ઉભરાતી 'બેજબરી ભાવુકતા' નો સરસ ઉધડો લે છે અને એ સાથે સત્યજિત રે અને રવીન્દ્રનાથ જેવા માસ્ટર્સની કલાનો અરીસો ધરે છે ખોટે આદર્શવાદ, ઘાર્મિક સામાજિક વિધિઓ જેવી કે શોકાંજલિઓ અને બ-બ્બે મિનિટ માટેનાં મૌનો, રૂઢિગત તમાશા, જેવા કે વરઘોડા – આવા વણ્યાં બધાં નિશાનો, ટાર્ગેટ્સ, લાભશંકરનાં બાણને આકર્ષે છે એક લેખનું શીર્ષક છે 'માનવસૃષ્ટિમાં એક નવા જીવને લાવવા જેવું રહ્યું છે?' – અને એ પ્રશ્નની પ્રસ્તુતતા વિશે લેખક કલમની સચ્ચાઈથી અહીં એકથી વધારે વાર પ્રતીતિ કરાવે છે

પણ આવી ઉગ્રતાનો ઉતાર પણ આ જ પાનાંઓમાં છે અને એ ક્લિનિકો કોઈ વાદમાં કે પંથમા કે પોલિટિકલ પક્ષના પડખામાં કે કોઈ જાહેર હલચલમાં તમને મળી જાય તો તમને મુબારક બાકી મૂળ તો એ ઉતાર તમારી પોતાની જ અંદર પડેલો છે – એવો કંઈક અનુભવ લાભશંકર તેમના ગદ્યમાં વારંવાર પકડાવા, પહોંચાડવા મથતા દેખાય છે 'ઝાકળના ઝ'માં પાસ-આઉટ એવા લેખોનું એક ગુચ્છ છે એક સ્તબક, જેનું ચાનીરૂપ ધ્રુવ છે જોવું બસ જોવું, તટસ્થ રીતે, નિર્લેપ રહી, જોવું 'શાંતિ' શીર્ષકવાળા એક લેખને અંતે આ વાક્યો છે

> જે છે ભીતરમાં વતત તે વિચારને ધ્યાનપૂર્વક, રસપૂર્વક જોવા કરવો પ્રેમ. ત્રેવ, લોભ, ઉપાદેય એવા કોઈ દૃષ્ટિબિંદુ વિના માત્ર નિરીક્ષણ કરવું – વિચારની શાખાપ્રશાખાનું સાતત, મૂળ પર્યંત. આ નિરીક્ષણ વિચારથી મુક્ત કરે. વિચારનાર

અને જોનારની અલગતા પણ ન રહે. દૃશ્ય અને દૃષ્ટા અભિન્ન બની જાય.

આ સ્થિતિ તે શાંતિ. શાંતિની ઇચ્છાથી શાંતિ મળતી નથી. ઇચ્છા તો વિચાર ની જ નીપજ છે ઇચ્છારહિત નિષ્કામ જોવું, રસપૂર્વક, ધ્યાનપૂર્વક જોવું બસ.

લાભશંકરભાઈની આ બાજુને એમનાં અન્ય પાસાઓની સાથે મૂકી એમની સર્વગ્રાહી છબી ઉપસાવતાં રહેવું એ વિવેચનનું ક્રમ છે એમનાં લખાણોમાં અંતરમુખ બનો આવ્યા જ કરે છે દાખલા તરીકે વ્યક્તિ એ જ અભિવ્યક્તિ જેવા જરા દેખીતા શીર્ષકવાળા લેખનું દ્રવ્ય તો છે હોબાળો. લા. ઠ. લખે છે

"મારે હોબાળામાં ભળવું નથી. કેમકે હોબાળો મારાથી અલગ નથી. મારામાં જ છે મારે બહારના હોબાળાને જોવાની જરૂર નથી. એ ખરેખર તો મારામા જ વ્યક્તિમાં જ અંદરથી ઊગેલો છે અને બહાર સંભળાય છે આ વાત મને સમજાય છે ...

આ લાભશંકરમા ...તેનું, ઘોંઘાટ ના કવિ છે અને એમનામાના આ તંતુનાં મૂળ એમની જાણ વિશે ગદ્યકૃતિમાં પડ્યાં છે બહુ લોભાવે-લલચાવે એવાં આ સંધાનો છે લાભશંકર, લેખક – એમની સાથે જો તમારે લગાવ થઈ ગયો હોય, પ્રેમ મારે થઈ ગયો છે, તો તમને મનમાં એક ભૂખ જાગે કે કોઈ સમર્થ વિવેચક એમના આ બધા પ્રોફાઇલ્સને લેખા મૂકી આપે, લા. ઠ. નામની ભૂલભૂલામણીમાં નીચતે ફરવા માટે બે-ચાર માર્ગદર્શક ચિઠ્ઠો, સાઠીન પીસ્ટ મૂકી આપે તો મજા આવે, પણ આ મહા – કે મેટા – પરિપ્રેક્ષ્યવાળું કામ આરંભાયાનો કોઈ ચિહ્નો, એવો કોઈ લેખ કે એવી કોઈ નોંધ જોવામાં આવી નથી. આપણા સમકાલીન લેખકનું આવું સર્વગ્રાહી દર્શન ગુજરાતીના સાહિત્યના અભ્યાસીથી જ થઈ શકે કેમકે તેની પાસે સાહિત્યનો ઇતિહાસ, લિટરરી હિસ્ટરીની ડિસિપ્લિન છે સાહિત્યનો ઇતિહાસ એટલે ગુજરાતી સાહિત્યનો, વિશ્વસાહિત્યનો નહીં એક Paradox છે પણ વિશ્વસાહિત્યનો ઇતિહાસ જાણનાર ઘણા મળી રહે પણ ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ જાણનાર બહુ ઓછા. અધ્યાપકીય વિવેચનની કેટલી બધી જરૂર છે તેનો દાખલો લાભશંકર છે – આ તો 'ઝાકળના ઝ નાં પાનાઓમાના આક્રોશની એકાદ લાલક મને વાગી ગઈ એટલે –

– બાકી 'ઝાકળના ઝ નો પ્રમુખ ધ્વનિ આપણે જોયું તેમ શાંતિનો છે અને તેથીય આગળ સૌંદર્યનો, લા. ઠ. આખરે તો કવિ છેને ? અને આ લલિતનિબંધો પણ કવિના લખેલા છે એ તત્ત્વત: કવિનું ગદ્ય છે તમારી પાસે સહેજ પણ નવરાશનો ટાઇમ હોય તો બધું કામ મૂકી અહીં સમાવેલા બે લેખો તો અચૂક વાંચજો એક છે રાજેન્દ્ર શાહની પંક્તિઓ પર આધારિત આયોજ વૈશાખ લાલ આયોજ રે ... અને બીજો છે વિષ્ણુકાન્તની પંક્તિ કલ્પવૃક્ષની તળે શું કામધેનુ કો ચરે ? – આ કલ્પવૃક્ષની તળે શું ... લેખનો આરંભ આ રીતે થાય છે

"બહુ તપ્યા. બહુ વેઠ્યા તાપ-સંતાપ પ્રખર ગ્રીષ્મના, આગ આગ, ચૈત્ર ગયો, વૈશાખ પણ ગયો અને જેઠ પણ–

– લાભ ભાઈની આ વાત અત્યારે સાચી નથી લાગતી ? 'બહુ તપ્યા ... – અને આમ કહ્યા પછી એ કવિ સુન્દરમ્‌ની પંક્તિઓ ટાંકે છે

આજ આકાશના મંડપે મેઘનાં
નૃત્યના ચંડ પડછંદ ગાજે...

– સુંદરમ્, ભાયાણી સાહેબ, પ્રિયકાન્ત, જિન પદ્મસૂરિની પંક્તિઓ ઝિરિમિરી ઝિરિમિરિ ઝિરિમિરિ .. તપ્ત માનવચેતના માટે આથી વધુ સુખદાયક રસાયણ કયું ? અને આ બધું લાભશંકરના ખરલમાં ઘૂંટાઈ એવું એકરસ થઈ જાય છે એનું એક કારણ એ છે કે એમની સમગ્ર ચેતના જાણે સસ્કૃતમાં રસાયેલી છે અને એવી મસ્ત મર્માળી રીતે એ આ સંસ્કૃત વારસાનો ઉપયોગ કરે છે પછી તે 'હસ્તામલક જેવો પાનાં–બે પાનાંનો નિબધ હોય કે રાધેશ્યામ શર્માની બે કાવ્યપંક્તિ 'આપઘાત અગાઉ કાછોટો વાળતી સગર્ભા કન્યાને જોતા સરોવરો જેમાં કોઈ વાર્તાનો જાણે સુગંધકણ પડ્યો છે તે વિશે વાત કરતા હોય કે એક જગ્યાએ વાગ્ભટ ગ્રીષ્મકાલમાં બપોર કેવી રીતે ગાળવી તે વિશે શું કહે છે તે યાદ કરતાં. લાભશંકરભાઈના જ શબ્દોમાં વાગ્ભટ કહે છે

આસપાસ સુગધીદાર ઠંડું પાણી છાંટેલી ટટ્ટીઓ બાંધવી. એવા મંડપમાં કેળનાં પાંદડાં, પોયણાં, કમળતંતુ કમળ અને નીલકમળથી બનાવેલા, જ્યાં પુષ્પની પાંખડીઓ ખીલી રહી હોય એવા સુંવાળા અને પોચા બિછાનામાં ઉનાળાના દિવસની બપોરે સૂર્યના તાપથી પીડાતા મનુષ્યે ઊંઘવુ અથવા પૂતળીઓના અંગોમાંથી ખસના સુગંધી વાળાથી ઠંડા અને સુગધયુક્ત બનેલા પાણીના ફુવારા ઊડતા હોય એવા ધારાગૃહમાં બપોરે નિદ્રા લેવી – એમ ઉમેરવાનું મન થાય કે ઔર ક્યા !

□

વિવેચનની પ્રતિષ્ઠા

વિવેચક માટે प्रमाणम् अन्त करणप्रवृत्तय એ આદર્શ સ્થિતિ છે એ દુઃસાધ્ય છે પણ અશક્ય નથી. લોકશાસ્ત્રકાવ્યાદિ-અવેક્ષણાત્ નિપુણતા તેને પ્રથમ પ્રાપ્ત કરવી જોઈએ. ભિન્નભિન્ન પ્રજાઓના ગ્રથમણિઓનું પરિશીલન, તેમાંથી કાવ્યશાસ્ત્રીઓએ તારવેલા સિદ્ધાંતોનું પર્યવેક્ષણ, શિષ્ટ ગ્રંથોના સ્વકીય વિમર્શના પ્રકાશમાં પરંપરાપ્રાપ્ત સિદ્ધાંતોનું શોધન, એ બધી પ્રાથમિક તૈયારી માટે અભ્યાસીએ સુરુચિ કેળવવી અને દૃઢ કરવી જોઈએ. સુરુચિ કેળવાય અને અંતઃકરણનાં ગુણ બને ત્યા સુધી અભ્યાસી સહૃદય સાહિત્યવિષયક નિર્ણયો મોકૂફ રાખે અથવા સંશોધનયોગ્ય ગણે. સુરુચિ દૃઢ થતાં, એટલેકે વિવેચનનેત્ર ઊઘડતાં, સિદ્ધાંતોનો સીધો વિનિયોગ કરવો રહેશે નહીં, ગ્રંથમણિ એને વારંવાર સંભારવા પડશે નહીં, વિવેચકનું અખંડ વ્યક્તિત્વ વિવેચનવિષયથી સહજ સ્ફુરી આનદપર્યવસાયી, સત્યપ્રતિપાદક ને સૌષ્ઠવયુક્ત વિવેચનોમાં પ્રકટ થશે વિવેચકની એ ધન્યતા હશે. વિવેચનની એ ગરવી પ્રતિષ્ઠા હશે.

'ઉપાયન પૃ. ૩૬ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

ચર્ચાપત્ર

પ્રિય સંપાદકશ્રી,

ગયા અંકમાં ૮૮ના પરબમાં મહેન્દ્રભાઈ મેઘાણીએ મોકલેલા વિવેચન વિષયક મેઘાણીના વિચારો જેમ આજના સમયને અનુરૂપ છે એમ જ વિ. મ. ભટ્ટના નીચેના વિચારો પણ આજે એટલા જ જરૂરી છે... મને લાગે છે કે વિ. મ. ભટ્ટની સાથે ભાગ્યે જ કોઈ અસંમત હશે.

'બીજી ગમે તેટલી યોગ્યતા છતાં જે પ્રકૃતિથી જ સત્યપ્રિય ન હોય, વસ્તુ જેવી હોય તેથી જુદા રૂપમાં જોતાં ને જણાવતા જેને કુદરતી રીતે જ કંપારી થતી ન હોય, લાભાલાભના વિચારને દૂર રાખીએ તોપણ સ્વભાવથી જ જેને અસત્યથી અરેરાટી થતી ન હોય, એવો પુરુષ સાચો વિવેચક ન થઈ શકે હરભોગે સત્યદર્શન કરવું, સત્યની ઉપાસના કરવી, સત્યને વળગી રહેવું, મોર્લી કહે છે તેમ Even if the very heavens fall, નર્મદ કહે છે તેમ 'આભ પડો પૃથ્વી પડો, લય પામો સંસાર – એમ ગમે તે પરિણામ આવે તોપણ તે વેઠીને પણ વસ્તુને સાચા સ્વરૂપમાં જોવી અને જેવી જોઈ હોય તેવી જ કહેવી, પછી એથી ગમે તેટલી કડવાશ વહોરવી પડે કે અળખામણા થવું પડે તોપણ તેની રજ માત્ર પરવા કર્યા વગર બેધડક પોતાનો અભિપ્રાય જેવો હોય તેવો જણાવવો. એ પ્રકારની અચળ સત્યનિષ્ઠા વગર સાચું વિવેચન શક્ય નથી. 'અપ્રિયમપિ સત્યમ્' કડવું લાગે તોપણ સાચું કહેવું એ સાચા વિવેચકનું જીવનસૂત્ર હોય છે ભલેને આખી દુનિયાને અપ્રિય લાગે પણ મારે તો સત્ય જ કહેવું છે એ એનો નિત્યનો નિશ્ચય હોય છે કડવાશ એ તો વિવેચકજીવનની અનિવાર્ય આપત્તિ છે સત્યને ખાતર કડવા થવાની જનામાં હિંમત ન હોય, અળખામણા બનીને પણ જેવું હોય તેવું કહી નાખવાનું જેનામાં બળ ન હોય, તેણે વિવેચનમાં ન પડવું. વિવેચકે જે કેટલાક મોહો જીતવાના છે તેમાંનો એક મુખ્ય તે મીઠાશ ને લોકપ્રિયતાનો મોહ છે સૌની સાથે મીઠાશ રાખવી એ જીવનમાં અન્યત્ર બહુ સારી વાત છે પણ વિવેચક જો સૌની વચ્ચે મીઠાશ રાખવા બેસશે તો પોતાની જવાબદારી કદી પણ પૂરી પાડી નહિ શકે એ જ રીતે વિવેચક જો લોકપ્રિય બનવાના લોભમાં પડશે તો પછી એનું લક્ષ સત્ય શું છે તે તપાસવા તરફ નહિ રહે, પણ લોકોને શું ગમે છે તેના પર જ એ નજર રાખશે, એટલે એ પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ થશે વિવેચકે કેટલીક વિપ્રલંભી વસ્તુઓથી ખાસ સાવચેત રહેવાનું છે ઉદાહરણ તરીકે સત્યનિષ્ઠા વગરની શુષ્ક બુદ્ધિ, દક્ષતા, ચાલાકી, વકીલના જવી પટાબાજી એ બધી વસ્તુઓ વ્યવહારમાં ગમે તેટલી ઉપયોગી હોય પણ વિવેચનમાં તો તે વિષવત્ વર્જ્ય ગણવાની છે કેમકે સચ્ચાઈ વગરની કેવળ બુદ્ધિ એ બહુ ઠગારી વસ્તુ છે કોઈપણ સાહિત્યકૃતિને સાચો ન્યાય આપવામાં એ ભારે વિઘ્નરૂપ નીવડે છે દક્ષતા, ચાલાકી, પટાબાજી એ સઘળી વિવેચનના ધ્યેયથી ઘણાવનારી વસ્તુઓ છે એટલે વિવેચકે જે આદર કરવાનો છે તે ધૂર્તોચિત દક્ષતાનો નહિ પણ બાલોચિત સરળતાનો, નિર્વ્યાજ સચ્ચાઈ અને નિખાલસતાનો કશી પણ ઢાંકપિછોડો કર્યા વગર, કોઈની પણ બીક કે શરમ રાખ્યા વગર જેવું હોય તેવું કહી નાખવું. છતી

પર હાથ મૂકીને ને ઈશ્વરને માથે રાખીને – જેવું હોય તેવું સાફ સાફ કહી નાખવું, એ પ્રકારની પ્રમાણિક નિખાલસતા – એ પ્રકારનું સત્યમય સ્પષ્ટવક્તૃત્વ – નૃપિ હોય તો વિવેચકમાં બીજી ગમે તેટલી ગુણસંપત્તિ હશે તો પણ તે નકામી નીવડવાની.

[વિવેચનકલા પૃ ૫૮ ૫૮, ૬૦] વિજનાથ મગનલાલ ભટ્ટ

– શરીફા વીજળીવાળા

*

સંપાદકશ્રી પરબ,

પરબ ડિસેમ્બર ૮૮ના અંકમાં ગોપાલ શાસ્ત્રીના તારા ગયા પછી ગઝલસંગ્રહનું આકાશ ઠક્કરે કરેલું અવલોકન હજી ઊંડી તપાસ માંગી લે છે એમાં થોડુક વધારે – આ સંગ્રહમા કાફિયાની ક્ષતિઓ છે પૃ. ૪ ઉપરની ગઝલમાં મળતું પ્રજળતું પ્રાસયોજનાની સાથે તે પછી સળગતું-મહેંકતુ-ટહુકતું-વરસતું – જેવી પ્રાસબંધી યોજે છે જે દોષ છે પૃ. ૩૫ ઉપરના પ્રથમ શેરમાં જાહોજલાલી – ખાલી જેવા પ્રાસ લઈને અંતે 'સાતતાળી' કાફિયા ? પૃ. ૫૦ ઉપરની ગઝલમાં મત્લા નથી. અહીં અજવાળાં પ્રાસની સાથે ભાસ પરભાસ, ધાસ – જેવા પ્રાસ ચાલે ? આ સંગ્રહમાં બીજા કવિઓના પડઘા સંભળાય છે એવી આકાશ ઠક્કરની નોંધમાં હજી એક નામ રશીદ મીરનું ઉમેરવાનું મન થાય છે જુઓ –

સાત પેઢીનું સંભારણું,
એક વસરકો કરે હોય છે

– રશીદ મીર

સાત પેઢીને આજ જોવા દે,
જર્જરિત ઘર છે તૂટવ રેલી છે

– ગોપાલ શાસ્ત્રી

સ્વપ્નનું ફળ ક્યાંક તો હોવું ઘટે,
આખ ચોળીને હવેલી જોઈએ.

– રશીદ મીર

જાતને વાંચી ઉકેલી જોઈએ,
દૂરથી એની હવેલી જોઈએ.

– ગોપાલ શાસ્ત્રી

સંગ્રહની કેફિયતમાં કહેવાયું છે એવું રચનાઓમાં અનુભવાતું નથી. રશીદ મીર જેવા પ્રતિષ્ઠિત ગઝલ વિવેચકે શું મૈત્રી-વિવેચનનો લાભ આપ્યો છે ?

– રસિકલાલ દવે

*

ગ્રંથસૂચિ એ રાષ્ટ્રીય અસ્મિતાનો આયનો છે તેમાં આપણી સંસ્કારિતાનું પ્રતિબિંબ ઝીલાય છે રાષ્ટ્રમાં પ્રગટ થયેલ જ્ઞાનરાશિની માહિતી મેળવવા માટેનું આ એક અધિકૃત સાધન છે આપણી રાષ્ટ્રીય ગ્રંથસૂચિ British National Bibli graphyની જેમ ત્રાપ્તાહિક માસિક અને વાર્ષિક ધોરણે નિયમિત રીતે અનિવાર્યપણે પ્રગટ થતી રહે તે

જરૂરી છે

આપણી રાષ્ટ્રીય ગ્રંથસૂચિ નિયમિત રીતે પ્રગટ થતી ન હોવાની આ પરિસ્થિતિમાં ગુજરાતી સાહિત્ય પરિષદનો ગ્રંથસૂચિ સંપાદિત અને પ્રકાશિત કરવાનો આ પ્રયાસ આવકાર્ય છે રાષ્ટ્રીય ગ્રંથસૂચિમાં ગ્રંથ અને વૃત્તપત્રપ્રદાન અધિનિયમ હેઠળ પ્રાપ્ત થતાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવે છે આ અધિનિયમની અજાનતા વા ઉપેક્ષાના કારણે રાજ્યમાં પ્રગટ થતાં પુસ્તકો પૈકી પ્રાય ૬૦ % જેટલાં પુસ્તકો પ્રકાશકો દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલયને મોકલવામાં આવે છે બીજા શબ્દોમાં કહીએ તો ૪૦ % જેટલાં પુસ્તકો રાષ્ટ્રીય ગ્રંથાલયમાં પહોંચતાં નથી પરિણામ સ્વરૂપે તેની ઉલ્લેખ રાષ્ટ્રીય ગ્રંથસૂચિમાં થતો નથી. આ બાબતની નોંધ પરિષદના કર્તાધારોએ લેવી રહી કારણ કે અધિનિયમ હોવા છતાં પુસ્તકો મંગાવવામાં આવતાં નથી તો માત્ર ટહેલ નાખવાથી પરિષદને કેટલાં પુસ્તકો આ કામ માટે મળશે ? આ માટે સઘન પ્રયાસોની જરૂરત રહેશે. આ સૂચિને ગુજરાતી પુસ્તકોની માહિતી માટેનો એકમાત્ર અધિકૃત સ્રોત બનાવવા માટે ગુજરાતમાં પ્રગટ થતાં પુસ્તકો ઉપરાંત રાજ્ય બહાર પ્રગટ થતાં ગુજરાતી પુસ્તકો મેળવીને પણ આ સૂચિમાં સમાવવાં જોઈએ, કરંટ વાર્ષિક સૂચિઓ ઉપરાંત ગુજરાતી મુદ્રણકળાના આરંભથી ઈ. ૧૯૮૭ સુધીના ગાળામાં પ્રગટ થયેલ પુસ્તકોની સૂચિ બનાવવા માટે પ્રોજેક્ટ હાથ ધરવાની તાતી જરૂરિયાત છે

પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવનાર ગ્રંથસૂચિઓ ગ્રંથસૂચિવિજ્ઞાનની દૃષ્ટિએ નમૂનારૂપ સૂચિઓ બની રહે તે માટે પણ પ્રારંભથી જ કાળજી રાખવી જરૂરી છે પ્રત્યેક ગ્રંથની AACR II મુજબ વ્યવસ્થિત રીતે દ્વિતીય સ્તર સુધીની અને જરૂરિયાત જણાય ત્યાં તૃતીય સ્તર સુધીની માહિતી આપવી જોઈએ. આ ઉપરાંત આ પૂર્વે થયેલા પ્રયાસોની ઉણપો દૂર કરવી રહી ! જોકે પરિષદ પાસે પ્રકાશ ચેનડ જેવા ગુજરાતના એક કર્મનિષ્ઠ અગ્રણી ગ્રંથસૂચિવેત્તા ઉપલબ્ધ હોવાથી ગુજરાતી પુસ્તકોની વાસ્તવસૂચિ નિર્માણનો આ પ્રયાસ સીમાચિહ્નરૂપ બની રહેશે તેવી શ્રદ્ધા છે ગ્રંથસૂચિની સાથે સાથે પરિષદ પાસે આપણે અપેક્ષા રાખીએ કે ગુજરાતી મુદ્રણકળાના પ્રારંભથી આજદિન સુધી પ્રગટ થયેલાં પુસ્તકો અને સામયિકો પરિષદ ગ્રંથાલયમાં મૂળ, ફોટોકોપી વા માઇક્રોફોર્મ સ્વરૂપે ઉપલબ્ધ કરાતી આવે !

(પટણા) — મણિભાઈ પ્રજાપતિ

અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય કલાકારનો અબાધિત અધિકાર

કલાના કોઈપણ ક્ષેત્રે કલાકારની અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય એ સાંપ્રત સમયમાં અવારનવાર છેડાતો ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે અન્ય કળાઓની તુલનાએ સાહિત્યકૃતિ અને સાહિત્યકાર આવા વિવાદનું કેંદ્ર બનતો વિશેષ જોવા મળે છે સલમાન રશદીની કોતાનિક વર્સિસ અને તસલીમા નસરીનની લજ્જા નવલકથાઓ આનાં જ્વલંત ઉદાહરણો છે એમા વધુ એક નવલકથાનો તાજેતરો ઉમેરો થયો છે પાકિસ્તાની લેખિકા તેહમિના દુર્રાનીની બ્લાસ્ફેમી નામક નવલકથા ઉપર ત્યાંની સરકારે પ્રતિબંધ લાદ્યો છે પ્રસ્તુત નવલકથામાં એક ધર્મસ્થાનના વડા અને સર્વેસર્વા જેવા એક પીરની વાત લખિકા

કરે છે જેને તે રૂબરૂ મળેલાં છે ધર્મના ઓઠા હેઠળ પીર દ્વારા આચરાતાં સેક્સ કૌભાંડનો પર્દાફાશ કરવા ઉપરાંત કેટલીક ધાર્મિક પરંપરાઓ મનુષ્યને કેવી રીતે નૈતિક અધઃપતન તરફ ધકેલી રહી છે – તેનો લેખિકા નિર્દેશ કરે છે –

તાજેતરમાં ઈરાનના શાસકો દ્વારા સલમાન રશદીના મોતનો ફતવો પાછો ખેંચવાની જાહેરાત કર્યા પછી તેને રદિયો આપવામાં આવ્યો છે આ વિષયે જગવેલી ચર્ચાઓની તક ઝડપી લઈને ગૃહપ્રધાન લાલકૃષ્ણ અડવાણીએ જાહેરાત કરી કે રશદીને પોતાના મૂળ વતન ભારતમાં આવવું હોય તો તેમનું ઉમળકાભર્યું સ્વાગત કરાશે. અડવાણીની આવી જાહેરાત પાછળના રાજકીય પ્રયોજનનો મુદ્દો ચર્ચાસ્પદ બનવાની સાથે સર્જકની અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો પ્રશ્ન પણ કેન્દ્રમાં છે તાજેતરમાં આ મુદ્દે દેશના બે ટોચના સાહિત્યકારો, અંગ્રેજીના ખુશવંતસિંઘ અને હિંદીના નિર્મલ વર્માએ પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યાં છે જે નોંધપાત્ર છે

ખુશવંતસિંઘે સેતાનિક વર્સિસ ની હસ્તપ્રત બે વખત અને પુસ્તક એક વખત વાંચ્યાં છે તેમના મતે નવલકથામાં બે બાબતો એવી છે જે મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભવનારી બની રહે. એ કારણે એમણે પ્રકાશકોને આ નવલકથા ભારતમાં પ્રકાશિત નહિ કરવાની સલાહ આપી હતી. નવલકથામાં પયગંબર વિજયી બનીને મક્કા પાછા ફર્યા બાદ તમામ વેશ્યાઓ અને વેશ્યાગૃહો બંધ કરવાનું ફરમાન કરે છે પરંતુ આવા લોકો અન્ય વ્યવસાયમાં સ્થિર થઈ શકે એ માટે જૂનો ધંધો થોડો સમય ચાલુ રાખવાની છૂટ આપે છે આથી રોષે ભરાયેલો વેશ્યાગૃહનો માલિક તેની વેશ્યાઓને પયગંબરની પત્નીઓનાં નામો આપે છે

નવલકથાના વિરોધ અને વિવાદનો બીજો મુદ્દો અલ્લાહે ઉદ્ગારેલ અને પયગંબરે સાંભેલ પવિત્ર ગ્રંથ કુરાન ને લગતો છે નવલકથામાં રશદીએ પયગંબર ઉપર અલ્લાહના ઉદ્ગારોમાં અયોગ્ય છૂટ લઈને તેમાં મૂર્તિપૂજકોનો સમાવેશ કરી દેવાનો અને પાછળથી તેમને શયતાનો સાથે જોડી દેવાનો આક્ષેપ કર્યો છે આથી જ નવલકથાનું શીર્ષક સેતાનિક વર્સિસ આપવામાં આવ્યું છે મુક્ત વિચારો ધરાવતો અને ઉદારમતવાદી કોઈ મુસ્લિમ પણ આને સ્વીકારી ન શકે –એનો રશદીને ખ્યાલ હોવો જોઈએ. આ મુદ્દે દેશમાં તંગદિલી ઊભી થાય અને હિંસા ભડકી ઊઠે એવી દહેશત વ્યક્ત કરીને ખુશવંતસિંઘે આ નવલકથા ભારતમાં પ્રગટ નહિ કરવાની સલાહ આપી હતી. આમ છતાં પણ તેમનો મક્કમ અભિપ્રાય છે કે કોઈપણ પુસ્તક કે ફિલ્મ ઉપર કોઈ પણ કારણસર પ્રતિબંધ લાદવો જોઈએ નહિ. જેમને વિરોધ હોય એમણે એ પુસ્તક ન વાંચવું જોઈએ.

એથી આગળ વધીને નિર્મલ વર્મા તો સીધો જ પ્રશ્ન કરે છે કે પ્રજાજનોએ શું વાંચવું અને શું ન વાંચવું – એ નક્કી કરવાનો કોઈપણ સરકારને કાનૂની અધિકાર ખરો ? એમના મતે, માત્ર રશદીને આમંત્રણ આપીને અટકી ન જતાં નવલકથા ઉપરનો પ્રતિબંધ પણ વર્તમાન સરકાર ઉઠાવી લેશે તો એ આવકાર્ય બની રહેશે. રાજીવ સરકારના કેટલાક અધિકારીઓએ પુસ્તક વાંચવાની તકલીફ લીધા વિના જ તેના ઉપર પ્રતિબંધ લાદી દીધો હતો. કોંગ્રેસના વલણની ઝાટકણી કાઢતા નિર્મલ વર્મા કહે છે કે નહેરુના બિનસાંપ્રદાયિકતા અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના આદર્શોનું ગુણગાન ગાતાં ન થાકતા કોંગ્રેસી શાસકો દ્વારા લદાયેલો આવો પ્રતિબંધ આશ્ચર્ય અને આઘાતજનક છે કેટલાક ધાર્મિક ઉન્માદવાદીઓની

ધમકીને વશ થઈને વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના શાસકો પ્રજાને આવું પુસ્તક વાંચવાની અને તેના વિશે અભિપ્રાય બાંધવાની તકથી વંચિત રાખે એથી મોટું સક્રિય બિનસાંપ્રદાયિકતા નું ઉદાહરણ બીજું કયું હોઈ શકે ?

એમ.એફ હુસેનના હિંદુ દેવીના વિવાદાસ્પદ ચિત્રની ઘટનાને સાંકળી લેતાં વર્મા પ્રશ્ન કરે છે કે કેટલાક લોકોની ધાર્મિક લાગણી દુભવવાના આરોપસર કોઈ પુસ્તક પ્રતિબંધિત કરવાથી અન્ય વર્ગની લાગણી દુભવવાના આરોપસર કોઈક કલાકારના ચિત્રોને સળગાવી મૂકતાં લોકો સામે પગલાં લેવાની નૈતિક અને કાનૂની સત્તા આપણે ગુમાવી દઈએ છીએ એવું આપણને ક્યારે સમજાશે ? ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં પવિત્ર અને અપવિત્ર વચ્ચે કોઈ નિશ્ચિત સીમારેખા નથી. કળામાત્ર પવિત્ર જ છે કેમકે ભૌતિક જગતની સઘળી અપવિત્રતાઓ એમાં સમાવિષ્ટ હોય છે આવી પરંપરાના ખ્યાલ ઉપર જ આપણી સાચુકલી બિનસાંપ્રદાયિકતા આધારિત હોવી જોઈએ. કળાકારોને આશ્રય અને રક્ષણ આપવાની ભારતની સદીઓ પુરાણી આવી ઉમદા પરંપરાને પુનર્જીવિત કરીને સરકારે રશદી ઉપરાંત તસલિમા નસરીનને પણ આવકારવાં જોઈએ એમ વર્મા સૂચવે છે

રશદીના પ્રશ્ને કેંદ્રીય સાહિત્ય અકાદમીએ સેતેલા મૌનની આકરી ટીકા કરતાં વર્મા કહે છે કે પુસ્તકો અને લેખકો ઉપરના તમામ પ્રતિબંધો દૂર કરવા માટે અકાદમીએ માંગણી કરવી જોઈએ. વધુમાં, અકાદમીએ ભારતીય લેખકો અને બુદ્ધિજીવીઓના એક પરિસંવાદનું આયોજન કરવું જોઈએ જેમાં એક તરફ લોકોની ધાર્મિક લાગણીનો આદર કરવાના, તો સામે પક્ષે કળાકારની સર્જનાત્મક અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના સંકુલ મુદ્દાઓની સઘન વિચારણા થઈ શકે આવી જટિલ સમસ્યાના ઉકેલનું કામ ટૂંકા ગાળાનો લાભ શોધતાં વર્તમાન રાજકારણીઓ ઉપર છોડવું ન જોઈએ. રશદીનાં કળા અને સાહિત્ય વિશેનાં મંતવ્યો તથા ભારતીય ભાષાઓનાં સાહિત્ય માટે તેમની તાજેતરની ટીકાટિપ્પણી સાથે પોતે અસંમત હોવા છતાં વર્મા, રશદીના અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય માટે પોતાની સંપૂર્ણ સંમતિ પ્રગટ કરે છે

દેશના બે નામાંકિત સાહિત્યકારોએ કોઈપણ લેખકના વિચારો કે સાહિત્ય સાથે વ્યક્તિગત કે સમાજના કોઈ વર્ગની અસંમતિ હોવા છતાં લેખકના અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય પ્રત્યે પૂરેપૂરી પ્રતિબદ્ધતા પ્રગટ કરી છે કેંદ્રીય સાહિત્ય અકાદમી તથા તમામ ભારતીય ભાષાઓની સંસ્થાઓ અને લેખકો આ પ્રશ્નની દેશવ્યાપી ચર્ચાઓ અને રજૂઆતો દ્વારા સરકાર ઉપર દબાણ લાવે તો કળાકારની અભિવ્યક્તિના સ્વાતંત્ર્યની આકર્ષક સ્થિતિ અવશ્ય સર્જાઈ શકે.

– હરીશ ખત્રી

*

પ્રતિ,
તંત્રીશ્રી પરબ
શ્રીમાન્,

પરબ ના એપ્રિલ ૯૯ અંકમાં 'સાહિત્યવૃત્ત' ના વિભાગમાં સંજય શ્રીપાદ ભાવેએ અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલન અંગે લખેલા હેવાલને છૂટથી પાનાં ફાળવ્યાં છે તેનો યોગ્યજનક ન ગણીએ તોપણ તેમાં છેલ્લે જે ગુજરાત જોગ થોડા મુદ્દા છેડવામાં આવ્યા

પરિષદવૃત્ત

સોમનાથ આધારિત ગુજરાતી નવલકથાઓ

અનિલ વ્યાસ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને શ્રી સોમનાથ ટ્રસ્ટના ઉપક્રમે ૩-૪ એપ્રિલના બે દિવસ દરમ્યાન સોમનાથ (પ્રભાસ પાટણ) ખાતે 'સોમનાથ વિષયક ગુજરાતી નવલકથાઓ પર પરિસંવાદ યોજાઈ ગયો. એ માટે અમદાવાદથી સોમનાથ જતાં રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ વિનોદ અધ્વર્યુ, હરિકૃષ્ણ પાઠક ઉષા ઉપાધ્યાય, બિન્દુ ભટ્ટ, હર્ષદ ત્રિવેદી, મીનળ દવે, અજય રાવલ, પારુલ રાઠોડ બિપિન પટેલ અને રમેશ ર. દવે સૌ સાથે હતાં.

ગિરનાર એક્સપ્રેસ ઊપડ્યો હતો. સમયસર પણ વેરાવલ મોડો પહોંચ્યો. ટ્રસ્ટીઓ નગરજનો તો ક્યારના રાહ જોતા ઊભેલા. હોંશે હોંશે આવકારી ઉતારે લઈ આવ્યા ત્યારે ઉદ્ઘાટન બેઠકનો સમય થઈ ગયો હતો. પણ નજર સામે હિલ્લોળાતો દરિયો જોઈને મોડા પડ્યાનો અફસોસ ઓસરી ગયો.

પરિષદમંત્રી ઉષા ઉપાધ્યાયે પરિસવાદનું કરેલું આયોજન વ્યાપક પરિપ્રેક્ષ્ય અને વિષયની સઘન તપાસ દર્શાવતું હતું. ઉદ્ઘાટન ઉપરાંતની ચાર બેઠકો આ પ્રમાણે હતી એક સોમનાથ આધારિત ગુજરાતી નવલકથાઓ 'સિદ્ધિઓ અને સીમાઓ. બે 'સોમનાથ આધારિત ગુજરાતી નવલકથાઓમા સાંસ્કૃતિક ચેતનાનું આલેખન ત્રણ 'સોમનાથનાં ઐતિહાસિક તેમજ પુરાતત્ત્વીય સ્થળોની મુલાકાત અને ચાર 'સોમનાથ આધારિત ગુજરાતી નવલકથાઓમાંથી પસદ કરેલા માર્મિક સંવાદપૂર્ણ અંશોનું પઠન સોમનાથ આધારિત ગુજરાતી નવલકથાઓમાં 'જય સોમનાથ (ક. મા. મુનશી), 'ચૌલા દેવી (ધૂમકેતુ), કુમકુમ અને આશકા (ચુનીલાલ મડિયા), 'રા ગંગાજળિયો (ઝવેરચદ મેઘાણી) તથા સોમતીર્થ (રઘુવીર ચૌધરી)નો સમાવેશ થયો હતો. કલાત્મકતાની ભૂમિકાએ આ નવલકથાઓની સમીક્ષા કરનારા વિદ્વાનોમાં અનુક્રમે ચંદ્રકાન્ત શેઠ દર્શના ધોળકિયા, મીનળ દવે અને અજય રાવલ હતાં. આ જ નવલકથાઓમાં થયેલા સાંસ્કૃતિક ચેતનાના આલેખનની તપાસ કરનારા વિદ્વાનોમાં અનુક્રમે વિનોદ અધ્વર્યુ, રશ્મિબહેન વ્યાસ, તથા ઉષા ઉપાધ્યાય હતાં.

ત્રીજી બેઠક વાસ્તવમાં બેઠક ઉપરાંત યાત્રા પણ હતી. પુરાતત્ત્વવિદ્યા અને ઇતિહાસના અભ્યાસી વિદ્વાનો નરોત્તમ પલાણ અને બાલુભાઈ જોશીના નેતૃત્વમાં સોમનાથ પાટણમાં આવેલાં ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સ્થળો જોવાનું કુતૂહલ સૌ અનુભવતાં હતાં. ચોથી બેઠકનું આકર્ષણ હતુ તેનું સ્થળ. સોમનાથ મહાદેવના વિશાળ અને ગગનચુબી મંદિરના નૃત્યમંડપમાં સોમનાથ આધારિત ગુજરાતી નવલકથાઓના માર્મિક સંવાદપૂર્ણ અંશોનું પઠન વિવિધ વિદ્વાનો કરવાના છે – એ વાતનો એક અલગ રોમાંચ હતો.

નાહી-ધોઈ બેઠકના નિયત સમયથી દોઢ કલાક મોડા સોમનાથ ટ્રસ્ટના મૂળ મકાનના સભાખંડમાં બેઠાં ત્યારે સાગરજળને સ્પર્શીને આવતી શીતળ લહેરીઓ અને લાભશંકર પુરોહિતના શિવસ્તોત્રગાનથી વાતાવરણ મઘમઘી ઊઠ્યું. દીપપ્રાગટ્યથી વિધિવત્ ઉદ્ઘાટન કરતાં ટ્રસ્ટના પ્રમુખ દિનેશભાઈ શાહે સ્વાગત પ્રવચનમાં નિમત્રિતોને 'સાહિત્ય ઉપાસકો,

અહીં આપનું હોવું એ જ ઘટના છે એમ કહેતાં અગાઉના ભક્તિસત્ર હરિ અને હર ને યાદ કર્યું અને આ સમગ્ર તીર્થને શિવ અને કૃષ્ણનું તીર્થધામ બનાવવાનો સંકલ્પ જણાવ્યો. સાથોસાથ સંસ્કૃત અકાદમી તથા યુનિવર્સિટીનું સ્વપ્ન દર્શાવ્યું ને વિશિષ્ટ ગ્રંથાલય કે જેમાં સોમનાથ વિષયક સઘળું સાહિત્ય ઉપલબ્ધ થાય મહેચ્છા દર્શાવી.

સોમનાથના ટ્રસ્ટી અને વિદ્યાપીઠના કુલનાયક વિનોદ ત્રિપાઠીએ સોમનાથના પ્રાંગણમાં આ અનોખું પર્વ છે એમ કહ્યું તો ગિરિશ કાસ્થિાએ છેડાના ગામમાં બેઠો બેઠો કલા-સંસ્કૃતિની પૂરી નિસબતથી અમે કાર્યરત છીએ એમ કહીને હિનેશભાઈના સંકલ્પો પરિપૂર્ણ કરવાની ખાતરી આપી. ગિરીશભાઈના વક્તવ્યની ભાષા અને એમાં વણાતાં રહેલાં સંસ્કૃત શ્લોકનાં દૃષ્ટાંતો એમનાં વાચનમનની સાક્ષી પૂરતાં હતાં.

પરિષદ મંત્રી હરિકૃષ્ણ પાઠકે 'પરિષદપ્રવૃત્તિનો સંક્ષેપમાં પરિચય આપ્યો એ પછી રઘુવીર ચૌધરીએ એમના પ્રારંભિક વક્તવ્યમાં સ્પષ્ટ કર્યું કે મહાકાલની નિદ્રામાં પથરાયેલા ઇતિહાસને વિવિધ સાહિત્યકારોએ અલગ અલગ રીતે ન્યાય આપ્યો છે અહીં કોઈ આક્રમણ વિજયી નીવડ્યું નથી. પરાજય ન સ્વીકારવાની પ્રજાની વિરલતાને ભિરદાવતાં આ તીર્થ/મંદિરની રચનામાં બે 'સંપ્રદાયોનું મહત્ત્વ યાદ કરતાં કહ્યું કે જુઓ, કેવું સરસ છે હરનું મંદિર કે જે હરિના પણ 'ઇષ્ટદેવ હતા. સાથોસાથ તીર્થના વિકાસની પ્રવૃત્તિઓને શુભેચ્છા પાઠવી અને શક્ય હોય તો આછીઆછી આવતી મત્સ્યગંધ દૂર કરવાનું સૂચન પણ કર્યું.

ઉદ્‌ઘાટન બેઠકમાં શ્રી મોહનભાઈ પટેલે 'ઐતિહાસિક નવલકથાની વિભાવના વિશે વાત કરતી વેળા ઐતિહાસિક સામગ્રીનું મહત્ત્વ આંકી આપતાં સમાયણ, મહાભારત અને દસ્તિયેફનાં દૃષ્ટાંતો આપતાં આ કથાનકોનું સત્ય નિરંતર ચાલતાં સંશોધનો પછી હવે સિદ્ધ થયું છે તેમ કહી ઈલિયડ વિશેનાં સંશોધનો, દ્વારિકા નગરીનાં સંશોધનો અને તેમાં મળેલા પુરાવાનું મહત્ત્વ જણાવી તેને પ્રમાણ્યાં. સાથોસાથ ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક પ્રક્રિયા ની વિશદ સમજ આપતાં 'જય સોમનાથ નાં પાત્રો દ્વારા ગુજરાત અને આર્યાવર્તની દૃષ્ટિએ ઐતિહાસિક ચેતનાનો પ્રાદુર્ભાવ સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો. નવલકથામાંના યુદ્ધનાં વર્ણનો, પ્રણયતત્ત્વનું નિરૂપણ – ગતિશીલતા વગેરે તત્ત્વોની પણ તેમણે વિગતે ચર્ચા કરી.

રઘુવીર ચૌધરીએ એમના ગુરુના ગુરુએ કહેલી વાતોમાં સવિનય પૂર્તિ કરતાં, મુનશીએ આપેલ રોમાન્સનું સ્વરૂપ વિરલ ગણાવતાં ઐતિહાસિક નવલકથાની સફળતાનાં કારણો ચર્ચ્યાં ને ખારેલો અગ્નિમાના રુદ્રદત્ત તથા દર્શક ની નવલકથામાં ગણરાજ્યોની પરંપરિત વાત કરતાં મહાકશ્યપ અને મહર્ષિ ગૌલનાં પાત્રોનું મહત્ત્વ સ્પષ્ટ કરી પોતાના સમયની પુનઃચેતનાને ઇતિહાસ દ્વારા મૂર્તિમંત કરવી એ ઐતિહાસિક નવલકથાનું વિશિષ્ટ લક્ષણ છે – એમ તારવી આપ્યું.

ધૂમકેતુની નવલકથા ચૌલાદેવી ની સિદ્ધિઓ અને સીમાઓ દર્શાવતાં દર્શના ધોળકિયાએ, આ નવલકથા વાંચી ન શક્યા હોય તેમને પણ રસ પડે એ રીતે સમગ્ર નવલનું કથાવસ્તુ વણી લેતાં કૃતિને રાજનિષ્ઠાની કૃતિ ગણાવી અને પ્રદેશપ્રેમ વચ્ચે વિકસતો ચૌલા શ્રીમદેવનો પ્રેમ, પદ્મણીઓનું ઊંચું ચારિત્ર્ય – ગૌરવશીલતાનું મહત્ત્વ અને બાહુબળને કૃતિના વિશેષ લક્ષણો ગણાવ્યાં તો રાણીઓ વચ્ચેની ઈર્ષ્યા, રાજમહેલની ખટપટો –

હર્ષદ ત્રિવેદીએ 'સોમતીર્થ'ના લેખક પર વિચારકનું પ્રભુત્વ છે ? એ પ્રશ્ન સોમતીર્થ સદર્ભે અને એ જ સંદર્ભે રમેશ ૨. દવેએ કથકની ભાષાદેશકાળ-પરિવેશ વિષયવસ્તુથી પ્રભાવક છે ? એ પ્રશ્ન પૂછ્યો. બિન્દુ ભટ્ટે હજારીપ્રસાદ દ્વિવેદી રચિત સાહિત્યના સેવનથી રઘુવીર ચૌધરીને શો લાભ થયો ? એવું પૂછતાં સોમતીર્થ ના સંદર્ભે તેમણે એ પ્રભાવ સરળતાથી સ્વીકાર્યો. ત્યાં મુનિકુમારે અધૂરો મૂકેલો સવાલ ટૂંકાવીને પૂછ્યો ચીલા અને ઉદયમતી વચ્ચે ઠેર્યા કેમ નથી, રઘુવીરભાઈ ? બિન્દુ ભટ્ટે રઘુવીરભાઈ વતી જવાબ આપવા આંગળી ઊંચી કરી અને સહુ હસી પડ્યાં છેલ્લે લાભશંકર પુરોહિતે આઠેક જેટલા મહેનતથી તૈયાર કરેલા પ્રશ્નો પૂરી ધીરજથી પૂછ્યા ત્યારે બહાર અંધારું પૂરેપૂરું ઊતર્યું હતું.

રાત્રે, દરિયો દેખાય ભલે નહિ પણ કાનમાં ગૂંજે એટલા અંતરે બેસીને ગીતોની બેઠક જમાવી. રઘુવીર, હરિકૃષ્ણ પાઠક અને ચંદ્રકાન્ત શેઠ જેનું નામ બોલે તે કલાકાર ગીત સંભળાવે – એ ક્રમે સૌએ ઉલટભેર ગીતો ગાયાં, મોડી રાત્રે ય દરિયે પગ પખાળવાની દિવસભરની ઇચ્છા રહી ગયેલી એટલે વડીલોને આરામ કરવા દઈ યુવાનો ઉપડ્યાં દરિયે. એ તોફાનમસ્તીમાં ભલે વાગ્યા બે !

બીજે દિવસે ઐતિહાસિક તેમજ પુરાતત્ત્વીય સ્થળોની મુલાકાતમાં સહુથી પહેલા પહોંચ્યા સરસ્વતી, હિરણ અને કપિલા નદીના ત્રિવેણીસંગમતીર્થે. હિરણકાંઠે થયેલા કૃષ્ણના દેહોત્સર્ગની સ્મૃતિમાં પ્રથમ તેમની ચરણ પાદુકાને કર્યાં વંદન અને પછી સામે આવેલી મહાપ્રભુજીની ૮૫મી બેઠકમાં ૨૦૦ વર્ષ જૂનાં વૈષ્ણવ શૈલીનાં ચિત્રોનાં કર્યાં દર્શન. નજીક જ બલરામમંદિર, એમાં શેષનાગની ૧૫૦૦ વર્ષ જૂની પ્રતિમા જોઈ બહાર નીકળ્યાં ત્યારે નદીકાંઠાની પવન લહેરી ને પીપળ-પીપળા રાવણ-આંબલીનાં વૃક્ષો છોડ્યાં છૂટે એમ ન હતાં. પરંતુ ત્રીજી સદીની લકુલેશની પ્રતિમા હજી જોવાની બાકી હતી. નરોત્તમ પલાણ એ બતાવતી વખતે અચૂક બોલવાના આ ગુજરાતની સૌથી પ્રાચીન મૂર્તિ છે ને તેમજ થયું. પાસે જ પુરાતન સૂર્યમંદિર. બાલુભાઈ ઉત્સાહથી મંદિરની ફોતરણી માલેકપટ્ટી, ગજ અષ્ટની કડ બતાવતા ભવ્યતા વરતિ ને સામે જ ઊંડાણમાં ભૂગર્ભ ચોનિલિંગ. બાજુમાં એક જણ મહાપરાણે જઈ શકે એવા સાંકડા રસ્તે ઊતરી પગે પડવાનું હિંગળાજ માતાને. બહાર આવી નજર કરું તો શમીવૃક્ષની પાર દેખાતો ત્રિવેણીઘાટ !

આ બાજુ સ્ત્રી વર્ગ તો સમુદ્રજીવના અલકારોના બજારમાં પહોંચી ગયેલો. બસમાં, આ લીધું ને તે લીધું ચાલતું હતું ત્યાં નરોત્તમ પલાણની બૂમ સંભળાઈ આ જુઓ, કોટની રંગને ખાઈ ! આ આખો વેરાવળ દરવાજો-અહીંથી પ્રવાસ પગપાળા. ગામમાં નારેશ્વર મંદિરમાં જમણી ડાબી સૂંઢવાળા ગણપતિ ને પાવનકારી શિવ. અધધધ... કેટકેટલાં સ્વરૂપ છે શિવનાં ? વચ્ચેના વરસમાં સમયના પ્રભાવથી તમામ મંદિરો છેક ઊંડે ભોંયરામાં સ્થપાયાં હતાં. વચ્ચે ગજેન્દ્રપ્રાસાદ મહાલયમાં ભગવાન મહાવીરનાં દર્શન કર્યાં ને એનાં ઉપરના માળે ચડીને આખાય પ્રભાસ પાટણનો એરિયલ વ્યૂ મેળવ્યો.

ત્યાંથી સોમનાથ મંદિર અવશેષ સંગ્રહાલય-ની મુલાકાતે એ સમયનો વૈભવ અને કલાવારસો નજરે જોયા વગર જાણવો અશક્ય. ઈ.સ. ૬૭૫-૭૬ના શિલાલેખો, અંદર વિષ્ણુ, કુબેર, નાગયજ્ઞનો ૧૧મી સદીનો શિલ્પો, પચીસીની પાર્વતી, ...કેટકેટલું ભર્યું છે અહીં ?

એ જોઈ આગળ ચાલીએ એટલે દ્વારકાધીશ અને રોમનગ્રીક શૈલીના સ્થાપત્ય પ્રભાવવાળા ભગવાન ચૂર્ણનારાયણ. બહાર પાછા બમ્‌બમ્‌ ભોલે શિવ અને આ નંદી, શ્યામ આરસમા કેવો સુંદર ને સાવ અનોખો. એની વળેલી ડોકનું કેવુ અદ્‌ભુત ભાવનિરૂપણ કર્યું છે શિલ્પીએ ? આવો નંદી બીજે જોવાનું સ્મરણમાં નથી. થોડું ચાલ્યા ત્યાં આવ્યાં મા ભદ્રકાળી ને કુમારપાળનો શિલાલેખ. એમાં છંદોબદ્ધ શ્લોકોમાં લખાયેલી સોમનાથ મંદિરની ગાથાનો ખ્યાલ આપ્યો બાલુભાઈ જોશીએ. બહાર નીકળ્યાં ને ભગવાન સોમનાથ. હા, ચક પૂરું થયું પ્રભાસનું. એ જ વિશાળ સાગરને એ જ ભવ્ય મંદિર પરિસર. હા આ જ મંદિરના નૃત્યમંડપમાં બેસવાનું છે પણ પહેલાં ભોજન અને પછી થોડો આરામ.

સોમનાથ આધારિત નવલકથાઓના માર્મિક સંવાદપૂર્ણ અંશોના પઠનની બેઠકમાં આરંભે ઉષા ઉપાધ્યાય વાતની માંડણી કરતાં હતાં ત્યારે ભગવાન સોમનાથના ભવ્ય નૃત્યમંડપમાં ખાસ્સી ચહલપહલ હતી. શિલ્પ-સ્થાપત્યનું નયનરમ્ય સૌંદર્ય, ઉપર નવગ્રહો અને ગુંબજમાં વિદ્યાધરીઓની નિદ્રા તળે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રસન્નવદન મહેતાનુ અતિથેય. રઘુવીર ચૌધરીએ સમગ્ર પ્રસંગનું સાફલ્ય કહ્યુ ને પ્રસન્નવદનભાઈના ઉદ્‌બોધનથી બેઠક આગળ ચાલી. વિશિષ્ટ અનુભવાતા વાતાવરણમા બાલુભાઈએ શિવમહિમ્ન સ્તોત્ર અને શિલાલેખ પરના શિવસ્તુતિ શ્લોકો સંભળાવ્યા તો હરિકૃષ્ણ પાઠકે શિવપંચાક્ષર સ્તોત્ર ગાઈ સહુને મોહ્યાં. વિનોદ અધ્વર્યુ 'જય સોમનાથ' ના અંશનું પઠન કરતા હતા ત્યારે પાછળ ઊંચા મકાનના ધાબા ઉપરની ટાંકીમાં છોકરાઓ કૂદકા ભરી નહાતા હતા ને મંદિરમાં દર્શનાર્થીઓ અમારી આ નવતર બેઠકને કૂતુહલથી જોતાં હતાં. કેટલાંક તો ધીરેથી આવીને ગોઠવાઈ ગયાં ને એમ આગળ ચાલ્યો પઠનનો દોર.

રમેશ ૨. દવેએ 'જય સોમનાથ'માંથી અને ઉષા ઉપાધ્યાયે 'સોમતીર્થ'માંના સંવાદપૂર્ણ અંશોનું પઠન કર્યું. રશ્મિ વ્યાસ જવાની ઉતાવળમાં હતાં પણ જતાં પહેલાં શાસ્ત્રીય ઢબે શિવસ્તોત્રનું ગાન સંભળાવી સહુને સ્તબ્ધ કર્યાં. રઘુવીરભાઈએ વિશિષ્ટ એવા આ વાતાવરણમાં પાર્વતી નિશેની એમની કાવ્યરચના 'વહેતા વૃક્ષ પવનમાં' નું પઠન કર્યું ને 'અક્ષોવજ્ઞ' નું સ્મરણ કરી કૃતાર્થ થયા. મીનળ દવેએ 'રાગંગાજળિયો'માંથી ગદ્યખંડ વાચ્યો ને નરોત્તમ પલાણે સંભળાવ્યું સુરેશ સોમપુરાની નવલકથામાંથી ત્રિપુરસુંદરીની વિદાયનું પ્રકરણ. મંદિરમાં સામે જ ત્રિપુરસુંદરીની મૂર્તિ ! સાંજે સાડા છ વાગ્યે સૌ લકઝરી કારમાં બેસીને વેરાવળ રેલવે સ્ટેશન તરફ પાછાં ફરી ક્યારે ? – એ પ્રશ્ન સહુની આંખમાં અને આવજો આવજો-ની મુદ્રામાં હલતા સૌના હાથ ! નરોત્તમ પલાણ અને બાલુભાઈની આંખોમાં તગતગતો સાંજની વેળાનો રતુમડો દરિયો અને રમેશ ૨. દવેનું એ બંને વડીલોને સૌરાષ્ટ્રમાં જ સંભવે એમ પુત્રવત્‌ ભેટવું ! વિદાયનું એ દૃશ્ય આંખમાં ભરીને પાછા આવ્યા હોઈએ ભર્યાભર્યા !

પરિષદ કાર્યાલયનો સમય સવારનો

તા. ૧ ૫-૯૯થી તા. ૧૫ ૬-૯૯ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યાલયનો સમય સવારના ૮(આઠ)થી બપોરના ૧૨ (બાર) સુધીનો રહેશે. ચી. મ. ગ્રંથાલયનો સમય યથાવત્‌ ૧૧ ૩૦થી ૬.૦૦નો જ રહેશે.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ક્રમ	ખર્ચની વિગત	અંદાજ ૧૯૮૯-૯૯	વાસ્તવિક	અંદાજ કરતાં વધારો	અંદાજ કરતાં ઘટાડો	અંદાજ ૧૯૯૯-૨૦૦૦	નોંધ
૧	મ્યુનિસિપલ ટેક્સ	૧૦,૦૦૦.૦૦	૭૬૭૧.૦૦	–	૨૩૨૮.૦૦	૧૦ ૦૦૦.૦૦	
૨	વીમાખર્ચ	૩,૦૦૦.૦૦	–	–	૩૦૦૦.૦૦	૩ ૦૦૦.૦૦	
૩	ઓડિટ તથા ઇન્કમટેક્સ ફી	૬,૦૦૦.૦૦	૮,૦૦૦.૦૦	૨,૦૦૦.૦૦	–	૮,૦૦૦.૦૦	
૪	ચૂંટણીખર્ચ	–	–	–	–	૧૦,૦૦૦.૦૦	આવતા વર્ષે જો પરિષદ પ્રમુખની ચૂંટણી યોજાય તેવી વારસાગત ખર્ચની જોગવાઈ કરવી જોઈએ.
૫	બૅંક કમિશન	૫૦૦.૦૦	૧૧૦૦.૦૦	૬૦૦.૦૦	–	૧,૦૦૦.૦૦	
૬	પગારખર્ચ (જોગીલાલ સાંડેસરા-ચોર) અન્ય ખર્ચ	–	૪૩ ૩૨૮.૦૦	૪૩ ૩૨૮.૦૦	–	૨૪,૦૦૦.૦૦	
૭	ટેલિફોનખર્ચ (ટ્રંકકોલ ચાર્જ)	૫૦૦.૦૦	–	–	૫૦૦.૦૦	૫૦૦.૦૦	
૮	પરિસંકલન ખર્ચ (મકાન ખર્ચ)	૫૧,૦૦૦.૦૦	૫૦,૦૦૦.૦૦	–	૧,૦૦૦.૦૦	૫૦,૦૦૦.૦૦	કારોબારી વિચારે.
૯	પારિતોષિક વ્યાખ્યાન પુરસ્કાર નિર્ણાયક પુરસ્કાર + પ્રવાસખર્ચ	૬૫,૦૦૦.૦૦	૭૩ ૫૮૫.૦૦	૮૫૮૫.૦૦	–	–	
૧૦	મકાન-બાંધકામ	૫૦,૦૦૦.૦૦	૭૮૩૫.૦૦	૨૮ ૩૫૫.૦૦	–	–	
૧૧	પ્રાસ્તાવન એજ્યુકેશન પારિતોષિક	૧૦,૦૦૦.૦૦	૮૮૦૦.૦૦	–	૨૦૦.૦૦	૧૦ ૦૦૦.૦૦	
૧૨	અનિરુદ્ધનિધિ	–	–	–	–	–	
૧૩	પરબ ફાગળ ખરીદી, પોસ્ટેજ રવાનગી લેખકપુરસ્કાર તથા છપામણીખર્ચ	૬૫૦૦૦.૦૦	૧,૫૫,૧૦૮.૦૦	૯૦ ૧૦૮.૦૦	–	૧ ૧૦,૦૦૦.૦૦	

૧૪ સંસ્થાઓને તથા અન્ય કાર્યક્રમોખર્ચ	૧,૦૦,૦૦૦.૦૦	૧,૦૯,૩૦૧.૦૦	૯૩૦૧.૦૦	-	૧૨૦,૦૦૦.૦૦
૧૫ ટેલિફોન વપરાશખર્ચ	૧૨૦૦.૦૦	૨૧૫૦.૦૦	૧૦૫૦.૦૦	-	૨૫૦૦.૦૦
૧૬ પરિસંવાદ, કાર્યશાળા, શિબિર, કાર્યક્રમ, ગ્રંથગોષ્ઠિ, વિદ્યાર્થીઓને સાહિત્યાભિમુખ કરવા અંગેની પ્રવૃત્તિખર્ચ	-	-	-	-	૫૦,૦૦૦.૦૦
૧૭ અન્ય ખર્ચાઓ પોસ્ટેજ પ્રવાસ, પરામ-વપરાજ્ય કમિશન, ઇલેક્ટ્રિક રીપેરીંગ, સ્ટેશનરી, બિન્ડીંગ, પરચુરણ વ્યાખ્યાન-પુરસ્કાર, મધ્યસ્થ કારોબારી મિટિંગખર્ચ, નિર્ણાયક પુરસ્કારખર્ચ, ઇલેક્ટ્રિક બત્તીગ, ચોપડી, પરિસંવાદખર્ચ, માઇક-ઓપરેટીંગ, બિલ્ડીંગ-મકાનખર્ચ, ગ્રીટ ૫ ઓથર સત્કાર સમિતિ ખર્ચ, ગુજરાતી સાહિત્ય ઇતિહાસ ૫ ૬ ખર્ચ ફર્નિચર રીપેરીંગખર્ચ	૧૫૦,૦૦૦.૦૦	૧,૮૨,૯૪૦.૦૦	૪૨,૯૪૦.૦૦	-	૨,૦૦,૦૦૦.૦૦
	૫,૨૨,૨૦૦.૦૦	૬ ૮૧,૪૩૮.૦૦	૧,૬૬ ૨૬૦.૦૦	૭૦૨૯.૦૦	૫૯૯,૦૦૦.૦૦

કસ્તુરભાઈ લાલભાઈ સ્વાધ્યાય મંદિર ૧૯૮૮-૯૯

ગુજરાત સરકાર તરફથી મળેલ ગ્રાંટ રૂ ૮ ૫૧ ૧૨૩.૦૦ ઉપરાંત ગ્રાંટમાં ફક્ત પગારખર્ચની રકમ મળેલ છે
આ ઉપરાંત મળવાપાત્ર ગ્રાંટ નીચે જણાવેલાં શીર્ષક હેઠળ

૧ સ્ટેશનરીખર્ચ
૨ મકાન-વપરાશખર્ચ
૩ ટેલિફોનખર્ચ
૪ પટાવાળા યુનિફોર્મખર્ચ
૫ પરચુરણખર્ચ
૬ પોસ્ટેજખર્ચ
૭ ગ્રંથાલય પુસ્તક ખરીદી
૮ પુસ્તક બાઇન્ડીંગખર્ચ
૯ ઓફિસખર્ચ
૧૦ પ્રવાસખર્ચ

સરકારી ઓડિટર નિયમાનુસાર જે ખર્ચ માન્ય કરે તે અનુસાર ગ્રાંટમાં તેનો સમાવેશ કરવામાં આવશે.

શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર, અમદાવાદ-૩૮૦૦૦૮

ક્રમ	ખર્ચની વિગત	અંદાજ ૧૯૮૮-૮૯	વાસ્તવિક	અંદાજ કરતાં વધારે	અંદાજ કરતાં ઘટાડે	અંદાજ ૧૯૯૯-૨૦૦૦	નોંધ
૧	પગાર (મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું, મેડિકલ ભથ્થું, પ્રો. ફંડ-ગ્રેચ્યુઇટી)	૧૧૭૬,૮૩૭૦૦	૮૪૭૩૦૬.૦૦	–	૩૨૮૫૩૧.૦૦	૧૬,૦૦,૦૦૦૦૦	૧૦૦% ગ્રાંટને પાત્ર
૨	અન્ય ભથ્થાં–સ્ટેશનરી, ટેલિફોન, વીજળી, પોસ્ટેજ પ્રવાસ, મરમ્મત, ઓડિટ ફી, ઇન્શ્યોરન્સ, સર્વિસ ચાર્જ કમિશન, પગારણ પુનિફોર્મ, મીટિંગખર્ચ	૪૦,૦૦૦.૦૦	૨૪૪૮૮.૦૦	–	૧૫,૫૧૧.૦૦	૪૦,૦૦૦.૦૦	૧૦૦ % ગ્રાંટને પાત્ર મર્યાદા તથા મંજૂરીને આધિન
૩	શિબિરો, તથા પરિસંવાદખર્ચ	૧,૦૦૦.૦૦	–	–	૧,૦૦૦.૦૦	૧,૦૦૦.૦૦	
૪	પુસ્તક-સામયિક	૧,૦૦૦.૦૦	–	–	૧,૦૦૦.૦૦	૧,૦૦૦.૦૦	
૫	ફર્નિચર રીપેરીંગ	૫૦૦.૦૦	–	–	૫૦૦.૦૦	૫૦૦.૦૦	૧૦૦ % ગ્રાંટને પાત્ર
૬	ક.લા. ગ્રંથાલય સામયિક તથા પુસ્તકખરીદી	૨૫,૦૦૦.૦૦	૨૨૪૬૦.૦૦	–	૨૫૪૦.૦૦	૨૫,૦૦૦.૦૦	૧૦૦ % ગ્રાંટને પાત્ર
૭	મકાનવપરાશખર્ચ	૧૮,૭૪૬.૦૦	૧૮,૭૪૬.૦૦	–	–	૧૮,૭૪૬.૦૦	૧૦૦ % ગ્રાંટને પાત્ર
૮	મ્યુનિસિપલ ટેક્સ	૩,૦૦૦.૦૦	૩,૦૦૦.૦૦	–	–	૩૦૦૦.૦૦	યુ.સા.પ. સમગ્ર ભવનનો મ્યુ. ટેક્સ ભરે છે અને એના ૧૦ % પ્રમાણે હવાલો પાડવામાં આવે છે
૯	મુનિ. વ્યાખ્યાન તથા પુરસ્કાર	૧૦૦.૦૦	૭૫૧.૦૦	૨૫૧.૦૦	–	૧,૦૦૦.૦૦	૫૦ % ગ્રાંટ મળે છે
૧૦	પુસ્તક બક્ષીસખર્ચ	૧૦,૦૦૦.૦૦	૧૦૭૪૬.૦૦	૭૪૬.૦૦	–	૧૧,૦૦૦.૦૦	

૧૧ ડેસ્ટોક – ઘસારાખર્ચ	૩,૦૦૦.૦૦	૫,૯૪૫.૦૦	૨,૯૪૫.૦૦	–	૬,૦૦૦.૦૦	
૧૨ બોનસ, એલ.ટી.સી., લીવ એન્કેશમેન્ટ હોમટાઉન	૪૦,૦૦૦.૦૦	૩૬ ૫૯૯.૦૦	–	૩,૪૦૧.૦૦	૪૦,૦૦૦.૦૦	૧૦૦ % ગ્રાંટને પાત્ર
૧૩ જાહેરખબરખર્ચ	–	–	–	–	–	
૧૪ ઓફિસખર્ચ	૩૦૦.૦૦	–	–	૩૦૦.૦૦	૩૦૦.૦૦	૧૦૦ % ગ્રાંટને પાત્ર
૧૫ ગ્રંથાલય પુસ્તક બાઈડીંગખર્ચ	૫૦૦.૦૦	–	–	૫૦૦.૦૦	૫૦૦.૦૦	૧૦૦ % ગ્રાંટને પાત્ર
૧૬ ૯, ૧૮ ૨૭ ઉચ્ચતર પગારધોરણ (એરિયર્સ)		૨૫,૭૭૪.૦૦	૨૫,૭૭૪.૦૦	–	–	૧૦૦ % ગ્રાંટને પાત્ર
	૧૩,૨૧,૩૮૩.૦૦	૯,૯૬,૮૧૬.૦૦	૨૯,૭૧૬.૦૦	૩,૫૪ ૨૮૩.૦૦	૧૭,૪૯,૦૪૬.૦૦	

ચિમનલાલ મંગળદાસ ગ્રંથાલય ૧૯૯૮–૯૯ (૩૧-૩-૯૯ પૂરા થતા વર્ષ મુજબ)

૧	ગ્રાંટ ગુજરાત સરકાર દ્વારા મળતી નિભાવ ગ્રાન્ટ	૫૦૦૦૦.૦૦	
૨	વાર્ષિક સભ્ય ફી	૧૧૮૨૦.૦૦	→ રૂ ૨૫,૦૦૦ પગાર પેટે તથા રૂ ૨૫,૦૦૦ પુસ્તકખરીદી માટે કુલ રૂ ૫૦,૦૦૦ મેચિંગ ગ્રાંટ મળે છે એ મુજબ પરિષદ ૫૦,૦૦૦ + ૫૦,૦૦૦ સરકાર ખર્ચે છે
૩	અતિદેય	૭૧૨૫.૦૦	
૪	વ્યાજ આવક સેવિંગ્ઝ બેંક ખાતા પરનુ વ્યાજ	૨૮૦.૦૦	
૫	પરચુરણ આવક (પસ્તી વેચાણ)	૧,૭૩૫.૦૦	
	કુલ રૂપિયા	૭૧,૦૬૦.૦૦	

શ્રી ચિમનલાલ મંગળદાસ ગ્રંથાલય, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ક્રમ ખર્ચની વિગત	અંદાજ ૧૯૯૮-૯૯	વાસ્તવિક	અંદાજ કરતાં વધારો	અંદાજ કરતાં ઘટાડો	અંદાજ ૧૯૯૯-૨૦૦૦	નોંધ
૧ પગાર (પોંઘવારી ભથ્થુ, ઘરભાડા ભથ્થું સ્થાનિક વળતર ભથ્થુ, મેડિકલ, પ્રો. ફંડ ફાળો)	૩૧૫,૦૦૦.૦૦	૨,૩૧,૯૩૭.૦૦	-	૮૩,૦૬૩.૦૦	૪૩૫,૦૦૦.૦૦	પાંચમા પગાર પંચ નવા પગારને ધ્યાનમાં રાખીને
૨ બોનસ તથા લીવ એન્કેશમેન્ટ એલ.ટી.સી.	૧૨,૦૦૦.૦૦	૪૮૩૮.૦૦	-	૭૧૬૨.૦૦	૨૦,૦૦૦.૦૦	
૩ પુસ્તક ખરીદી	૫૦,૦૦૦.૦૦	૩૬ ૬૩૬.૦૦	-	૧૩ ૩૬૪.૦૦	૫૦,૦૦૦.૦૦	
૪ સામયિક ખરીદી	૧૦,૦૦૦.૦૦	૬૧૦૮.૦૦	-	૩૮૯૨.૦૦	૧૦,૦૦૦.૦૦	
૫ પુસ્તક બાઈંડીંગખર્ચ	૫,૦૦૦.૦૦	૧૫૦૦.૦૦	-	૩૫૦૦.૦૦	૩,૦૦૦.૦૦	
૬ ફર્નિચર રીપેરીંગ	-	-	-	-	-	
૭ ઓડિટ ફી	૧૨૫૦.૦૦	૧૫૦૦.૦૦	૨૫૦.૦૦	-	૧ ૫૦૦.૦૦	
૮ ફરચૂરણખર્ચ	૩૦૦૦.૦૦	૪૩૯૪.૦૦	૧૩૯૪.૦૦	-	૫,૦૦૦.૦૦	
૯ સ્ટેશનરી તથા છપામણીખર્ચ	૧૨,૦૦૦.૦૦	૩૯૫૯.૦૦	-	૮૦૪૧.૦૦	૧૦ ૦૦૦.૦૦	સ્ટોક હોવાને કારણે આ વર્ષે સ્ટેશનરી ઓછી છપાઈ છે આવતા વર્ષે વધારાની જરૂર પડશે.
૧૦ પોસ્ટેજ	૩૦૦.૦૦	૪૭૫.૦૦	૧૭૫.૦૦	-	૩૦૦.૦૦	
૧૧ પ્રવાસ	૩૦૦.૦૦	૨૫.૦૦	-	૨૭૫.૦૦	૩૦૦.૦૦	
૧૨ ગ્રંથાલય વિકાસ વિતરણખર્ચ (ગ્રંથવર્ગીકરણખર્ચ)	-	૮૫૫૦.૦૦	૮૫૫૦.૦૦	-	-	

૧૩ વીજળીખર્ચ	૨૦૦૦.૦૦	૨૫૪૫.૦૦	૫૪૫.૦૦	–	૩૦૦૦.૦૦	કુલ વીજળીખર્ચના ૨૫
૧૪ મ્યુનિસિપલ ટેક્સ	૧૦૦૦.૦૦	૭૫૦.૦૦	–	૨૫૦.૦૦	૧,૦૦૦.૦૦	ચો.મી.માં ફાળવાય છે કુલ મ્યુનિસિપલ ટેક્સના ૨૫% ચો.મી.માં ફાળવાય
૧૫ ટેલિફોનખર્ચ	–	–	–	–	–	
૧૬ દવા છંટવાનો ખર્ચ (પુસ્તક જાળવણી માટે)	–	–	–	–	–	
૧૭ ગ્રંથાલય સપ્તાહ ઉજવણીખર્ચ	૨૫૦૦.૦૦	૧૩૨૧.૦૦	–	૧૧૯૯.૦૦	૧,૫૦૦.૦૦	વાર્તા પુરસ્કારખર્ચ
૧૮ રેડસ્ટેક ઘસારાખર્ચ	૨૮૦૦૦.૦૦	૨૯૭૪.૦૦	૧૭૭૪.૦૦	–	૩૦,૦૦૦.૦૦	
૧૯ ૮, ૧૮ ૨૭ ઉચ્ચતર પગાર એરિયર્સ	–	૧૭૮૬.૦૦	૧૭૮૬.૦૦	–	–	
	૪૪૨,૩૫૦.૦૦	૩,૫૨,૧૧૮.૦૦	૩૦,૪૯૪.૦૦	૧,૨૦,૩૨૬.૦૦	૫૭,૬૦૦.૦૦	

મેઘાણી પ્રાંચણ તથા જ્ઞાનપીઠ

ક્રમ ખર્ચની વિગત	અંદાજ ૧૯૮૮ ૯૮	વાસ્તવિક	અંદાજ કરતાં વધારો	અંદાજ કરતાં ઘટાડો	અંદાજ ૧૯૯૯-૨૦૦૦	નોંધ
આવક						
વ્યાજની આવક-ફિક્સ ડિપોઝીટ પર વ્યાજ	૬ ૫૦,૦૦૦.૦૦	૬ ૫૦,૦૦૦.૦૦	–	–	૬ ૫૦,૦૦૦.૦૦	
ખર્ચ						
૧ વ્યાખ્યાન પુરસ્કારખર્ચ તથા વ્યાખ્યાતા પ્રવાસખર્ચ	૧૫,૦૦૦.૦૦	–	–	૧૫,૦૦૦.૦૦	૧૦,૦૦૦.૦૦	
૨ જાહેરખબરખર્ચ	૩,૦૦૦.૦૦	–	–	૩,૦૦૦.૦૦	૩,૦૦૦.૦૦	
૩ પરચૂરણખર્ચ	૧૫,૦૦૦.૦૦	૧૦૪૫૦.૦૦	–	૪૫૫૦.૦૦	૧૫,૦૦૦.૦૦	

RENOVISION
A GLOBAL BUSINESS PERSPECTIVE

A word you wont find in any dictionary.
We had to coin it.
It means a new way of looking at issues.
Of seeing more than the obvious.
It is our corporate philisophy.

Arvind

With best compliments
The Arvind Mills Ltd
Naroda Road Ahmedabad 380 025

Denim ✪ Cotton Shirtings ✪ Sarees
Dress Material ✪ Bottom Weights

STANDOSE MAFATLAL

Vol. 1999 5 *3



***Global presence with speciality pharmaceuticals & bulk actives**

***Bringing the benefits of better healthcare to thousands worldover**

SUN
PHARMACEUTICAL
INDUSTRIES LTD.
ACME PLAZA Andheri Kurla Road
Andheri (E) Mumbai 400 059 INDIA
Tel (91 22) 823 0102/839 7814
Fax (91 22) 821 2010
e mail sunmumb.spil sprintsmx ems vsnl net in

કવિ નર્મદ યુગાવર્ત ટ્રસ્ટ, સૂરત

૧૦/૮૩૬ સરસ્વતી મંદિર, નર્મદચકલો, આમલીરાન, સૂરત ૩૯૫ ૦૦૩

સમગ્ર નર્મદ સાહિત્ય

સંપાદક

રમેશ મ. શુકલ

પ્રકાશિત થઈ ગયું છે

નર્મનાટ્યો અને સવાદો

કિં રૂ ૧૬૦

[તુલજી-વૈધવ્યચિત્ર, કૃષ્ણાકુમારી, શ્રી રામજાનકીદર્શન, શ્રી દ્રૌપદીદર્શન, શ્રી બાલકૃષ્ણવિજય, સારશાકુન્તલ તથા સંવાદો ભિખારીદાસ-ગરીબાઈ, માણેકઠારી પુનેમ]

આ પહેલાં પ્રકાશિત

૧ નર્મકવિતા ખંડ ૧ (શૌર્યોદ્બોધન અને સ્વદેશાભિમાનની કવિતા)	કિં રૂ	૩૦
૨ નર્મકવિતા ખંડ ૨ (હિંદુઓની પડતી અને સંસારસુધારાની કવિતા)	કિં રૂ	૪૫
૩. નર્મકવિતા ખંડ ૩ (પ્રકૃતિ અને જ્ઞાનભક્તિવિષયક કવિતા)	કિં. રૂ	૪૫
૪ મારી હકીકત (મૂળ દુર્લભ પ્રત ઉપરથી, નર્મદની અપ્રગટ અંગત ડાયરી, પત્રાવલી વ. સાથે)	કિં રૂ	૮૫
૫. નર્મકવિતા ખંડ ૪ (રતિ અને પ્રીતિની કવિતા)	કિં. રૂ	૫૫
૬ નર્મકવિતા ખંડ ૫ (આખ્યાન અને કથાકાવ્યો)	કિં રૂ	૫૫
૭ નર્મકવિતા ખંડ ૬ (નીતિબોધ, વ્યક્તિવિશેષ, રાજભક્તિ અને વિવિધ વિષયોની પ્રકીર્ણ કવિતા)	કિં રૂ	૬૫
૮ નર્મગદ્ય ખંડ ૧ (ભાષાસાહિત્ય વિષયક નિબંધો, મહાપુરુષોનાં ચરિત્ર અને કથાસાર સહિત)	કિં રૂ	૧૫૫
૯. ડાંડિયો (નવજાગરણના મુખપત્રના કુલ ૬૩ અંકોનું અકબંધ સકલન)	કિં રૂ	૧૭૫
૧૦ નર્મગદ્ય ખંડ ૨ (સંસારસુધારો, સ્વદેશ, અને પ્રકીર્ણ વિષયોના નિબંધો)	કિં રૂ	૨૦૦
૧૧ રાજ્યરંગ (સપૂર્ણ)	કિં રૂ	૧૮૦
૧૨ નર્મકોશ (સપૂર્ણ)	કિં રૂ	૫૦૦
૧૩ ધર્મવિચાર (વિચારપરિવર્તનના નિબંધો, શ્રીમદ્ ભગવદ્ગીતાના ગદ્યાનુવાદની પ્રસ્તાવના અને 'બ્રાહ્મધર્મ'ના ગુજરાતી અનુવાદનું દુર્લભ નર્મદસંપાદન)	કિં રૂ	૧૨૦

ટ્રસ્ટીમડળ

ડૉ. જયન્ત પાઠક	શ્રી ભગવતીકુમાર શર્મા	મેયરશ્રી
ડૉ. રમેશ મ. શુકલ	શ્રી ચંદ્રકાંત પુરોહિત	અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ
ડૉ. રતન માર્શલ	શ્રી આઈ જે દેસાઈ	કમિશ્નરશ્રી, સૂ. મ્યુ કોર્પો.

મુખ્ય વિક્રેતા

સાહિત્યસકુલ, ચૌટાબજાર, સૂરત ૩૯૫ ૦૦૩

PARAB '99 May **Regd. No GAMC-306**
Licensed to post without prepayment **Licence No. 131**

Best Compliments From

HINDUSTAN INKS & RESINS LIMITED

Manufacturers of
Printing Inks – Synthetic Resins
Lamination Adhesives – Wire Enamels

Mitsu

Manufacturers of
Agro-chemicals
Agro-intermediates

2803-2, Third Phase G I D C VAPI (Gujarat)
✆ 02638-31593 30786 30782
Fax 02638-30781, 30788